# ૭.વિજય શાસ્ત્રીનું કૃતિવિવેચન

૭.૧ વિજય શાસ્ત્રીનો પરિચય

૭.૨ કાવ્યસંગ્રહ અને કાવ્યકૃતિઓનું વિવેચન

૭.૩ કાવ્યકૃતિઓનું વિવેચન (ગુજરાતી)

૭.૪ પ્રાદેશિક કાવ્યકૃતિઓ

૭.૫ વિદેશી કાવ્યકૃતિઓ

૭.૬ નવલકથા (ગુજરાતી)

૭.૭ પ્રાદેશિક નવલકથાનું વિવેચન

૭.૮ વિદેશી નવલકથા

૭.૯ વાર્તાસંગ્રહ : ગુજરાતી

૭.૧૦ ટૂંકીવાર્તાનું વિવેચન : ગુજરાતી

૭.૧૧ વિદેશી ટૂંકીવાર્તા નું વિવેચન

૭.૧૨ વિવેચન પુસ્તકો/વિવેચન લેખોનું વિવેચન

૭.૧૩ અન્ય સાહિત્ય સ્વરૂપનું વિવેચન

# ૭.વિજય શાસ્ત્રીનું કૃતિવિવેચન

## ૭.૧ વિજય શાસ્ત્રીનો પરિચય:

**નામ** : **વિજય શાસ્ત્રી**

**જન્મ તારીખ** : **૧૦/૦૮/૧૯૪૫**

**જન્મ સ્થળ** : **મુબંઇ**

**અભ્યાસ** : **એમ.એ., પીએચ.ડી.**

**વ્યવસાય** : **અધ્યાપક**

**સાહિત્યિક પ્રદાનઃ**

**વાર્તાસંગ્રહોઃ**

૧.મિસિસ શાહની એક બપોર : ૧૯૭૧

૨.અહી તો : ૧૯૭૩

૩. વિશ્વની પ્રતિનિધિ વાર્તાઓ : ૧૯૭૪

૪. હોવું એટલે હોવું : ૧૯૭૮

૫. ઇતરેતર : ૧૯૭૯

૬. ઇત્યાદિ : ૧૯૮૯

૭. અસારે ખલુ સંસારે : ૧૯૯૩

૮. શ્રવણની કાવડ : ૨૦૦૧

**નવલકથાઃ**

૧. હું અને હું : ૧૯૭૦

૨. એક હતો માણસ : ૧૯૭૦

**વિવેચનઃ**

૧. અત્રતત્ર : ૧૯૮૨

૨. ટૂંકીવાર્તા : ૧૯૮૪

૩. કથાપ્રત્યક્ષ : ૧૯૯૦

૪. કાવ્યરસ : ૧૯૯૩

૫. ચાર વાર્તાકારોઃ એક અભ્યાસઃ ૧૯૯૫

૬. તત્પુરુષ : ૧૯૯૭

૭. બાવનનો સઘળો વિસ્તાર : ૨૦૦૦

૮. ત્રેપનમો જાણ્યે પાર : ૨૦૦૨

૯ સામંજસ્ય : ૨૦૦૪

૧૦ સમવાય : ૨૦૦૬

૧૧ સાહિત્યિક વાચનો વિશે : ૨૦૧૧

૧૨ કૃતિગત : ૨૦૧૪

## ૭.૨ કાવ્યસંગ્રહ અને કાવ્યકૃતિઓનું વિવેચનઃ

### ૧ તથાપિ – સુરેશ જોષી :

સુરેશ જોષીકૃત કાવ્યસંગ્રહ ‘તથાપિ’ નું વિવેચન વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક ‘બાવનનો સઘળો વિસ્તાર’ માં કર્યું છે.

સુરેશ જોષીના ‘તથાપિ’ ના પુરોગામી સંગ્રહ ‘ઇત્તરા’ ના કાવ્યમાં રહેલી લયરચના, કાકુ, પ્રતીકયોજના ભાવકેન્દ્રો વગેરેની અસર આ સંગ્રહમાં પણ અનુભવાય છે. એવો અભિપ્રાય આપતાં વિજય શાસ્ત્રી જણાવે છે કે,

***“આદિમતા શૂન્યતા, અને ઉદ્દામ આવેગો પ્રત્યેની સુ[illegible]***

***જાણીતી ઘટના છે. છતાં તેમના તમામ તાજાં રૂપો  અહીં જોવા મળે છે.”[૧]***

ઉપરોક્ત બાબત વ્યક્ત કરતી ઉદાહરણરૂપ પંકિતઓ કાવ્યોમાંથી ઉદ્દ્ધૃત કરીણે વિજય શાસ્ત્રીએ મૂકી છે. ઉપરાંત કામૂના Outsider ના નાયક જેવી મનોસ્થિતિ ધરાવતો કાવ્યનાયક, સ્થળ કાળના પરિમાણોમાં ‘સ્વ’ નું મેટામોર્ફોસિસ અનુભવતો કાવ્યનાયક વગેરેના સંદર્ભોની ભાષા ‘જનાન્તિકે’ ના નિબંધોની લગોલગ પહોંચી જતી હોય એવું લાગે છે. એવો અભિપ્રાય આપીને વિજય શાસ્ત્રી આ સંગ્રહને સુરેશ જોષીનો યશસ્વી સંગ્રહ ગણાવે છે.

**૨. બે અક્ષર આનંદના – જયંત પાઠકઃ**

જયંત પાઠક કૃત કાવ્યસંગ્રહ ‘બે અક્ષર આનંદના’ નું વિવેચન વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક ‘બાવનનો સઘળો વિસ્તાર’ માં ‘આ સંસાર બડો અટપટો’ શીર્ષક હેઠળ કર્યું છે.

સંવેદનાનું સ્વરૂપ, કાવ્યબાની, ભાવપિંડ, અને આયોજનરીતિની દૃષ્ટિએ કવિના પુરોગામી સંગ્રહો કરતાં આ સંગ્રહ ભિન્ન મુદ્રા ઉપસાવે છે. તેની નોંધ લેતાં વિજય શાસ્ત્રી એમાં રહેલાં કાવ્યપદાર્થ અંગે જણાવે છે કે,

***“આ માનવચિત્તની દ્વિધાને કઇ કાવ્યરીતિએ તેમણે અભિવ્યક્ત કરી છે. તે તપાસવામાં જ ‘કાવ્ય’ પદાર્થને પમાય છે.”[૨]***

આ બાબતને પ્રતિબિંબિત કરતી કાવ્ય પંકિતઓને ઉદ્દ્ધૃત કરીને દર્શાવી આપી છે.

## ૩. તૃણનો ગ્રહ - ઉશનસ્:

ઉશનસ્કૃત કાવ્યસંગ્રહ 'તૃણનો ગ્રહ' ના ૩૭ કાવ્યોનું વિવેચન વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક 'બાવનનો સઘળો વિસ્તાર' માં કર્યું છે.

સોનેટ પ્રકારના કાવ્યમાં કવિની ભાવાભિવ્યક્તિની ફાવટ, તેમજ છંદપ્રયોજનમાં રહેલી સંગતતા વગેરેની વિજય શાસ્ત્રી નોંધ લે છે. જ્યારે ગીતસ્વરૂપની રચનાઓમાં 'દીવાપણું', 'ચિત્રદર્શન', 'પ્રભાત' જેવી રચનામાં રહેલું વિશ્વચૈતન્ય તેમજ વસંત વિષયક કાવ્યોમાં રહેલી ઋતુના ગતિશીલ રૂપોની ચિત્રાત્મકતા વગેરેને બિરદાવે છે.

## ૪. હસુમતી અને બીજા - મનહર મોદીઃ

મનહર મોદીકૃત કાવ્યસંગ્રહ 'હસુમતી અને બીજા' વિશે વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક 'બાવનનો સઘળો વિસ્તાર' માં વિવેચન કર્યું છે.

આ સંગ્રહની રચનાઓ અંગે વાત કરતાં વિજય શાસ્ત્રી જણાવે છે કે, કવિની રચનાઓમાં પૂર્વવિભાવના સાથે પ્રવેશવું યોગ્ય નથી. આ રચનામાં કવિએ ગંભીર પણે ગંભીર ન રહેવાનો પ્રયત્ન કરીને નિર્ભ્રાન્તિ, નોસ્ટેલ્જિયા, સંતાપ અને આક્રોશને એક ચોક્કસ Tone થી વિશિષ્ટ મુદ્રા સર્જી છે. આ બાબતને દર્શાવતી કાવ્યપંક્તિઓની ચર્ચા કરી આ કવિતાને વિજય શાસ્ત્રી આધુનિક મુદ્રાની કવિતા ગણાવે છે.

## ૫. કલ્કિ - જયેન્દ્ર શેખડીવાળાઃ

જયેન્દ્ર શેખડીવાળાકૃત કાવ્યસંગ્રહ 'કલ્કિ'નું વિવેચન વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક 'બાવનનો સઘળો વિસ્તાર' માં કર્યું છે.

સમગ્ર કાવ્યસંગ્રહમાં કવિએ પ્રયોજેલી તત્સમ્ અને અને તળપદી બંને કાવ્યબાનીનો કરેલો વિનિયોગ તેમજ શબ્દની સહજ સૂઝ અને અર્થસમર્પક શબ્દાવલિની કાવ્યપંક્તિઓના ઉદાહરણ સાથે નોંધ લેતા વિજય શાસ્ત્રી જણાવે છે કે,

*“સાવ અંગત એવી અનુભૂતિઓના જાગતિક સંદર્ભો સાથે સમ વિષય ટકરાવ અને તું[redacted]ેનું આલેખન જયેન્દ્રની રચનાઓનો બળવાન અંશ છે.”[૩]*

### ૬. મોનાલીસા - સોનલ દેસાઇઃ

સોનલ દેસાઇકૃત કાવ્યસંગ્રહ ‘મોનાલીસા’ નું વિવેચન વિજય શાસ્ત્રીએ એ[redacted] માં “પારંપરિક ઢાંચામાં સ્વકીય સંવેદના” શીર્ષક હેઠળ કર્યું છે.

વિજય શાસ્ત્રીના મતે કવયિત્રીમાં મુગ્ધતા અને વિદગ્ધતા બંનેનો સમન્વય થયો હોવાથી રચનાઓ સાંપ્રત બનતાં ઊગરી ગઇ છે. આ બાબતની સોદાહરણ ચર્ચા કરીને મોટાભાગના કાવ્યમાં[redacted]ત્યેનો તીવ્ર આક્રોશ કવિતામાં કેવી શબ્દાવલિઓ દ્વારા પ્રગટાવ્યો છે તે દર્શાવી આપ્યું છે.

### ૭. સૂર્યો જ સૂર્યો - સંસ્કૃતિરાણી દેસાઇઃ

સંસ્કૃતિરાણી દેસાઇકૃત કાવ્યસંગ્રહ ‘સૂર્યો જ સૂર્યો’ નું વિવેચન વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક ‘બાવનનો સઘળો વિસ્તાર’ માં ‘મથામણો અને પરિણામો’ શીર્ષક હેઠળ કર્યું છે.

સૂર્ય વિશેની કવયિત્રીની જુદી-જુદી કલ્પનાઓના વિષયવસ્તુને કેન્દ્રમાં રાખીને રચાયેલાં સૂર્યવિષયક કાવ્યોમાં સૂર્યની આદિમતા બાળકાવ્યોની કલ્પનાના કૌટુંબિક સૂરજદાદા, તેમજ પ્રકૃતિમાં ગતિમય ચિત્રો[redacted] કાવ્યપદાર્થમાં ગોઠવી આપ્યા છે. તેની નોંધ વિજય શાસ્ત્રીએ અત્રે લીધી છે.

## ૮. દાખલા તરીકે તું - દિલીપ મોદીઃ

દિલીપ મોદીકૃત કાવ્યસંગ્રહ ‘દાખલા તરીકે તું’ નું વિવેચન વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક ‘બાવનનો સઘળો વિસ્તાર’ માં ‘ચિત્રાત્મક સંવેદનો’ શીર્ષક હેઠળ કર્યું છે.

અત્રે વિજય શાસ્ત્રીએ કવિની રચનાઓમાંથી કાવ્યપંક્તિઓને ઉદ્‌ધૃત કરીને એમાં રહેલી અભિવ્યક્તિની સરળતામાં છુપાયેલાં સંવેદનના ઊંડાણને કવિ એ સમુચિત રીતે તાગ્યું છે. તેની સદ્દષ્ટાંત નોંધ લીધી છે.

## ૯. શબ્દે કોર્યા શિલ્પ - ભાનુપ્રસાદ પંડયાઃ

ભાનુપ્રસાદ પંડયાકૃત કાવ્યસંગ્રહ ‘શબ્દે કોર્યા શિલ્પ’ નું વિવેચન વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક ‘સામંજસ્ય’ માં “કાવ્યના શિલ્પો” શીર્ષક હેઠળ કર્યું છે.

ગુજરાતી સાહિત્યમાં સોનેટનું સ્થાન, એમાં પ્રદાન કરનારા કવિઓ વિશે આછી રૂપરેખા આપી ભાનુપ્રસાદ પંડયાના સોનેટમાં નિરૂપણ પામતાં વિષયો જેવા કે, પ્રકૃતિ, વ્યક્તિત્વ રૂપાંતર, અતીતરાગ, દામ્પત્ય, અધ્યાત્મિકતા, વૃદ્ધાવસ્થા, મૈત્રી, નગર કવિતા અને એ તમામ પ્રત્યેની કવિદ્રષ્ટિ તેમજ નજાકતથી થતું નવ્ય નિરૂપણ વગેરેની વિજય શાસ્ત્રીએ અત્રે પ્રસંશાપૂર્વક નોંધ લીધી છે.

## ૧૦. મનહર અને મોદી - મનહર મોદીઃ

મનહર મોદી કૃત ગઝલસંગ્રહ ‘મનહર અને મોદી’ નું વિવેચન વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક ‘સામંજસ્ય’ માં વિ-લક્ષણતાથી સ્પર્શતી રચનાઓ શીર્ષક હેઠળ કર્યું છે.

પ્રસ્તુત સંગ્રહમાં પ્રગટ થતી કવિ ગઝલકાર, તરીકેની મનહર મોદીની લાક્ષણિકતાઓ, ભાષાપ્રયોગો, અ-રૂઢાના, પરંપરાભંજકતા, વિડંબનાઓ તો અખો અને

ભોજાના મધ્યકાલીન સંદર્ભોનો સાંપ્રતમાં વિનિયોગ વગેરેની પ્રસ્તુત સંગ્રહમાંથી કાવ્યપંક્તિઓ ઉદ્ધૃત કરીને સંક્ષિપ્ત ચર્ચા કરી છે.

## ૭.૩ કાવ્યકૃતિઓનું વિવેચન (ગુજરાતી)

### ૧. એક વાર્તા – રાવજી પટેલઃ

સ્વ. રાવજી પટેલકૃત કાવ્ય 'એક વાર્તા' નું [illegible] વિવેચનપુસ્તક 'કાવ્યરસ' માં કર્યું છે.

ગતજીવનમાં વિષાદ સાથે જ પ્રાપ્તનો ઉલ્લાસ આ રચનામાં કવિએ કેવી રીતે ગુંથી બતાવ્યો છે. એ વિષયક સંક્ષિપ્ત ચર્ચા અત્રે વિજય શાસ્ત્રીએ કરી છે.

### ૨. કાટિયા વરણની હરખઘેલીનું ગીત – હરબન્સ પટેલઃ

હરબન્સ પટેલકૃત કાવ્યરચના 'કાટિયા વરણની હરખઘેલીનું ગીત' નું વિવેચન વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક 'કાવ્યરસ' માં કર્યું છે.

હરખઘેલી અને કાટિયા વરણની એ શબ્દોની સૂચકતા, એની ખુમારી, મિજાજ અને જિંદગી જીવવાનું ઝૂનુન તેમજ કોકના કોકના કાગળ પર તોલમાપનાં કાટલાં ઝંખ્યા વિના ઓવારી જવાની સમર્પણવૃતિ વગેરેની વિજય શાસ્ત્રીએ પ્રસ્તુત વિવેચન લેખમાં ચર્ચા કરી છે.

### ૩. કંઈ ખબર પડી – વીરુ પુરોહિતઃ

વીરુ પુરોહિતકૃત કાવ્યરચના 'કંઇ ખબર પડી' નું વિવેચન વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક 'કાવ્યરસ' માં કર્યું છે.

જડબેસલાક ચોકઠાઓ અને કોષ્ટકોમાં [illegible] પેલે પાર વ્યાખ્યામાં ન આપી શકે એવું રંગબેરંગી પરપોટાઓને માણવાનું સુખ પણ રહેલું

છે. એવા સૂરને વ્યંજિત કરવામાં કવિનું ભાષાકર્મ કેટલું સફળ રહ્યું છે. એ અંગે વિજય શાસ્ત્રીએ ચર્ચા કરી છે.

**૪. ફીણ ઝાઝાને – મનુભાઇ ત્રિવેદી 'સરોદ':**

મનુભાઇ ત્રિવેદી 'સરોદ' કૃત કાવ્યરચના 'ફીણ ઝાઝાને' નું વિવેચન વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક 'કાવ્યરસ' માં કર્યું છે.

ફીણ વધારે અને નીર ઓછા હોય ત્યારે નાવડી ખરાબે ચડી જતી હોય છે. તે દર્શાવતી ધ્રુવપંક્તિ દ્વારા બાહ્ય દેખાવ માત્રથી અંજાઇ જનારા માનવસમાજની ઓછા સત્વ અને વધારે દંભની વૃતિ પર કવિએ કટાક્ષ કર્યો છે. તેમજ ઊંડું તત્વચિંતન તળપદા શબ્દોનો ઉપયોગ કરી એકદમ સાહજિકતાથી કાવ્યસ્વરૂપમાં ઊતારી આપ્યું છે. એ અંગે વિજય શાસ્ત્રીએ પ્રસ્તુત વિવેચનલેખમાં ચર્ચા કરી છે.

**૫. એક લગ્નનું ગીત – માધવ રામાનુજ:**

માધવ રામાનુજકૃત કાવ્યરચના 'એક લગ્નનું ગીત' નું વિવેચન વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક 'કાવ્યરસ' માં કર્યું છે.

પ્રસ્તુત ગીતરચનામાં લગ્નનો માહોલ, મા-બાપની ચિંતા, કન્યાનો ઉમંગ, વિદાયનું દુઃખ, સગાસંબંધીની પ્રસંગનિમિતે સારી-નરસી ભૂમિકા, સમગ્ર કોલાહલ વચ્ચે વરવધૂના નયનનું થતું અનુસંધાન વગેરેને આલેખવાની કવિની કલાત્મકતા વિશે વિજય શાસ્ત્રીએ અત્રે ચર્ચા કરી છે.

**૬. વિખૂટું – જયંત પાઠક:**

જયંત પાઠકકૃત કાવ્યરચના 'વિખૂટું'નું વિવેચન વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક 'કાવ્યરસ' માં કર્યું છે.

ધિક્કારના મૂળમાં રહેલાં આત્યંતિક પ્રે[illegible] -મિલન, ભાવ-અભાવ, સ્નેહ નફરત ના મનોભાવો વચ્ચે ફંગોળાતી નિરૂપણ કરવામાં કવિની સૂક્ષ્મતા અને સફળતા વિશે વિજય શાસ્ત્રીએ પ્રસ્તુત લેખમાં ચર્ચા કરી છે.

### ૭. ક્હાન હવે – જયંત પાઠકઃ

જયંત પાઠકકૃત કાવ્યરચના 'ક્હાન હવે' નું વિવેચન વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક 'કાવ્યરસ' માં કર્યું છે.

ક્હાન વગર અત્યંત માનસિક યાતનામાંથી પસાર થયા બાદ હવે એ વ્યવહારિક જગતમાં પોતાના સંવેદનોને દબાવીને જીવતા શીખી ગઇ છે. એવો ઉપાલંભ તેમજ વિપ્રલંભ શૃંગારનું નિરૂપણ કવિએ ગોપીના સ્ત્રૈણ ભાવો દ્વારા કાવ્યસ્વરૂપે કુશળતાપૂર્વક રીતે વ્યક્ત કર્યું છે. એ અંગે વિજય શાસ્ત્રીએ અત્રે ચર્ચા  કરી છે.

### ૮. કાચા કાચા આંસુ – ઉશનસ્

ઉશનસ્કૃત કાવ્યરચના 'કાચા કાચા આંસુ' નું વિવેચન વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક 'કાવ્યરસ' માં કર્યું છે.

સંવેદન વિશ્વનું જડતામાં રૂપાંતર થઇ જાય એ હદે આપણી વ્યવહારુતા માનવીય સંબંધો પર હાવી થઇ ગઇ છે. કે જ્યાં રડવું એ પણ નાદાનિયત ગણાય એવા ભાવને વ્યક્ત કરતી રચનાને પ્રસ્તુત લેખમાં વિજય શાસ્ત્રીએ સંવેદનકોશોના ભાવિ મૃત્યુ પરત્વેની આગોતરી કરુણપ્રશિસ્ત ગણાવી છે.

### ૯. દીવાનખાનામાં – પન્ના નાયકઃ

પન્ના નાયકકૃત કાવ્યરચના 'દીવાનખાનામાં' નો આસ્વાદ વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક 'કાવ્યરસ' માં કરાવ્યો છે.

દમામદાર દીવાનખાનામાં મોંઘીઘાટ વસ્તુઓ ગોઠવ્યા પછી 'જાતને ક્યાં ગોઠવવી ?' એવા નાયિકાની મનની મુંઝવણમાં અસ્તિત્વ વિષયક સભાનતાના રહેલાં સૂર અંગે વિજય શાસ્ત્રીએ પ્રસ્તુત લેખમાં સંક્ષિપ્તમાં ચર્ચા કરી છે.

**૧૦. યાદ છે – સુરેશ દલાલ:**

સુરેશ દલાલકૃત કાવ્યરચના 'યાદ છે' નો આસ્વાદ વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક 'કાવ્યરસ' માં કરાવ્યો છે.

શ્યામને ડિસ્કોમાં, જિન્સમાં, નવીનક્કોર ગોપીઓ સાથે ગાનતાભરી ક્લબમાં, નાચતા જોયાનું યાદ એવા કટાક્ષના કાકુમાં નિરૂપાયેલું આ કાવ્ય સમકાલીન સાંસ્કૃતિક ગતિવિધિ અને આધુનિક વિગતોના મિશ્રણથી ચોટદાર બન્યું છે. એ વિશે વિજય શાસ્ત્રીએ પ્રસ્તુત લેખમાં ચર્ચા કરી છે.

**૧૧. મુંબઇ નગરી – રતિલાલ અનિલ:**

રતિલાલ અનિલકૃત મુક્તક 'મુંબઇ નગરી' નું વિવેચન વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક 'કાવ્યરસ' માં કરાવ્યો છે.

પ્રસ્તુત મુક્તકમાં કવિ વાતનો આરંભ મુંબઇની ભૌગોલિક-આર્થિક અને સામાજિક દશાથી શરૂ કરી અંતમાં એમાં વસતાં માનવીઓની સદ્‌વૃતિ અને અસદ્‌વૃતિના વિભાગોની વ્યંજના દ્વારા ચોટદાર અંત આપે છે. એની અસરકારકતા વિશે વિજય શાસ્ત્રીએ ચર્ચા કરી છે.

**૧૨. આમ કેમ ?:**

યોસેફ મેકવાનકૃત કાવ્યરચના 'આમ કેમ?' નું વિવેચન વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક 'કાવ્યરસ' માં કર્યું છે.

આટલા મોટાં વિશ્વમાં અમુક વિચાર વ્યક્તિ કે સ્પર્શ જ કેમ અસર કરી જાય છે? ચેતનાના આવા તત્વગંભીર વિષયને કવિએ સરળતાપૂર્વક કાવ્યસ્વરૂપે અભિવ્યક્ત કર્યો છે. એ અંગે વિજય શાસ્ત્રીએ અત્રે ચર્ચા કરી છે.

### ૧૩. બાનો ફોટોગ્રાફ - સુંદરમ્:

સુંદરમ્કૃત કાવ્યરચના 'બાનો ફોટોગ્રાફ' નો આસ્વાદ વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક 'કાવ્યરસ' માં કર્યું છે.

બા બે ફોટોગ્રાફ પડાવવા લઇ ગયા ત્યાં ફોટોગ્રાફરે સ્મિત કરવાનું સૂચન કર્યું એ સમયે કવિચિતમાં થયેલું સંવેદન, નજર સમક્ષ તરવરેલો બા નો દુઃખભર્યું [illegible] બાની આંખમાં આંસુનું આવવું, અને ફોટોગ્રાફરને પ્લેટ બગડયાનો અફસોસ થયો જ્યારે કવિને બા ની જિંદગી બગડયાનો અહેસાસ થવો એવા ઘટનાક્રમને આલેખતાં આ કાવ્યમાં થતાં ક્રમશઃ ભાવવિકાસ અને અંતમાં સંધાતી સંવેદનની પરાકાષ્ઠા વિશે વિજય શાસ્ત્રીએ પ્રસ્તુત લેખમાં ચર્ચા કરી છે.

## ૭.૪ પ્રાદેશિક કાવ્યકૃતિઓ

### ૧. લોહીનો સ્વાદ - સુદામા પાંડેય (હિન્દી):

સુદામા પાંડેયની કાવ્યરચના 'લોહીનો સ્વાદ' નું વિવેચન વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક 'કાવ્યરસ' માં કર્યું છે.

લોહીનો સ્વાદ એ લુહાર નથી જાણતો પણ મો માં લગામ રાખીને પીડા સહન કરતો અશ્વ જાણે છે. છતાંયે લુહારોની અનધિકૃત ચેષ્ટાઓનો પાર નથી આવતો એવા વ્યંગ્ય ને નિરૂપતી આ રચના વિશે વિજય શાસ્ત્રીએ અત્રે ચર્ચા કરી છે.

### ૨. સમજાતું નથી - પ્રભા ગણોરકર (મરાઠી):

પ્રભા ગણોરકરકૃત કાવ્યરચના 'સમજાતું નથી' નું વિવેચન વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક 'કાવ્યરસ' માં કરાવ્યો છે.

માનવી પોતે મૂંઝવણમાં છે. તો એના પથદર્શકો પણ મૂંઝવણમાં છે. કયાં જવું તે માનવીની જેમ એના પથદર્શકોને પણ સૂઝતું નથી એવો કેન્દ્રવર્તી વિચાર ધરાવતી આ રચના અંગે વિજય શાસ્ત્રી જણાવે છે કે,

> ***"આમ જીવન, ઘટના, ક્ષણો, અનુભૂતિઓ અનો[illegible] સંકુલતા એ જ કદાચ જીવનયાત્રાનો વ્યાવર્તક વિશેષ હોવાની પ્રતીતિ આ રચના કરાવે છે."*** [૪]

### ૩. સાહેબને જાણ થાય કે - અમીત ચક્રવર્તી:

બંગાળી કવિ અમીત ચક્રવર્તીકૃત કાવ્યરચનાનો આસ્વાદ વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક 'કાવ્યરસ' માં કરાવ્યો છે.

કવિની રચના એક નિર્વાસિત કારકુનની એકાકિત છે. કારકુનને નોકરીમાંથી રૂખસદ આપવામાં આવે તો તે નિરાધાર બની જવો જોઇએ પરંતુ અહીં ખુમારીવાળો કારકુન પોતાની પાસે રહેલી અખૂટ કુદરતી સંપતિ અને સ્વજનનોની સગારૂપી સંપતિની યાદી આપીને પોતાની આંતરિક સમૃદ્ધિની ઓળખ આપે છે એ અંગે વિજય શાસ્ત્રીએ ચર્ચા કરી છે.

### ૪. મનુષ્યની વ્યથા હું પામી ગયો છું. - જીવનાનન્દ દાસ:

બંગાળી કવિ જીવનાનન્દ દાસ અને ભોળાભાઇ પટેલ દ્વારા અનુવાદિત કાવ્યરચના મનુષ્યની વ્યથા હું પામી ગયો છું નું વિવેચન વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક 'કાવ્યરસ' માં કરાવ્યો છે.

ઉપરોક્ત રચનામાં કવિએ પોતાના પ્રાકૃતિક પરિવેશની ઝીણી-ઝીણી વિગતોનું સુરેખ પણે ચિત્રાંકન કરાવે છે. તેની નોંધ અત્રે વિજય શાસ્ત્રીએ લીધી છે.

**૫. મેં જોયું છે. - રવીન્દ્રનાથ ટાગોરઃ**

રવીન્દ્રનાથ ટાગોરકૃત 'મેં જોયું છે' કાવ્યનું વિવેચન વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક 'કાવ્યરસ' માં કરાવ્યો છે.

આ એક પ્રતિયુદ્ધ કાવ્ય છે. સાચો કવિ હિંસા અને યુદ્ધનો વિરોધી હોય છે. એ સૂરને ઉપરોક્ત કાવ્યમાંથી તારવવાનો વિજય શાસ્ત્રીએ પ્રયાસ કર્યો છે.

**૬. આજની પરીકથા – મેનકા શિવદાસાનીઃ**

મેનકા શિવદાસાનીકૃત 'આજની પરીકથા' કાવ્ય નું વિવેચન વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક 'કાવ્યરસ' માં કરાવ્યો છે.

લગ્ન, ગૃહ, સમાજ, વ્યવસ્થા, પતિ, સતી, નીતિ, નિયમો ઇત્યાદિથી ગુંથાયેલી હોવા છતાં નાયિકાની એમાંથી છૂટવાની પ્રબળ ઝંખના કેટલી તીવ્ર છે તે માટે કવયિત્રી પ્રયોજેલા રૂપકો અને પ્રતીકોની તેમજ કાવ્યના મુખ્ય સૂર 'સ્વાતંત્ર્ય' ની ચર્ચા વિજય શાસ્ત્રીએ અત્રે કરી છે.

## ૭.૫ વિદેશી કાવ્યકૃતિઓ

**૧. કવિનું મૃત્યુ – રેઇનર મારિયા રિલ્કે (અમેરિકન કવિ)ઃ**

રેઇનર મારિયા રિલ્કેકૃત કાવ્યરચના 'ધ પોએટ્સ ડેથ' નો અનુવાદ તેમજ વિવેચન વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક 'કાવ્યરસ'માં ગ્રેં[illegible]

કવિના મૃત્યુ બાદ મૃતદેહોનું વર્ણન, એમાં પ્રતીકો, સંદર્ભો જોડીને કવિએ ચિત્રાત્મક રીતે કર્યું છે. તેની વાત વિજય શાસ્ત્રીએ અત્રે કરી છે. એમનાં જ શબ્દોમાં જોઇએ તો,

***"સડેલાં ખુલ્લાં ફળ અને મૃતકવિની ચૈતન્યહીન ચહેરાંની સહોપસ્થિતિ ચિત્રાત્મકતાનો અનુભવ કરાવે છે. કરુણના એકેય પ્રચલિત વિભાવોની મદદ વગર નિર્લેપ તટસ્થતાના કાકુમાં ઉચ્ચારાતો હોવા છતાં પ્રત્યેક શબ્દ ગૂઢ અને દાહાત્મક તથ્યનો સાક્ષાત્કાર કરાવે છે. એમાં જ રચનાનો વિશેષ રહેલો છે."[૫]***

**૨. હું ફરી પાછો આવીશ - પાબ્લો નેરૂદાઃ**

પાબ્લો નેરૂદાના કાવ્યસંગ્રહ 'સ્પેન્સ ઓફ ચીલી' માંથી ઉદ્‌ધૃત કરવામાં આવેલ ઉપરોક્ત કાવ્યનો અનુવાદ અને વિવેચન વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક 'કાવ્યરસ' માં કર્યું છે.

કવિ પોતાના ફરી પાછા મળવાની વાત કરે છે. એ સરનામું ભૌતિક નથી. પણ કાવ્યમય છે. કવિની ફરી પાછા મળવાની સંભાવના જલના અણુમાં, ઉછળતાં પ્રકાશમાં, હીરામાં કે પથ્થરમાં રહેલી છે. આ સંભાવના વ્યક્ત કરવાની કવિની આવેગમય અભિવ્યક્તિ અને પ્રાકૃતિક સંદર્ભની વિજય શાસ્ત્રીએ અત્રે નોંધ લીધી છે.

**૩. વાતો - એવજેની એવતુરોન્કો (રશિયન):**

એવજેની એવતુરોન્કોકૃત કાવ્યરચના 'વાતો' નો અનુવાદ તેમજ વિવેચન વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક 'કાવ્યરસ' માં ગંથસ્થ કરેલ છે.

કાવ્યમાં કવિ કહે છે કે 'મને બહાદુર ગણશો નહી' કેમ કે, મેં સહજતાથી એક મનુષ્ય તરીકે કરવાનું હોય એવું જ કર્મ કર્યું છે. કોઇ વિશેષ કાર્ય કર્યું નથી ના વિચારને કાવ્યસ્વરૂપે અભિવ્યક્તિ કરીને માનવમૂલ્યો વિશેના વિચારો અંગે પોતાનું ચિંતન પણ વિજય શાસ્ત્રીએ અત્રે રજૂ કર્યું છે.

## ૪. ત્યાં સુધી - વોલ્ટ વ્હિટમેનઃ

વોલ્ટ વ્હિટમેનકૃત કાવ્યરચના ‘ત્યાં સુધી’નું વિવેચન વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક ‘કાવ્યરસ’ માં ગ્રંથસ્થ કરેલ છે.

જ્યોતિષવિદ્‌ને સાંભળ્યા પછી કવિ મનમાં ઉઠતાં તીવ્ર સંવેદન ‘રહસ્યને ચૂંથવા કરતાં માણવું કેવી રીતે’ કાવ્યસ્વરૂપમાં ગુંથી લે છે. એનો અત્રે વિજય શાસ્ત્રીએ નિર્દેશ કર્યો છે.

## ૫. વતન પાછા ફરતા - ચાંગ ફાંગ શ્યેંગ (ચીની કવિતા):

ચાંગ ફાંગ શ્યેંગકૃત કાવ્યરચના ‘વતન પાછા ફરતાં’ નું વિવેચન વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક ‘કાવ્યરસ’ માં ગ્રંથસ્થ કરેલ છે.

વતન પાછાં[illegible] વાસીના નિરાંતભાવનો રણકો પ્રગટ કરતી આ રચનામાં જે ચાલતો રહે છે. તેને અનેક નવી શક્યતા મળે છે. એવા ભાવને કાવ્ય દ્વારા પ્રગટ કરવાની કવિની ભાવાત્મક વાચકતા અંગે વિજય શાસ્ત્રીએ અત્રે ચર્ચા કરી છે.

## ૬. ચીજો - ઈરી વાલ્કેર:

ઈરી વાલ્કેરકૃત ‘ચીજો’કાવ્યનો અનુવાદ તે[illegible]

એમના વિવેચનપુસ્તક ‘કાવ્યરસ’ માં ગ્રંથસ્થ કરેલ છે.

મૂંગી ગણાતી ઘણી નિર્જીવ ચીજો સાથે આપણાં હૃદયના અને જીવનના અનેક ભાવતંતુઓ વણાયેલા હોય છે. એવા કેન્દ્રવર્તી વિચારોને વ્યક્ત કરતાં આ કાવ્ય અંગે વિજય શાસ્ત્રી જણાવે છે કે,

***“ખૂબી એ છે કે માનવજીવનનું એક હોવા છતાં ઊંડું રહસ્ય કૃતિમાં દર્શાવાયું હોવા છતાં કૃતિની ભાષા, કાકૂ યા અન્ય રચના અંગે પર તેનો લેશમાત્ર***

***બોજ વર્તા તો નથી આલેખમાં સરળ હોવા છતાં દર્શનમાં ગંભીર બનતી આ રચના સરળતા પણ સત્યને અવિરોધી હોઈ શકે છે. એની સુખદ પ્રતીતિ કરાવે છે.”[૬]***

**૭. મારી પેઢી – માર્ટિન ઓલવુડઃ**

માર્ટિન ઓલવુડકૃત કાવ્યરચનાનું વિવેચન વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક ‘કાવ્યરસ’ માં ગ્રં

નવી પેઢીની સુખ સમૃદ્ધિ પાછળ રહેલી વરવી વાસ્તાવિકતાના કેન્દ્રવિચાર ને કેન્દ્રમાં રાખીને રચાયેલી આ રચનાના વિવેચનમાં વિજય શાસ્ત્રીએ ઓશો રજનીશની ફિલસૂફીને ટાંકી કાવ્યાસ્વાદ કરાવ્યો છે.

**૮. ચીની કવિતા – પો. ચૂ. ઇ.:**

ચીની કવિ પો.ચૂ.ઇ.ની એક કવિતાનો આસ્વાદ વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક ‘કાવ્યરસ’ માં ગ્રંથસ્થ કરેલ છે.

પિતાની પદવીએ પહોંચેલો માણસ સ્વનિરીક્ષણ કરતાં વિચારે છે કે એની પાસે પોતાના સંતાનને આપવા કશું જ વિશિષ્ટ નથી એવાં સંવેદનને કેન્દ્રબિંદુ બનાવતી આ રચના અંગે વિજય શાસ્ત્રી જણાવે છે કે,

***“જીવનનું જે નક્કર યથાર્થ છે તેના સાક્ષાત્કાર વડે જે જીવનની સમગ્રતાને પામવાની કોશિષ કરતી આ રચનાની સાદાઈ છીછરાપણું ઊપસાવતી નથી”[૭]***

**૯. રુચિભિન્નતા – વ્લાદિમીર માયકોવ્સ્કી**

વ્લાદિમીર માયકોવ્સ્કીકૃત કાવ્યરચનાનું વિવેચન વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક ‘કાવ્યરસ’ માં ગ્રં

પ્રસ્તુત કાવ્યમાં કવિએ આપણી રુચિ આપણા અંગત અભિનિવેશો તથા ગમા/અણગમાંથી બહુ દૂર જતી નથી, આને લીધે આપણે ન સરખાવવા જેવી બાબતોની પણ સરખામણી કરતાં રહેતાં હોઇએ છીએ તે ઘોડા અને ઊંટના દ્રષ્ટાંત દ્વારા કે વી રીતે સમજાવ્યું છે તેની ચર્ચા અત્રે વિજય શાસ્ત્રીએ કરી છે.

## ૧૦. સદ્ભાગ્યે – રેમન્ડ સોસ્ટર

રેમન્ડ સોસ્ટરકૃત કાવ્યરચના ‘સદ્ભાગ્યે’ નો અનુવાદ તેમજ વિવેચન વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક ‘કાવ્યરસ’ માં ગ્ંથસ્થ કરેલ છે.

ઉપરોક્ત કાવ્યમાં કવિએ કાવ્યસ્વરૂપે વ્યક્ત કરેલ વિચાર કે ચમત્કારને કશા કારણ વગર જે સ્વાભાવિક છે, સહજ છે તેમાં જ સુખ માની હૃદયને ગાતું રાખી શકાય તે જ સાચું જીવન છે. એ વિષયક સંક્ષિપ્ત ચર્ચા કરી છે.

## ૧૧. યુદ્ધની પછી – માઇકલ હેમ્બર્જર

માઇકલ હેમ્બર્જરકૃત કાવ્યરચના ‘યુદ્ધની પછી’ નો અનુવાદ તેમજ વિવેચન વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક ‘કાવ્યરસ’ માં ગ્ં

યુદ્ધની વ્યર્થ વિનાશકતાને કેન્દ્રમાં રાખીને રચાયેલી આ કાવ્યરચનામાં કવિએ વ્યક્ત કરેલ આક્રોશ કે બીજાનું હિત આગળ ધરીને પોતાનું હિત સાચવવા યુદ્ધો થાય છે. અને અત્યંત શાંતિની જાહેરાતો થાય છે. એ વિષયક ચર્ચા અત્રે વિજય શાસ્ત્રીએ કરેલ છે.

## ૭.૬ નવલકથા (ગુજરાતી)

### ૧. હુતાશન – ધીરુબહેન પટેલ :

ધીરુબહેન પટેલકૃત નવલકથા 'હુતાશન' નું વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક 'બાવનનો સઘળો વિસ્તાર' માં "સર્વસ્વના ભાગે પણ 'સ્વ' ને જાળવવાના સંઘર્ષની કથાઃ 'હુતાશન'" શીર્ષક હેઠળ કર્યું છે.

પતિ અને પુત્ર સાથે સુખદ સંબંધોને જીવતી વત્સલાના જીવનમાં પુત્રવધૂ શેફાલીના આગમન સાથે આંતરિક સંઘર્ષ અને દ્વંદ્વ ઊભા થાય છે. અને એ સૂક્ષ્મ માનસિક યાતનામાંથી પસાર થઇને પોતાપણાનું જતન કરે છે. એવી કથાવસ્તુમાં લેખિકાએ પ્રયોજેલી ભાષા, ચિત્રાત્મકતા, સ્વગતોક્તિઓ, પાત્રનું માનસનિરૂપણ અને વર્ણનોમાં દાખવેલો સંયમ નવલકથાને કેવી રીતે એક કલાકૃતિ બનાવે છે. તેની નોંધ વિજય શાસ્ત્રીએ અત્રે લીધી છે.

### ૨. બાજબાજી – સુમન શાહઃ

સુમન શાહકૃત નવલકથા 'બાજબાજી' નું વિવેચન વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક 'બાવનનો સઘળો વિસ્તાર' માં 'બાજબાજી : એક આકલન' શીર્ષક હેઠળ કર્યું છે.

પ્રસ્તુ[illegible]

તેમજ અંતર જગતની સ્થિતિને ઘટનાઓની સિલસિલાબંધ વર્ણનોથી મૂકી આપી છે. તેમજ કશીયે સ્પષ્ટતા વિના માત્ર કથન દ્વારા જ અલગ સૃષ્ટિ ખડી કરી આપી છે. જેમાં [illegible] ખુદે બધુ જ સમજી લેવાનું હોય. આ સંદર્ભમાં વિજય શાસ્ત્રી જણાવે છે કે,

> ***"સુમન શાહે આવી અસ્થિર મનોસામાજિક ભૂમિકાએ સંજયને સતત ભ્રમણશીલ રાખ્યો છે. છતાં આધુનિક માનવીય ચિત્ર વિશે ક્યાંય ચિન્તક, મીમાંસાક, વિચારક દ્રષ્ટા તરીકે હરફ સુદ્ધાં ઉચ્ચાર્યો નથી એ તેમણે સંકલ્પપૂર્વક***

*કરેલું સત્કાર્ય છે. અને આ સંકલ્પ લેખકના Meddlingનો અભાવનો ચરિતાર્થ કરવા એમણે સભાનતાપૂર્વક સતત પ્રક્રિયાઓ જ રચી છે. એ પ્રક્રિયા છે રૂઢ વાર્તાકથનની ટેક્નિક આમ લેખકના કળાકીય આશયને સિદ્ધ કરનારી શકિત બને છે."*[૮]

**૩. ખડકી – સુમન શાહઃ**

સુમન શાહકૃત નવલકથા 'ખડકી' નું વિવેચન વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક 'બાવનનો સઘળો વિસ્તાર' માં "તત્ર કા દુઃખશંકા ? -'ખડકી' વિશે" શીર્ષક હેઠળ કર્યું છે.

વિવેચનલેખના આરંભમાં જ વિજય શાસ્ત્રી સ્પષ્ટતા કરે છે, કે આ કૃતિ અંગે લેખકે અન્ય કોઇએ આપેલાં અભિપ્રાયોના બદલે એમણે કૃતિએ ખુદે જ એમના મનમાં જે છાપ પાડી એને જ પ્રમાણભૂત માની છે. એમના મતે શરૂઆતમાં છાપાળવી લાગતી આ કૃતિમાં ક્યાં વિરહ, ક્યાંક મિલન, અંદરની એકલતા જેવા ભાવો વચ્ચે પોતાની જાતને ગોઠવતા વિધુર નાયક સોહન અને ઘરભંગ થયેલી નાયિકા દામિનીના સંબંધોની આસપાસ માનવઅસ્તિત્વની વિડંબનાઓ[redacted]
ઉપદેશબોધ વગર કે શબ્દોની ચમકદમક વગર આલેખવાની લેખકની ક્ષમતાને બિરદાવે છે.

**૪. પ્રિય નિકી – ચન્દ્રકાન્ત બક્ષીઃ**

ચન્દ્રકાન્ત બક્ષીકૃત નવલકથા 'પ્રિય નિકી' નું વિવેચન વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક 'બાવનનો સઘળો વિસ્તાર' માં "પ્રિય નિકી-શાથી પ્રિય?" શીર્ષક હેઠળ કર્યું છે.

અહીં વિજય શાસ્ત્રીએ લેખના શીર્ષકને અનુરૂપ 'નવલકથાની પ્રિયતા' ના કારણોની સોદાહરણ ચર્ચા કરી છે. શરૂના પાંચ પ્રકરણોમાં પિતા-પત્ની-પુત્રીના અટપટા

સંબંધોની ભૂમિકા રચી બક્ષીએ ઈંગ્લેન્ડ સ્થિત ગુજરાતીઓનું કલ્ચર પૂરા આકલનથી દર્શાવ્યું છે. જેમાં રૂપ-શિલા પતિ-પત્ની સંયોગોવસાત નજીક આવે છે. સાથે સાથે નિકી-રજસ વચ્ચે નિકટતા કેળવાય છે. આ બધું લેખકે આયાસ વિના સાહજિકતાથી નિરૂપ્યું છે તેમજ ભૌર્ગો[redacted] બ ચિતાર આપવાની બક્ષીની શૈલીને અત્રે વિજય શાસ્ત્રીએ બિરદાવી છે.

**૫. પ્રે[redacted] – રઘુવીર ચૌધરીઃ**

રઘુવીર ચૌધરીકૃત નવલકથા ‘પ્રે[redacted]

વિવેચનપુસ્તક ‘બાવનનો સઘળો વિસ્તાર’ માં કર્યું છે.

આ વિવેચનલેખમાં વિજય શાસ્ત્રી કથાવસ્તુની સંકુલતાનું લેખક દ્વારા કેવી રીતે સરલીકરણ કરાતાં શૈલી કેવી રીતે રેઢિયાળ બની છે એના કારણે અંગે ચર્ચા કરતાં જણાવે છે કે,

***“‘પ્ર[redacted]***

***પાત્રસૃષ્ટિની સગોત્ર છે. વિદગ્ધતા આ પાત્રોનું વ્યાવર્તક લક્ષણ છે. તેઓ જે કંઈ અનુભવે છે તેના સ્વરૂપને ઓળખાવાની તેમનામાં આતુરતા છે. તે માટેની મથામણ પણ છે. એટલે આ પાત્રોની ગતિ બાહ્યથી આંતર તરફ વધુ છે.”***[૯]

આમ છતાં, અહેવાલાત્મક સ્તરે થયેલી નિરૂપણશૈલી આ કૃતિની મર્યાદા બની જાય છે. તે તરફ વિજય શાસ્ત્રીએ અંગુલિનિર્દેશ કર્યો છે.

**૬. કિસ્સો – જયંત ગાડીતઃ**

જયંત ગાડીતકૃત નવલકથા ‘કિસ્સો’ નું વિવેચન વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક ‘બાવનનો સઘળો વિસ્તાર’ માં “ ‘કિસ્સો’ : જીવાભાઇ વાઘરીનો” શીર્ષક હેઠળ કર્યું છે.

આ કૃતિની Socialy Significant કથાવસ્તુમાં ગુજરાતની એક કોમની સામાજિક પેટર્ન અહીં કૃતિનાં ચાલકબળ કરતાં વિજય શાસ્ત્રી કૃતિના વિષયને બે વિભાગમાં વર્ગીકૃત કરે છે.

૧) ઝીણી ઝીણી વિગતોના ફિલીગ્રીવર્કથી રચાતો વાસ્તવસંદર્ભ

૨) તેને અતિક્રમી જતી જીવાભાઇ વાઘરીના ચરિત્રની વિગતો

આ બે ખંડોના Juxtposition, કથનકેન્દ્રો, સ્થૂળ અનુભવોને ફેન્ટસીના માધ્યમમાં રૂપાંતરિત કરવાની કલાસૂઝ વગેરેની તેમજ લેખકના સમાજશાસ્ત્રીય દ્દષ્ટિકોણની નોંધ લીધી છે.

### ૭. કૂવો - અશોકપૂરી ગોસ્વામીઃ

અશોકપુરી ગોસ્વામીકૃત નવલકથા ‘કૂવો’ નું વિવેચન વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક ‘બાવનનો સઘળો વિસ્તાર’ માં “બે સ્તરે વિકસતી કૃતિઃ ‘કૂવો’” શીર્ષક હેઠળ કર્યું છે.

‘કૂવો’ કૃતિ બે સ્તરે કેવી રીતે વિકસી છે તે વિજય શાસ્ત્રીએ અત્રે સ્પષ્ટ કરી આપ્યું છે. કુવાની સાથે સંકળાયેલા બે હિત ડુંગર અને મુખી વચ્ચેના બાહ્ય સંઘર્ષ તેમજ દુરિત અને મૂલ્યનિષ્ઠાનો આંતરિક સંઘર્ષ કથારસમાં મિશ્રિત થઇને એક આધુનિક-પરંપરાના સંગમરૂપ પરિમાણ રચી આપે છે. તે વિજય શાસ્ત્રીએ અત્રે દર્શાવી આપ્યું છે.

### ૮. મીરાં યાજ્ઞિકની ડાયરી - બિન્દુ ભટ્ટઃ

ડાયરીરૂપે લખાયેલી તેમજ ટેક્નિકની બાબતમાં જુદો જ ચીલો પાડતી નવલકથા મીરાં યાજ્ઞિકની ડાયરીનું વિવેચન વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક ‘બાવનનો સઘળો વિસ્તાર’ માં ‘ટેક્નિક ફળે છે.’ શીર્ષક હેઠળ કર્યું છે.

મીરાં યાજ્ઞિક નામની રીસર્ચ સ્ટુડન્ટના એકલતાભર્યા જીવનમાં વૃન્દા નામના એના જૂના ટીચરનો પ્રવેશ એ બંનેનો સહવાસ અને મનોસ્થિતિ તેમજ વૃન્દા માટે મીરાં સાથેનો સંબંધ એક વિકલ્પરૂપ હોવો એ કારણસર એ બંને વચ્ચે ઊભી થતી તાણને મીરાંની ડાયરીના પાનામાં નવલકથારૂપે ઢાળવાના લેખિકાનો કસબની નોંધ લેતાં વિજય શાસ્ત્રી આ નવલકથાની ટેક્નિક અંગે જણાવે છે કે,

> ***“સરળ મટયા વગર અહીં સઘનતા સાધી શકાઈ છે. અને સ્થૂળ પરિવેશને તરછોડયા વગર સૂક્ષ્મ મનોવ્યાપારોની સંકુ જ્ઞાએ અચૂક લેવી પડે તેમ છે.”[૧૦]***

**૯. ઝૂરાપાકાંડ - માય ડિયર જયુ:**

માય ડિયર જયુકૃત લઘુનવલ ‘ઝૂરાપાકાંડ’ નું વિવેચન વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક ‘બાવનનો સઘળો વિસ્તાર’ માં ‘પરાવાસ્તવ દ્વારા પરમવાસ્તવ’ શીર્ષક હેઠળ કર્યું છે.

‘ઝૂરાપાકાંડ’ ની નાયિકા નેહા ‘ભ્રાન્તિના સત્ય અને સત્યની ભ્રન્તિ’ વચ્ચે ઝૂલતી રહે છે. આ કૃતિ અંગે વિજય શાસ્ત્રી જણાવે છે કે,

> ***“સુરેશ જોષીની ઊર્મિકથા ‘છિન્નપત્ર’ ના પ્રભાવ અને અનુસંધાન અહીં પ્રચુર માત્રામાં પડઘાય છે. પરિણામે સ્વપ્ન, તંદ્રા, પરાવાસ્તવ, ઈત્યાદિ રોમેન્ટિસિઝમના ઘટનાઓનો વિનિયોગ પણ સાદ્યન્ત થતો રહ્યો છે.”[૧૧]***

કવિતા અને નિબંધની લાક્ષણિકતા ધરાવતી કૃતિમાં રહેલાં માનવીય સંદર્ભ વિશે પણ વિજય શાસ્ત્રીએ અત્રે અંગુલિનિર્દે

કરી છે.

## ૧૦. કુરુક્ષેત્ર - દર્શક

મનુભાઇ પંચોળી 'દર્શક'કૃત નવલકથા 'કુરુક્ષેત્ર' નું વિવેચન વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક 'બાવનનો સઘળો વિસ્તાર' માં ''દર્શક ની નવલકથા 'કુરુક્ષેત્ર''' શીર્ષક હેઠળ કર્યું છે.

મહાભારત કથાના અં[illegible] ને પ્રગટ કરીને દર્શક દ્વારા લખાયેલી આ કૃતિમાં પ્રણય નિમિતે બે વિભિન્ન સંસ્કાર પક્ષો અને તેમના સોં[illegible] ળ પ્રસંગે ઉત્પન્ન થયેલાં તક્ષકતપ્તીના પ્રણયનાં મૂલ્યસંઘર્ષને સૂક્ષ્મ ભૂમિકા પર લઇ જવા માટે કેવી રીતે સફળ થયા છે. તેની તાત્વિક ચર્ચા વિજય શાસ્ત્રીએ અત્રે કરી છે.

## ૧૧. બાકી રાત - ચન્દ્રકાન્ત બક્ષીઃ

ચન્દ્રકાન્ત બક્ષીકૃત નવલકથા 'બાકી રાત' નું વિવેચન વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક 'કથાપ્રત્યક્ષ' માં કર્યું છે.

ઉપરોક્ત નવલકથામાં કેયા નામની વિધવા માત્ર બાળક માટે જ વિક્રાંત ના સંપર્કમાં આવે છે. એની વિક્રાંતને જાણ થતાં ક્યા પર હુમલો કરે છે. એવા કથાનકમાં ખેલેલા બક્ષીના સંવાદો, વર્ણનો, પાર્ટીઓ, પ્રકૃતિધામો, હોટેલો અને ફ્લેટો વર્ણનો તેમજ સામાજિકતાના ધારાધોરણોથી ઊફરા ચાલીને જીવવા મથતાં પાત્રોની કરુણતા આલેખવાની બક્ષીની હથોટી વગેરેની સંક્ષિપ્તમાં વિજય શાસ્ત્રીએ નોંધ લીધી છે.

## ૧૨. નિશાચક્ર - કિશોર જાદવ:

કિશોર જાદવકૃત નવલકથા 'નિશાચક્ર' નું વિવેચન વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક 'કથાપ્રત્યક્ષ' માં કર્યું છે.

'નિશાચક્ર' એ સ્ત્રી-પુરુષના જાતીય આવેગો, આકર્ષણ અને કાલ્પનિક વાસ્તવિક અનુભૂતિની આંટીઘુંટીથી ભરપૂર નવલકથા છે. અને વિજય શાસ્ત્રી નોંધે છે કે માત્ર નવલકથાના સાહિત્યપ્રકાર માટેની આવશ્યકતા માટે જ માનવસંદર્ભો નિમિતમાત્ર તરીકે જ ઉપયોગમાં લેવાયા છે. નિશાચક્રમાં નાયકના જીવન-અનુભવ-કલ્પનામાં રહેલાં સ્ત્રી પાત્રો -અનંગલીલા, કામસંગોકલા, અને લાનૂલા સાથેના અટપટા સંબંધોને આલેખની આ કૃતિની નિરૂપણરીતિ અંગેની ચર્ચા કરતાં વિજય શાસ્ત્રી જણાવે છે કે,

***"'નિશાચક્ર' ની નિરૂપણ પદ્ધતિનો વિચાર કરીએ તો તે નરી ફિકશન નથી જણાતી. ઊલટું, એમ્પેરિકલને ફિકશનલમાં રૂપાંતરિત કરી જોવાની મથામણ કિશોરે અહીં આદરી છે."[૧૨]***

ઉપરોક્ત વિજય શાસ્ત્રીએ અત્રે કિશોર જાદવના તેમજ સુમન શાહ અને ભોળાભાઇ પટેલના મંતવ્યોની પણ પ્રસ્તુત લેખમાં નિરૂપણરીતિના સંદર્ભમાં નોંધ લઇને લેખને રસપ્રદ બનાવ્યો છે.

**૧૩. પેરેલિસિસ - ચન્દ્રકાન્ત બક્ષીઃ**

ચન્દ્રકાન્ત બક્ષીકૃત નવલકથા 'પેરેલિસિસ' નું વિવેચન વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક 'કથાપ્રત્યક્ષ' માં કર્યું છે.

આ વિવેચનલેખને એમણે બે વિભાગમાં વિભાજિત કર્યો છે. જેમાં પ્રથમ વિભાગમાં રૂપવાદી અભિગમ વિશે તેમજ નવલકથામાં વિવેચનમાં એની પ્રસ્તુતતા વિશે ચર્ચા કરી છે. જ્યારે બીજા વિભાગોમાં આ રૂપવાદી અભિગમ ની 'પેરેલિસિસ' નવલકથાના બંધારણ અને વર્ણનના સંદર્ભમાં ચર્ચા કરી છે.

નવલકથાના નાયક અરામ શાહના જીવનમાં પુત્રી મારીશા, મૃત પત્ની અને મેટ્રન આશિકા પ્રત્યેના પ્રેમ-કારુણ્ય ભર્યા સંબંધો વિશિષ્ટ રીતે ઉપસાવવાની બક્ષીની ટેક્નિક વિશે વિજય શાસ્ત્રી નોંધે છે કે,

***"ઘટના પાત્રના ચરિત્રનો અંશ બની રહે એવી ચુસ્તી પેરેલિસિસના કથાબંધમાં વરતાય છે. 'પેરેલિસિસ' ના અર્થને પાત્રના ચરિત્ર અને કાર્ય દ્વારા અભિવ્યક્તિ કરવાનો લેખકે પ્રયત્ન કર્યો છે."[૧૩]***

***"વર્તમાન, ભૂતકાલથી વિક્ષિપ્ત વર્તમાન ભૂત-વર્તમાનની સંમિશ્ર તરાહો પ્રત્યેની નાયકની અવેરનેસ અને તજ્જન્ય કરુણામૂલક પ્રત્યાઘાતો 'પેરેલિસિસ' નું પોત (Texture ) અને બંધારણ (Structure) ઘડવામાં કાર્યશીલ બને છે."[૧૪]***

**૧૪. ગાંધીની કાવડ - હરીન્દ્ર દવેઃ**

હરીન્દ્ર દવેકૃત નવલકથા 'ગાંધીની કાવડ' નું વિવેચન વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક 'કથાપ્રત્યક્ષ'માં "'ગાંધીની કાવડ': રાજકારણી વસ્તુની નવલકથા" શીર્ષક હેઠળ કર્યું છે.

લેખના શીર્ષક મુજબ નવલકથામાં રાજકારણના પ્રપંચો કાવાદાવા, દંભ અને પ્રામાણિક માણસને હાથો બનાવીને ધાર્યું કરવાની નેમ ઉપર આધારિત છે. કરુણાશંકર માસ્તર શુદ્ધ ગાંધીવાદી હોવા છતાં કઇ રીતે રાજકારણનો હાથો બને છે. અને બાબતનું જ્યારે ખુદને ભાન થાય છે. ત્યારે અવાજ ઉઠાવવાનો પ્રયત્ન કરે છે. એ વખતે એમના પુત્રસહિત તમામ લેભાગુ એમને પાગલ ઠેરવી દે છે. એ[redacted] થાયેલી આ કથામાં આવતાં ચઢાવ ઉત્તાર અને વળાંકોની નોંધ લઇ વિજય શાસ્ત્રીએ મુખ્યત્વે કથાવસ્તુ વિષયક તેમજ ઘટના વિષયક જ ચર્ચા કરી છે.

**૧૫. પારકા જણ્યાં – ઉમાશંકર જોશી:**

ઉમાશંકર જોશીકૃત નવલકથા 'પારકા જણ્યાં' નું વિવેચન વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક 'કૃતિગત' માં " 'પારકા જણ્યાં' : સામાજિક ચેતનાસંદર્ભે." શીર્ષક હેઠળ કર્યું છે.

શીર્ષકમાં ઉલ્લેખ કર્યા મુજબ આ કૃતિનું મૂલ્યાંકન વિજય શાસ્ત્રીએ સામાજિક ચેતનાના સંદર્ભને ધ્યાનમાં રાખીને કર્યું છે. એને લગતાં થોડાંક ઉદાહરણો જોઇએ:

***"પાત્રોના પાત્રત્વ ને તેમની સામાજિક્તા સાથે સીધો સંબંધ છે એટલું તો કોઇ પણ કથાકૃતિ સંદર્ભે કબૂલ કરવું પડે. અને 'પારકા જણ્યાં' પણ આ નિગમનમાંથી બાદ કરી શકાય એમ નથી."[૧૫]***

***"દરિયાવની સાસુ તરીકેની માનસિકતા પણ સમાજનો જ અંશ છે."[૧૬]***

***"'પારકા જણ્યા' અને 'સામાજિક ચેતના' નો વિચાર કરીએ તો ગઇ સદીના ગુજરાતી ગ્રામ અને નગરસમાજના દસ્તાવેજી આલેખ તરીકે 'પારકા જણ્યાં' ને પૂરા ગુણ આપવા પડે એક Social document તરીકે તેનું મૂલ્ય ઘણું છે."[૧૭]***

ઉપરાંત દરિયાવનું શહેરમાં સ્થળાંતર એ સમયે સુખીના સામે હેલ લઇને આવવા અંગે શુકન-અપશુકનના સંવાદો, બાળલગ્ન, વહુના આણા બાકી હોવા વગેરે અનેકાનેક સ્થાને સામાજિકતાના સંદર્ભો વિજય શાસ્ત્રીએ અત્રે ચીંધી બતાવ્યા છે.

**૧૬. આંગળિયાત – જોસેફ મેકવાન:**

જોસેફ મેકવાનકૃત નવલકથા 'આંગળિયાત' નું વિવેચન વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક 'કથાપ્રત્યક્ષ' માં "આંગળિયાતઃ કથા અને કલાપ્રપંચ સંદર્ભે" શીર્ષક હેઠળ કર્યું છે.

વિવેચનલેખના શીર્ષક પરથી જ સ્પષ્ટ થાય છે કે લેખકે કૃતિને કથા અને કલાપ્રપંચના ઓજારથી ચકાસી છે. લેખની શરૂઆતમાં જ ઉપરોક્ત કૃતિના કથા રસ અંગે વિજય શાસ્ત્રી વિધાન કરે છે કે,

***“‘આંગળિયાત’ ના સર્જકે પોતાના અભિપ્રે[redacted]***
***મિષ્ટ કથારસને શરણે જઈ અભિવ્યક્ત કરવાની રીતિ સ્વીકારી છે.”[૧૮]***

***“‘આંગળિયાત’ ના વાચકને રસપ્રદ બનાવવામાં મેલોડ્રામાએ ભરપૂર ભાગ ભજવ્યો છે.”[૧૯]***

આ મેલોડ્રામાના અંશ કઇ ઘટના કે પ્રસંગમાં પડેલાં છે. અને કથાવિકાસમાં એ કઇ રીતે સહાયક બને છે. એ અંગે વિજય શાસ્ત્રી જણાવે છે કે,

***“ચોક્કસ સમાજની છબીનું આલેખન લેખકને અભિપ્રેત છે. એ સ્વીકાર્યા પછી પણ એ આલેખન કથારસને ભોગે નથી થયું એ પણ તેને સહજ અને સદ્ય બનાવે એવા સશક્ત સંદર્ભોની યોજના પણ થઈ હોવાથી સમગ્ર કથાપ્રપંચ કલાપ્રપંચ સુધી પહોંચે એવો ઉદ્યમ ‘આંગળિયાત’માં સહૃદયને પ્રતિત થયા વગર રહેતો નથી”[૨૦]***

**૧૭. સ્નેહસંભ્રમ - ક.મા.મુનશીઃ**

ક.મા.મુનશીકૃત નવલકથા ‘સ્નેહસંભ્રમ’ નું વિવેચન વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક ‘કૃતિગત’ માં “નર્યું મનોરંજન નહિ પણ વિકૃતિ નું વિડમ્બન મુનશી કૃત ‘સ્નેહસંભ્રમ’” શીર્ષક હેઠળ કર્યું છે.

વિવેચનલેખના શીર્ષક પરથી જ લેખનો આશય સ્પષ્ટ થાય છે. લેખની શરૂઆતમાં જ અન્ય વિવેચક દ્વારા ઉપરોક્ત નવલકથાની મુનશીની અન્ય નવલકથાઓ

સાથેની સરખામણીથી ઉઠાવેલાં ગુણવતાના પ્રશ્નનું નિરાકરણ આપતા વિજય શાસ્ત્રી જણાવે છે કે,

***"ખરેખર તો No thinking કે shallow (છીછરું) Thinking ધરાવતાં વર્ગને expose કરવાનો મુનશીનો પ્રયાસ છે. લેખકનો આવો આશય પકડયા વગર તેને તેમની અન્ય ગંભીર ક્લાસજ્જ રચનાઓ સાથે સરખાવવાથી ખોટો મેસેજ મળે એ શક્ય છે. જે તે કૃતિનું Aesthetic જે તે કૃતિમાં નિષ્પન્ન થાય એ કૃતિને ન્યાય આપવા માટેની મહત્ત્વની શરત છે."***[૨૧]

પ્રોફેસર પ્રીતમલાલ, એમની અશિક્ષિત શંકાશીલ પત્ની, વિદ્યાર્થિની મોહિની, જસકોર, સમશેર, છબીલદાસ જેવા પાત્રોને આલેખતી તેમજ હાસ્ય સભર પ્રસંગનિર્માણ દ્વારા ભદ્રવર્ગની દાંભિકતાને ઉઘાડી પાડવાના મુનશીના પ્રયાસમાં ઓળખ પ્રગટ થાય છે. જેને એમની યશસ્વિની કૃતિઓથી અલગ રીતે મૂલવવી જોઇએ એવું વિજય શાસ્ત્રીનું મંતવ્ય છે.

**૧૮. બીજે ક્યાંક - વીનેશ અંતાણીઃ**

વીનેશ અંતાણીકૃત નવલકથા 'બીજે ક્યાંક' નું વિવેચન વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક 'કૃતિગત' માં "સ્વ અને ઇતરથી અજાણ્યા હોવા/રહેવાની ગુંગળામણ 'બીજો ક્યાંક'" શીર્ષક હેઠળ કર્યું છે.

શીર્ષકમાં ઉલ્લેખ કર્યા મુજબ જ આ કૃતિમાં કથાનાયક સુધાકર સ્વ અને ઇત્તરથી અજાણ્યાપણાં ની સ્થિતિમાં ગુંગળામણ અનુભવે છે. એની આસપાસના પાત્રો જેમાં પત્ની અવની, દીકરી નમિતા અને શિષ્યા આશના પણ વૈયક્તિક રીતે સ્થિતિમાં જીવે છે. એ કથાતંતુનું યોગ્ય નિર્વહણ કરી લેખકે કથારસ જાળવી રાખ્યો છે. એની વિજય શાસ્ત્રીએ અત્રે પ્રસંશાપૂર્વક નોંધ લીધી છે.

**૧૯. મહામૃત્યુ - ડૉ. બહેચરભાઇ પટેલઃ**

ડૉ.બહેચરભાઇ પટેલકૃત નવલકથા 'મહામૃત્યુ' નું વિવેચન વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક 'ત્રેપનમો જાણ્યે પાર' માં "ખલેલ પહોંચાડે એવી કથાઃ 'મહામૃત્યુ'" શીર્ષક હેઠળ કર્યું છે.

પ્રિય પુત્રી અસ્મિતાના કર્ક રોગની દીર્ઘયાતના અને અંતે થતાં મૃત્યુ નિમિતે લખાયેલી આ કૃતિમાં લેખકે દર્દી અને દર્દીનાં નિકટના સ્વજનોની ખાસ કરીને પિતાની માનસિક યાતનાને દર્શાવી જ છે -સાથે સામાજિક ચિત્રની ઊજળી અને કાળી બાજુનો પરિચય પણ કૃતિના ભાગરૂપે આપ્યો છે. સાથે-સાથે તબીબી જગતની નિષ્ઠુરતા, નિકટના સ્વજનો દીકરા-વહુ દ્વારા જ કરાતી અવહે માત્ર દૈવના કારણે થતી કરુણાંતિકાનાં લેખકે કરેલાં રસાળ મર્મસ્પર્શી વે વિજય શાસ્ત્રીએ અત્રે બિરદાવ્યું છે.

**૨૦. ચકરાવો - મહેશ દવેઃ**

મહેશ દવેકૃત નવલકથા 'ચકરાવો' નું વિવેચન વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક 'ત્રેપનમો જાણ્યે પાર' માં 'સૂક્ષ્મ છતાં સુખપાઠય' શીર્ષક હેઠળ કર્યું છે.

બે સામસામી વિચારસરણી ધરાવતા પિતા પુત્રના પાત્રના આલેખન દ્વારા બે સામસામી વિચાર સરણીનો કથાઘટક તરીકે વિનિયોગ કરવા છતાં લેખકે કૃતિને શીર્ષકમાં જણાવ્યું મુજબ સુખપાઠય બનાવી છે એની નોંધ લેતા વિજય શાસ્ત્રી જણાવે છે કે,

> ***"કથારસની જમાવટમાં શ્રી મહેશ દવેની લેખક તરીકેની નોંધ લેવી પડે એવી શક્તિ છે. પાત્રોના આંતરિક વ્યક્તિત્વને તેઓ બાહ્ય પરિસ્થિતિની સમાંતરે ખોલતાં જાય છે."***[૨૨]

## ૭.૭ પ્રાદેશિક નવલકથાનું વિવેચનઃ

### ૧. અભિશાપ – શૈલજાનંદ મુખોપાધ્યાય :

શેલજાનંદ મુખોપાધ્યાય કૃત નવલકથા 'અભિશાપ' નું વિવેચન વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક 'ત્રેપનમો જાણ્યે પાર' માં કર્યું છે.

આ નવલકથામાં ફકીરના જીવનની ચડતી-પડતી અને આંતર દ્વંદ્વનું સામાજિક પરિવેશ, સંબંધો, અંગત લાગણી વિશ્વના સંદર્ભમાં લેખકે આલેખન કર્યું છે. વિજય શાસ્ત્રીએ અહીં લેખકની વર્ણન કલામાં રહેલી પાકટતા અને શબ્દને ઘસીમાંજીને મૂકવાની આવડતને બિરદાવી છે. નાયકને 'હીરા' કરતાં 'માણસ' તરીકે જીવવું કપરું છે. અને નાયક સાચુકલા માણસનું પ્રતિબિંબ છે. લેખકની વર્ણનકલા માણસની કરુણતાને કરુણરસની ઊંચાઇએ લપસી પડયા વિના પહોંચાડી દે છે. એવું વિવેચકનું નિરીક્ષણ છે.

### ૨. રાધેકૃષ્ણ – શૈલજાનંદ મુખોપાધ્યાય :

સુનીલ ગંગોપાધ્યાયકૃત નવલકથા 'રાધેશ્યામ' નું વિવેચન વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક 'કથાપ્રત્યક્ષ' માં કર્યું છે.

'રાધેકૃષ્ણ' નવલકથાનો અનુવાદ અનિલા દલાલે કર્યો છે. 'રાધેકૃષ્ણ' ની પરંપરાગત કથાથી તદ્દન ભિન્ન પ્રકારનું આલેખન આ કૃતિમાં લેખકે કર્યું છે. અહીં રાધા અયાન નામના વ્યક્તિની પરિણીતા છે. છતાંયે કૃષ્ણના પ્રેમ

સાંસારિક કર્ત્તવ્યો પણ નિષ્ઠાથી નિભાવે છે. એવું દર્શાવીને હૃદયંગમ રોચક વર્ણનો દ્વારા લેખક શુદ્ધ પ્રેમ -અનીતિના ખયાલોથી પર હોય છે. એવું દર્શન કરાવે છે. જેનું વિજય શાસ્ત્રીએ સંક્ષિપ્તમાં પરંતુ રસપ્રદ નિરીક્ષણ રજૂ કર્યું છે.

**૩. ચિક્કવીર રાજેન્દ્ર – વેંકટશ અહયંગારઃ**

કન્નડ નવલકથાકાર વેંકટશ અયંગર શ્રીનિવાસની ઐતિહાસિક નવલકથા ‘ચિક્કવીર રાજેન્દ્ર’ કે જેનો ગુજરાતી અનુવાદ રજનીકાન્ત રાવળે કર્યો છે. એનું વિવેચન વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક ‘કથાપ્રત્યક્ષ’ માં “એક કન્નડ નવલકથા વિશે નિમિતે થોડું” શીર્ષક હેઠળ કર્યું છે.

ઐતિહાસિક નવલકથાના કથાવસ્તુમાં આવતી રાજખટપટ યોજનાઓ, છૂપાં ભોંયરાઓ, જાસૂસો, દક્ષ મંત્રીઓ, ઉદાત્ત -ભાવો અને તેજસ્વી સ્ત્રીપાત્રો, રમતિયાળ કન્યાઓ વિશે સંક્ષિપ્તમાં ચર્ચા કરીને આ નવલકથાની સરખામણી ગુજરાતી નવલકથા ‘ગુજરાતનો નાથ’ અને ‘સરસ્વતીચંદ્ર’ના સંદર્ભમાં કરતાં નોંધે છે કે, ‘ચિક્કવીર રાજેન્દ્ર’ નો પ્રભાવ ઉપરોક્ત બે નવલકથા કરતા જુદો અને ઉચ્ચ કક્ષાનો એની કલામયતાના કારણોસર પડે છે. એમના જ શબ્દોમાં,

> ***“પ્રભાવની આવી ભિન્નતા અને શ્રેષ્ઠતાના કારણો વિચારીએ તો સૌથી મોટું કારણ તે લેખકનું પાત્રો પ્રત્યે[redacted] -ત્યેનું, કથામાં નિરૂપિત જે કંઇ છે તે પ્રત્યેનું એક પ્રકારનું નિર્મમ તાટસ્થ્ય ગણી શકાય. આ તાટસ્થ્યે કૃતિનું છેક સુધી સર્જકથી અમુક અંતર રાખીને નિર્વહણ કરાવ્યું છે.”***[૨૩]

**૪. અથાંગ – જયવંત દલવી – મરાઠી નવલકથાઃ**

જયવં[redacted] નો ગુજરાતી અનુવાદ જયા મહેતા એ ‘મનનું કારણ’ શીર્ષકથી કર્યો છે. જેનું વિવેચન વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક ‘કથાપ્રત્યક્ષ’ માં કરેલ છે.

પ્રસ્તુત લેખમાં વિજય શાસ્ત્રીએ કૃતિ નાયક દિગમ્બરના જીવનક્રમની ટૂંકી વિગત આપીને આધુનિક જગતમાં માનવપ્રે[redacted]

કરુણતા, નગરજીવનના માનવ સંબંધો વિષયક વાત કરીને લેખક એ બાબતોનું નિરૂપણ કેવી સફળતાપૂર્વક કરી શકાય છે તે દર્શાવી આપ્યું છે.

## ૭.૮ વિદેશી નવલકથા

### ૧. પુઅર પીપલ – દોસ્તોયવ્સ્કી – રશિયન

રશિયન સાહિત્યકાર દોસ્તોયવ્સ્કીકૃત નવલકથા 'પુઅર પીપલ' નું વિવેચન વિજય શાસ્ત્રીએ એમના વિવે... ત્યક્ષ' માં ''પુઅર પીપલ-દ્વિવિધ વાસ્તવની કથા'' શીર્ષક હેઠળ કર્યું છે.

ઉપરોક્ત કૃતિ ને દોસ્તોયવ્સ્કીની પ્રથમ કૃતિ ગણવામાં આવે છે. અને વિજય શાસ્ત્રીના મતે અમાં લેખકનો સંવિધાન અંગેનો આગવો ખ્યાલ પડેલો હોય એવું અનુભવાય છે. બુઢ્ઢા નાયકને ગરીબ બતાવ્યો હોવા છતાં એની ગરીબીની કરુણતાના બદલે એ ગરીબીમાં લાગણીના અસબાબને આધીન જીવાતું જીવન તો અંગે ચર્ચા કરતાં વિજય શાસ્ત્રી જણાવે છે. કે,

> ***''દીનજન વાત્સલ્યનું પ્રચુર માત્રામાં નિરૂપણ કરી, મેલોડ્રામેટિક અસરો જન્માવવાના બદલે દોસ્તો યવ્સ્કી જેવા લેખકો ઘટનાવિધાનને અપ્રતીતિકર બનાવ્યા વગર વધુ ગહન અને વધુ પ્રભાવક અસરો જન્માવે છે.''***[૨૫]

### ૨. ધી ઇટર્નલ હસબન્ડ – દોસ્તોયેવ્સ્કીઃ

દોસ્તોયવ્સ્કીકૃત નવલકથા 'ધ ઇટર્નલ હસબન્ડ' નું વિવેચન વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક 'કથાપ્રત્યક્ષ' માં '''ધ ઇટર્નલ હસબન્ડ': એક પરિચય'' શીર્ષક હેઠળ કર્યું છે.

આ કૃતિના કથનનો વિજય શાસ્ત્રીએ સંક્ષિપ્તમાં પરિચય આપ્યો છે. જેમાં પાવેલ નામનો માણસ અનેક સ્ત્રીઓ સાથે સંબંધ રાખે છે. અને લગ્ન પણ કરે છે. છતાં તે પ્રેમ પતિ બનવાના બદલે 'ફક્ત પતિ'-'ઇટર્નલ હસબન્ડ' જ રહે છે. અંતે પ્રેમ પૂર્ણ કરી શકતો નથી પાવેલની આ કથાની સમાંતરે લેખકે વલ્યાનિકોવ કે જે પાવેલની પત્ની નાલિયાનો પ્રેમ ાનો અસલી પિતા હોય છે. તેની કથા ગૂંથી છે. આ કૃતિમાં અનેક ઘટનાઓના તાણાવાણા પથરાયેલાં છે. જે અંગે વિજય શાસ્ત્રી જણાવે છે કે,

***"દોસ્તોયવ્સ્કી વાસ્તાવની ઘટનાઓનો Spring board તરીકે ઉપયોગ કરે છે. એ સાચું છતાં જે તે ઘટનાના અણુને પૂરેપુરા પરિમાણમાં ઉપસાવે છે."***[૨૬]

**૩. બર્નિંગ બ્રાઇટ – જહોન સ્ટાઇનબેંકઃ**

અમેરિકન લેખક જહોન સ્ટાઇનબેંક ઇ.સ. ૧૯૫૧માં પ્રગટ થયેલી કૃતિ 'Burning Bright' નું વિવેચન વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક 'કથાપ્રત્યક્ષ' માં "'બર્નિંગ બ્રાઇટઃ' એક પરિચર્યા" શીર્ષક હેઠળ કર્યું છે.

વિવેચનલેખમાં વિજય શાસ્ત્રીએ મુખ્યત્વે કૃતિના કથાનક અંગે ચર્ચા કરી છે. જેનાં મોર્ડીન નામની યુવતી એના નપુસંક પતિ સોલની સંતાનસુખની અદમ્ય ઇચ્છા પૂરી કરવા માટે વિકાસ નામના યુવક સાથે શારીરિક સંબંધથી જોડાય છે. આ મુખ્ય કથાનકમાં અનેક નાટયાત્મક વળાંકોના તાણાવાણા ગુંથાયેલા છે. એવી આ કૃતિનાં કેન્દ્રવર્તી વિચાર અંગે વિજય શાસ્ત્રી જણાવે છે કે,

***"'બર્નિંગ બ્રાઇટ' એક વૈચારિક નવલકથા છે. Ethology – (વંશવિદ્યા) ની એક સમસ્યા એના કેન્દ્રમાં છે."***[૨૭]

## ૭.૯ વાર્તાસંગ્રહ : ગુજરાતી

### ૧. મિતાક્ષરી – મોહમ્મદ માંકડઃ

મોહમ્મદ માંકડકૃત વાર્તાસંગ્રહ 'મિતાક્ષરી' નું વિવેચન વિજય શાસ્ત્રીએ એમના વિવે[illegible] માં કર્યું છે. મોહમ્મદ માંકડની વાર્તાના મૂલતઃ તત્ત્વ તેમજ રચના કૌશલ અંગે વિજય શાસ્ત્રી જણાવે છે કે,

> ***"શ્રી માંકડની ટૂંકીવાર્તાનું પ્રાણભૂત તત્ત્વ તે અનુભૂતિ અને અભિવ્યક્તિનું પૂર્ણ સામંજસ્ય છે. કેટલીક વાર તો સાવ સામાન્ય અનુભૂતિ પણ અભિવ્યક્તિના સામર્થ્યને પરિણામે વેધક કલાત્મક અને તેથી હૃદયસ્પર્શી બની રહેતી હોય છે. આને રચના કૌશલ કહી શકાય."***[૨૮]

આ બાબતને અનુલક્ષીને એમણે અમુક વાર્તાઓના ઉદાહરણો પણ આપ્યાં છે. જેમાં 'એમ?' વાર્તામાં અન્યનો[illegible] સૂક્ષ્મ 'અહં[illegible] ભ્રમનિરસના, 'તપ' વાર્તામાં પ્રતિરૂપ નિર્માણની ટેક્નિક, 'નથી' વાર્તામાં મા-પત્ની વચ્ચે રહેસાંતાં પુરુષનું અટપટું લાગણી તંત્ર, 'સુદામા' વાર્તામાં કૃતક મૈત્રીની વિડંબના દર્શાવવાની લેખકની ટેક્નિક વગેરે ગણાવી શકાય લેખકની વાર્તાના અંતઃતત્ત્વની સાથે સાથે નિરૂપણશૈલીની નોંધ લેતાં વિજય શાસ્ત્રી જણાવે છે કે,

> ***"મોહંમદીય વાર્તાકલામાં બીજું એક નોંધપાત્ર લક્ષણ તે અપકરુણ-અતિરજિતતા-મેલોડ્રામા નો અભાવ છે. નિર્મમતાનો, સંયતતાનો કાકૂ તેમને સિદ્ધ છે. છતાં સમભાવની લેશ પણ ઊણપ તેમની કૃતિઓમાં અનુભવાતી નથી."***[૨૯]

## ૨. એ લોકો – હિમાંશી શેલતઃ

હિમાંશી શેલતકૃત વાર્તાસંગ્રહ 'એ લોકો'નું વિવેચન વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક 'બાવનનો સઘળો વિસ્તાર' માં કર્યું છે.

સમાજના કચડાયેલાં અને શ્રમજીવી વર્ગની દીન-હીન કારુણ્ય ધરાવતી પરિસ્થિતિની રચનાઓ ધરાવતા સંગ્રહની વાર્તાઓને પ્રસંગામી ધરાવતા સંગ્રહની વાર્તાઓને પુરોગામી ધારાની વાર્તાઓ સાથે સરખાવતા વિજય શાસ્ત્રી જણાવે છે કે,

> ***"અહીં પાત્રોની નિયતિથી વાચક અને પાત્ર વચ્ચેની સંવેદનાની ભિન્ન ભુમિકાઓ આ વાર્તાઓને દીનજન વાત્સલ્યની ગાંધીયુગીન વાર્તાઓથી જુદી પાડે છે."*** [૩૦]

આ બાબતને અનુરૂપ 'બારણું', 'ચુડેલનો વાંસો' વગેરે વાર્તાઓની ચર્ચા કરી છે. જ્યારે અમુક કૃતિઓ લેખિકાની Social Concern ના હિસાબે બોલકી બની છે. એવો અભિપ્રાય વિજય શાસ્ત્રીએ વ્યક્ત કર્યો છે.

## ૩. રાતવાસો – મણિલાલ હ. પટેલઃ

મણિલાલ હ. પટેલકૃત વાર્તાસંગ્રહ 'રાતવાસો' નું વિવેચન વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક 'બાવનનો સઘળો વિસ્તાર'માં 'નિર્ણાયક વાતાવરણની કથાઓ' શીર્ષક હેઠળ કર્યું છે.

ચોક્કસ તળપદની જાનપદી આબોહવામાં આ વાર્તાનો વિકાસ થાય છે. એમ છતાં એમાનું અંતઃતત્વ આધુનિકતાની લગોલગ આવી જાય છે. એવું નિરીક્ષણ ઉપરોક્ત સંગ્રહ અંગે વિજય શાસ્ત્રીનું છે. 'પીપળો' વાર્તામાં વાચકની કલ્પના અને પરિસ્થિતિની વ્યંજના વચ્ચે અવકાશ રચવાની લેખકની ક્ષમતા, 'જાંબુ' વાર્તામાં ફિકશનને ફેક્ટ સુધી લઇ

જવાનો ઉપક્રમ, 'ચીલે' વાર્તામાં વસ્તુગત સહસંબંધક શોધીને મનોગત સાથે સાંકળવાનું રચનાકૌશલ વગેરેની નોંધ લેતાં વિજય શાસ્ત્રી લેખશીર્ષકની સાર્થકતા વિશે યોગ્ય જ જણાવે છે કે,

***"'રાતવાસો' ની કૃતિઓ નગર પરિવેશથી અસ્પૃષ્ટ એવી વેદના અને સંવેદનાઓના વાર્તાક્ષમ રૂપો આપણી સમક્ષ પ્રગટ કરી રહે છે. વાતાવરણને ખસેડી લઈએ તો વાર્તા પણ ખસી જાય."[૩૧]***

**૪. યુગસભા - કિશોર જાદવ:**

કિશોર જાદવકૃત વાર્તાસંગ્રહ 'યુગસભા' નું વિવેચન વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક 'બાવનનો સઘળો વિસ્તાર'માં 'વિલક્ષણ પ્રયોગોના સાહસપ્રતિ' શીર્ષક હેઠળ કર્યું છે.

૧૯૬૯માં પ્રગટ થયેલ લેખકના પ્રથમ વાર્તાસંગ્રહ "પ્રાગૈતિહાસિક અને શોકસભા" ની ચાર વાર્તાને બાદ કરીને બાકીની વાર્તાઓ "યુગસભા" શીર્ષક હેઠળ પ્રગટ થઇ છે. લેખના આરંભમાં આ બાબતનો નિર્દેશ કરીને વિજય શાસ્ત્રીએ ગુજરાતી સાહિત્યમાં આધુનિકતાનું મંડાણ અને પરંપરામાં થયેલાં ધરમૂળ ફેરફારોની વિગતે ચર્ચા કરી લેખકની વાર્તાને એ સંદર્ભથી સંક્ષિપ્તમાં [illegible] યાસ કર્યો છે. 'મહોદ્ગાર' વાર્તામાં પોતીકી-પારકી સમસ્યાની ભેળસેળના ચિત્રો, 'કાગકન્યા' વાર્તામાં અમૂર્તતાને સ્પર્શક્ષમ બનાવવાની આલેખનકળા, 'એક પંગુ' વાર્તામાં આંતરિક અને બાહ્ય વાસ્તાવનો વિરોધ વગેરેની નોંધ લેતાં વિજય શાસ્ત્રી જણાવે છે કે,

***"વ્યક્તિની આંતરિક પરિસ્થિતિ અને તેના સમાંતરીકરણો, સંનિધિકરણો તેમજ પ્રતિરૂપીકરણો કિશોરની વાર્તાકલાની ધ્યાન ખેંચે તેવી ટેક્નિકો છે."[૩૨]***

**૫. અડાબીડ - ભગવતીકુમાર શર્માઃ**

ભગવતીકુમાર શર્માકૃત વાર્તાસંગ્રહ 'અડાબીડ' નું વિવેચન વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક 'બાવનનો સઘળો વિસ્તાર' માં કર્યું છે.

લેખનાં આરંભમાં ટૂંકીવાર્તાના એસ્થેટિક અને એ સંદર્ભમાં લેખકે આમુખમાં કરેલી ચર્ચાને અનુલક્ષીને ટૂંકીવાર્તામાં કળાસ્વરૂપ અને સ્થિત્યંતરોની ચર્ચા કરી છે. વાર્તાના પાત્રો, પરિવેશ સંઘર્ષ, મનોગતનો જુદી-જુદી વાર્તા સંદર્ભે ઉલ્લેખ કરતાં આ સંગ્રહ વિશે વિજય શાસ્ત્રી જણાવે છે કે,

> ***"'અડાબીડ'ની સતર વાર્તાઓ જુદા પડી આવતાં માનવોની પાત્રોની કથાઓ છે. આ પાત્રો જે પરિસ્થિતિ અને પરિવેશમાં જીવે છે. તેની સાથે સંનિકર્ષમાં આવે છે. અને આ સંનિકર્ષમાંથી જન્મતા ચૈતિસિક આધાત-સંઘાતો કૃતિનું ન્યુક્લીઅસ બની રહે છે."*** [૩૩]

**૬. રાધેશ્યામ શર્માની શ્રેષ્ઠ વાર્તાઓ - સં. રાધેશ્યામ શર્માઃ**

રાધેશ્યામ શર્મા દ્વારા સંપાદિત-લિખિત વાર્તાસંગ્રહ 'રાધેશ્યામ શર્માની શ્રેષ્ઠ વાર્તાઓ' નું વિવેચન વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક 'બાવનનો સઘળો વિસ્તાર' માં 'ચૈતસિક વ્યાપારો નું મૂર્તિકરણ' શીર્ષક હેઠળ કર્યું છે.

વાર્તાસંગ્રહના આમુખમાં લેખકની પોતાની ટૂંકીવાર્તા અંગેની કેફિયંત અંગે ખાસ્સી ચર્ચા કરીને શીર્ષક મુજબ એ વાર્તાઓમાં ચૈતસિક વ્યપારોને મૂર્ત કરવાના લેખકના પ્રયાસરૂપ વાર્તાઓના ઉદાહરણો આપતાં વિજય શાસ્ત્રી જણાવે છે કે,

> ***"માવનચેતનાના ગહનતમ સ્તરે પ્રવર્તતી ભાવશબલ પરિસ્થિતિ, બર્હિજગત સાથેની માનવચેતનાની આંતર પ્રક્રિયા, સંવેદનાથી અભિભૂત થતી વાસ્તવિકતા અને પરિણામે આંતરબાહ્ય વાસ્તવિકતાનું અંગત નવું સ્વરૂપ અહીં ઉપસાવાયું છે."*** [૩૪]

પ્રત્યેક વાર્તામાં વણાયેલા ચૈતસિક માનવ વ્યપારોની સાથે-સાથે એની નિરૂપણ રીતિની અને ક્યાંક-ક્યાંક કર્કશ બનતી ભાષાશૈલી તરફ પણ વિજય શાસ્ત્રીએ ધ્યાન દોર્યું છે.

**૭. ખતવણી – ઉત્પલ ભાયાણી:**

ઉત્પલ ભાયાણીકૃત વાર્તાસંગ્રહ ‘ખતવણી’ નું વિવેચન વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક ‘બાવનનો સઘળો વિસ્તાર’ માં ‘આધુનિક છતાં દુર્બોધ નહીં’ શીર્ષક હેઠળ કર્યું છે.

આ વાર્તાસંગ્રહની કૃતિઓ આધુનિક હોવા છતાં ક્યાં કારણોસર દુર્બોધ બની નથી એ જુદી-જુદી કૃતિઓ જેમ કે, ‘[redacted]
મનોજગતનું નિરૂપણ તો, ‘કિશનલાલનો છબરડો’ માં સૂક્ષ્મ વ્યંગતા અને ‘ખેલ’ માં માનવ અને પશુના વર્તનના વ્યત્યયની વ્યંજના વગેરેની સંક્ષિપ્ત ચર્ચા કરતાં જણાવે છે કે,

> ***“આધુનિક સંવેદના બહુધા એબ્સ્ટ્રેક અને એબ્સર્ડના આશ્રયે જ પ્રગટ થતી રહી છે. તેવે સમયે તેને પૂરેપૂરો સ્પર્શક્ષમ ઘાટ આપીને ઓળખી શકાય, સમજી શકાય એવી રીતિએ અભિવ્યક્તિ આપવાનો ઉત્પલનો પ્રયાસ વાર્તારસિકોને જ નહિ નાટય રસિકોને પણ પરિતોષે તેવો છે.”*** [૩૫]

**૮. માયાવિની – પુરુરાજ જોષી :**

પુરુરાજ જોષીકૃત વાર્તાસંગ્રહ ‘માયાવિની’ નું વિવેચન વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક ‘બાવનનો સઘળો વિસ્તાર’ માં ‘માયાવિનીના રૂપો’ શીર્ષક હેઠળ કર્યું છે.

'માયાવિની' ની આધુનિકતા વાર્તા ના સંદર્ભમાં પ્રાથમિક ચર્ચા કરીને એની કૃતિઓની વિશિષ્ટતા વિશે વિજય શાસ્ત્રીએ સંક્ષિપ્ત ઉલ્લેખો કર્યા છે. જેમાં 'આંતર' વાર્તાનો જાનપદી પરિવેશ, 'અજાણ્યું પંખી' નો સંપૂર્ણ નાગરી પરિવેશ, 'ઘાસ' વાર્તાનું એબ્સર્ડ વગેરેની નોંધ લઇ લેખકની સર્જકતાને બિરદાવે છે.

### ૯. જાળિયું - હર્ષદ ત્રિવેદીઃ

હર્ષદ ત્રિવેદીકૃત 'જાળિયું' વાર્તાસંગ્રહનું વિવેચન વિજય શાસ્ત્રીએ[illegible] વિવેચનપુસ્તક 'બાવનનો સઘળો વિસ્તાર' માં "ચૈતસિક ગતિવિધિના કૌતુક જગવનારા રૂપો" શીર્ષક હેઠળ કર્યું છે.

વિવેચનલેખના શીર્ષક મુજબ આ સંગ્રહી વાર્તાઓમાં ચૈતસિક ગતિવિધિઓના કૌતુક જગવનારા રૂપો કઇ રીતે પ્રગટે છે. એ વિષયક સંક્ષિપ્ત તેમજ અવલોકનાત્મક વિગતો અત્રે વિજય શાસ્ત્રીએ મૂકી આપી છે.

### ૧૦. શ્રાવણી મેળો - ઉમાશંકર જોષીઃ

ઉમાશંકર જોષીકૃત ટૂંકીવાર્તાસંગ્રહ 'શ્રાવણી મેળો' નું વિવેચન વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક 'કૃતિગત' માં "શ્રાવણી મેળોની વાર્તાઓ" શીર્ષક હેઠળ કર્યું છે.

વિવેચનલેખના આરંભમાં જ આ વાર્તાને ઉમાશંકર જોષીએ પોતે જ અખતરા કરવાના શોખ ખાતર જ લખી હોવાની કેફિયતનો ઉલ્લેખ કરીને એમના આ અખતરાનો આશય કેટલો સિદ્ધ થયો છે તે દ્દષ્ટિકોણથી મૂલ્યાંકન કરવાનો પોતાનો હેતું સ્પષ્ટ કર્યો છે.

ત્રીસીના દાયકાની ટૂંકીવાર્તા અને સુરેશ જોષીની પ્રયોગશીલ ટૂંકીવાર્તાની ટૂંકમાં[illegible] ાય પ્રગટ કરે છે.

“હીલ્લી” રચનામાં હીલ્લીની માતૃઝંખનાની પરિતૃપ્તિ એ ખુદ માતૃત્વ પામતાં પૂરી થાય છે. એવા આલેખનમાં છટકણાં, સૂક્ષ્મ અને માનસિક ભૂમિકાના નિરૂપણમાં લેખકે ટાળેલી દુર્બોધતા, ‘અમુચમુ’ વાર્તાનો હળવો વ્યંગ્ય તેમજ સર્વજ્ઞના કથનકેન્દ્રથી થતાં વિધાનો, ‘લોહીતરસ્યો’ની સામાજિક વિડંબના અને નાટયાત્મકતા, ‘મારી ચંપાનો વર’ માં સામાજિક માનસિક સ્તરનું સમતોલ નિર્વહણ, તેમજ ‘શ્રાવણી મેળો’ વાર્તામાં નિરૂપાયેલી ગ્રામસમાજની લિરિકલ જીવન કવિતાની વગેરેની નોંધ અત્રે વિજય શાસ્ત્રીએ સંક્ષિપ્ત માં લીધી છે.

## ૧૧. પારિજાતક – હેમાંગિની રાનડેઃ

હેમાંગિની રાનડેકૃત ટૂંકીવાર્તા સંગ્રહ ‘પારિજાતક’ નું વિવેચન વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક ‘કૃતિગત’ માં “વાર્તાક્ષમ ‘રચનાઓ’” શીર્ષક હેઠળ કર્યું છે.

પ્રસ્તુત લેખમાં ઉપરોક્ત સંગ્રહમાં સમાવિષ્ટ સોળ વાર્તાઓનો ઉલ્લેખ કરીને વિજય શાસ્ત્રીએ અવલોકનાત્મક અહેવાલ આપ્યો છે.

## ૧૨. પ્રતિબિંબ – નીલેશ રાણાઃ

નીલેશ રાણાકૃત ટુંકીવાર્તાસંગ્રહ ‘પ્રતિબિંબ’ નું વિવેચન વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક ‘પ્રતિબિંબ’ માં ‘સુખપાઠય વતા સૂક્ષ્મ’ શીર્ષક હેઠળ કર્યું છે.

પ્રસ્તુત લેખના આરંભમાં નીલેશ રાણાના તબીબી વ્યવસાય તેમજ અમેરિકાના એમના નિવાસ વિશે વાત કરીને વિજય શાસ્ત્રીએ Diaspora સંજ્ઞા અંગે ચર્ચા કરી છે. આ સંગ્રહમાં ગ્રં[illegible] ાયો વિજય શાસ્ત્રીએ અત્રે આપેલ છે.

## ૧૩. મીઠા વગરનો રોટલો - ભગીરથ બ્રહ્મભટ્ટઃ

ભગીરથ બ્રહ્મભટ્ટકૃત વાર્તાસંગ્રહ 'મીઠા વગરનો રોટલો' નું વિવેચન વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક 'સામંજસ્ય' માં કર્યું છે.

'મીઠા વગરનો રોટલો' વાર્તાસંગ્રહોમાં ગ્રંથસ્થ વાર્તામાં રહેલી કલાત્મકતા, લેખકે પ્રયોજેલા પ્રતીકો, સમયસૂચકતાની સાથે સંનિધિકરણ, પાત્રોક્તિઓ વગેરે વિશે વિજય શાસ્ત્રીએ અત્રે સંક્ષિપ્ત ચર્ચા કરી છે.

## ૧૪. વૃતિ અને વાર્તા - રાવજી પટેલઃ

રાવજી પટેલકૃત વાર્તાસંગ્રહ 'વૃતિ અને વાર્તા'નું વિવેચન વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક 'સમંજસ્ય' માં 'રાવજીની વાર્તાઓ' શીર્ષક હેઠળ કર્યું છે.

રાવજીની વાર્તાઓ જેવી કે, 'સંગી', 'સૈનિકના બાળકો', 'અમસ્તી અમસ્તી', 'રે[redacted] ઘડીના પંચોતેરમાં ભાગનો ઉન્માદ છબીલકાકાનો બીજો પગ વગેરેમાં રહેલું એબ્સર્ડનું તત્વ તેમજ એસ્થેટિકસ વગેરેને ચીંધી બતાવી રાવજીની વાર્તાકલા અંગે અભિપ્રાય આપતા વિજય શાસ્ત્રી જણાવે છે કે,

> ***"તળપદાં પાત્રોનું તળપદુ પોતે અકબંધ જાળવી રાખીને તેમાં કશું નવ્ય વિચલન આણવું એ રાવજીની વાર્તાકલાનો વિશેષ છે."*** [૩૬]

## ૭.૧૦ ટૂંકીવાર્તાનું વિવેચન : ગુજરાતી

## ૧. વહુ અને ઘોડો - ઝવેરચંદ મેઘાણીઃ

ઝવેરચંદ મેઘાણીકૃત પ્રસિદ્ધ વાર્તા 'વહુ અને ઘોડો' નું વિવેચન વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક 'બાવનનો સઘળો વિસ્તાર' માં " 'ભાવવ્યત્યયોની' સબળ યોજના ધરાવતી રચના 'વહુ અને ઘોડો' " શીર્ષક હેઠળ કર્યું છે.

શીર્ષક મુજબ જ વિજય શાસ્ત્રીએ સમગ્ર કૃતિમાં ‘ભાવવ્યત્યયો’ ને ચીંધી બતાવ્યા છે. જેમાં ઘોડા સાથે સખ્ય અનુભવતી નાયિકા તારાની મુગ્ધતા, શેઠના ઘરની પુત્રવધૂ બની સંપત્તિ ભોગવવાની લાલસા ને બીજી તરફ ગરીબ રસિક પ્રત્યેના ખેંચાણની સંમિશ્ર મનોસ્થિતિ, બહારથી સમૃદ્ધ અને મનના કંગાળ સાસરિયા દ્વારા થતી પજવણી, આગના અકસ્માતનો ભોગ અને પતિના જાતીય રોગના પરિણામે અંધ બાળકીની માતા બનવાનું દુર્ભાગ્ય વગેરે ઘટનાક્રમને ઘોડાના સમાંતરીકરણ સાથે લેખકે કલાત્મક રીતે મૂકી આપ્યા છે. જેની નોંધ લેતાં વિજય શાસ્ત્રી જણાવે છે કે,

***“પ્રતિરૂપો, પ્રતીકો, સમાંતરીકરણો, સંનિધિકરણો, ભાવાંતરો અને ભાવવ્યત્યયોની મદદથી લેખકે કૃતિના પિંડને કલાત્મક બનાવવાની મથામણ કરી છે.”*** [૩૭]

**૨. વાત્રકને કાંઠે - પન્નાલાલ પટેલઃ**

પન્નાલાલ પટેલકૃત ટૂંકીવાર્તા ‘વાત્રકને કોં[illegible]

એમના વિવેચનપુસ્તક ‘કથાપ્રત્યક્ષ’ માં કર્યું છે.

સંજોગોવસાત્ બે વખત પરણવા છતાં દામ્પત્યસુખ ન પામતી નવલના જીવનમાં આવતાં વળાંકો, એના બે પતિનું એક સાથે સાધુવેશે આવવું, નિર્દોષ પતિને જેલમાં રહેવાનું થવું અને દોષિતનું પાછા ફરવું, તથા નવલ સાથે પુનઃલગ્ન જીવનનો પ્રારંભ માટે પ્રસ્તાવ મૂકવો વગેરે ઘટનાઓમાં નવલના મનોસંચલનો ને પન્નાલાલે કેવી રીતે નિરૂપ્યા છે. તે વિજય શાસ્ત્રીએ દર્શાવી આપ્યું છે. વધુમાં આ કૃતિ વિશે વિજય શાસ્ત્રી જણાવે છે કે,

***“વાર્તાની વિગતો અન્યથા સામાજિક-નૈતિક દૃષ્ટિકોણથી કદાચ કઠે એવી હોવા છતાં તેને કૃતિગત ભાવને અનુકૂળ અને પોષક વિભાવો લેખે પ્રયોજી લેખકે***

***દર્શાવ્યું છે કે, સાચો કલાકાર વ્યવહાર ભૂમિકાને કલામાં કઇ રીતે "ડી-રિલાઇઝડ" કરતો હોય છે."[૩૮]***

**૩. વાતાયન – સુરેશ જોષી :**

સુરેશ જોષીકૃત ટૂંકીવાર્તા 'વાતાયન' નું વિવેચન વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક 'કથાપ્રત્યક્ષ' માં "સુરેશ જોષીની ટૂંકીવાર્તા 'વાતાયન' ને અનુલક્ષીને." શીર્ષક હેઠળ કર્યું છે.

'વાતાયન' નિમિતે વિજય શાસ્ત્રીએ મુખ્યત્વે આધુનિક વાર્તા અને પારંપરિક વાર્તા વચ્ચેના તફાવતો વિશે તેમજ સુરેશ જોષીની વાર્તાઓમાં રહેલાં નિબંધાત્મકતાના લક્ષણોં

કરતાં વિજય શાસ્ત્રી નોંધે છે કે,

> ***"કૃતિમાં સંદર્ભની વિગતો ઠાંસોઠાસ ભરેલી હોય છે, પ્રકૃતિ-વર્ણનની એ સઘળી વિગતોનું પાત્ર સાથે, પાત્રના માનસ સાથે જોડાવું એને ઘટના કહી શકાય."[૩૯]***

**૩. એકદા નૈમિષારણ્યે – સુરેશ જોષી :**

સુરેશ જોષીકૃત ટૂંકીવાર્તા 'એકદા નેમિષારણ્યે' નું વિવેચન વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક 'કથાપ્રત્યક્ષ' માં કર્યું છે.

આ લેખમાં વિજય શાસ્ત્રીએ મુખ્યત્વે સુરેશ જોષીની ટૂંકીવાર્તા વિશેની વિભાવના અંગે તેમજ એ સંદર્ભમાં થયેલ ઉહાપોહ વિષયક ચર્ચા કરી ઉપરોક્ત વાર્તાના કથાવસ્તુ અંગે સંક્ષિપ્ત માહિતી આપી એમાં રહેલી માનવજીવનની કરુણતા, મિથ્યા

આશાવાદ અને આશાવાદી ભ્રમણાના તત્વને સુરેશ જોશીએ વાર્તામાં કેવી રીતે ગુંફિત કર્યું છે. તે દર્શાવી આપ્યું છે.

### ૪. નળદમયંતી – સુરેશ જોષી:

સુરેશ જોષીકૃત ટૂંકીવાર્તા 'નળદમયંતી' નું વિવેચન વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક 'કથાપ્રત્યક્ષ' માં કર્યું છે.

પતિ પ્રત્યે પૂર્ણ [redacted]

થિયેટરના અંધારામાં પૈસા માટે પરપુરુષગમન કરે છે; પણ ચિત્તને નિર્લેપ રાખીને સાક્ષીભાવે. આ ચિત્રાના માનસિક સંચલનોની આસપાસ ટૂંકી વાર્તાનું પોત ઘડાયેલું છે. આ લેખમાં આ વાર્તા અંગેના ગુલાબદાસ બ્રોકર, કરશનદાસ માણેક, સુમન શાહ જેવા વિવેચનકોના ભિન્ન-ભિન્ન મત અંગેની નોંધ લેતાં વિજય શાસ્ત્રી જણાવે છે કે,

> ***"'નળદમયંતી' એક બહુ જ સૂક્ષ્મ અને અતિવિરલ એવી માનસિક પ્રક્રિયાને આધારે રચાયેલી કૃતિ છે. સમાજમૂ[redacted] કાતું એક સ્ત્રીપાત્ર જે ભાવ સંકુલતા અને ભાવશબલતા અનુભવે છે. તેનું આલેખન અહીં અભિપ્રે[redacted] "[૪૦]***

### ૫. વીમો – રાધેશ્યામ શર્મા:

રાધેશ્યામ શર્માના 'પવનપાવડી' વાર્તાસંગ્રહમાં ગ્રૂ[redacted] વીમો' નું વિવેચન વિજય શાસ્ત્રીએ[redacted] ત્યક્ષ' માં કર્યું છે.

પતિ, સાસુ સાથે સલામતીના કોચલામાં જીવતી ઋતાના મનમાં ઉમટતી સ્વાતંત્ર્ય માટેની પ્રબળ ઝંખનાને પરિણામે ઊઠતા મનોસંચાલનોનું નિરૂપણ રાધેશ્યામ

શર્માએ વિવિધ પ્રતીકો અને વિશિષ્ટ શબ્દપ્રયોગોથી કર્યું છે; એની નોંધ લઇને કૃતિના હાર્દ વિશે-રચનાપિંડ વિશે વિજય શાસ્ત્રી જણાવે છે કે,

> ***“કૃતક બદ્ધતા વિરુદ્ધ અકૃતક મુક્ત જીવનનાનન્દની ઝંખનાના આઘાત-પ્રત્યાઘાતોના કેન્દ્ર પર ઘનીભૂત થતી સંવેદનાઓ વડે સમગ્ર રચનાનો પિંડ બંધાતો આવે છે.”[૪૧]***

**૬. પીળાં વેન્ટિલેટર્સ - સુમન શાહઃ**

સુમન શાહકૃત વાર્તાસંગ્રહ ‘અવરશુકેલું વેન્ટિલેટર્સ’ નું વિવેચન વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક ‘કથાપ્રત્યક્ષ’ માં કર્યું છે.

પીળા વેન્ટિલેટર્સ એ રૂપલ-નીલા રાકેશ અને વાર્તાનાયકના અટપટા સંબંધોની આસપાસ આકાર પામે છે. અહીં ચોક્કસ ઘટના કે કેન્દ્રબિન્દુ કે ચોક્કસ અસર મૂકી જતો તિખારો એવું કશું જ નથી કેમ કે, લેખકનો ઘટના વિશેનો અભિગમ વિશિષ્ટ છે. એની નોંધ લેતાં વિજય શાસ્ત્રી સ્પષ્ટ કરે છે કે,

> ***“ઘટનાને માત્ર સંવેદનોની સંકુલતાના આધારે-Base રૂપે જ, યા સંવેદન શિલ્પ રચવાના કામમાં પાલખરૂપે જ યા સંવેદનકોશના વિભિન્ન આંદોલનો-Vibrations-જન્માવનારો આદિ ધક્કો પૂરો પાડનાર-Spring Board રૂપે જ લેખકે પ્રયોજી હોઇ ઘટનાની ઘટના લેખે સ્તુત છે. પ્રસ્તુત તો છે એ ઘટના-નિમિતે ફેલાતાં જતાં ભાવાંદોલનો.”[૪૨]***

આ વાર્તા મૂલ્યાંકનમાં લેખકના અભિગમની સ્પષ્ટતા કરીને વાર્તાનું અવલોકન કરી વિજય શાસ્ત્રીએ સિદ્ધાંતલક્ષી વિવેચનને પ્રત્યક્ષ વિવેચનમાં લાગું કરવાનું ઉત્તમ દૃષ્ટાંત પૂરુ પાડયું છે.

### ૭. ગોકળજી નો વેલો – ઘનશ્યામ દેસાઇ:

ઘનશ્યામ દેસાઇકૃત ટૂંકીવાર્તા 'ગોકળજી નો વેલો' નું વિવેચન વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક 'કથાપ્રત્યક્ષ' માં કર્યું છે.

ઘટનાની સામાન્યતાને ઓગાળી દઇ તેને વ્યાપક માનવસંદર્ભની વાચક બનાવીને લેખકે વાર્તાકર્મ નિપજાવ્યું છે. તેની વિગત વિવિધ પાત્રો અને પ્રસંગોના ઉદાહરણ દ્વારા વિજય શાસ્ત્રીએ પ્રસ્તુત લેખમાં સંક્ષિપ્તમાં દર્શાવી આપી છે.

### ૮. આગંતુક – ઈવા ડેવ:

ઈવા ડેવકૃત ટૂંકીવાર્તાસંગ્રહ 'આગંતુક' માં ગ્રં[illegible] [illegible]નું વિવેચન વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક 'કથાપ્રત્યક્ષ' માં કર્યું છે.

માનવચિતની ભય અને સંત્રસ્તતાની સંવેદનાનો તીવ્રતમ અનુભૂતિનો આલેખ વાર્તાનાયકના દુ:સ્વપ્ન ગારુડી-જંબુરોના ખેલમાં ઉપસાવ્યો છે. અંતે વાર્તા નાયકને દુ:સ્વપ્નમાંથી મળતો રાહતનો શ્વાસ અને બાળક દ્વારા એની અનુભૂતિ અંગે પૂછાતો સવાલ આ બધાના લેખકે કરેલાં જુગુપ્સાપૂર્ણ-જિજ્ઞાસાપૂર્ણ આલેખન અંગે વિજય શાસ્ત્રી જણાવે છે કે,

> ***"અહીં ગારુડીના ખેલને તર્કશાસ્ત્રના માપદંડથી જોવાને બદલે ભયાનકના વિભાવ લેખે જોવો ઈષ્ટ છે."*** [૪૩]

### ૯. તરબોળ – ભગવતીકુમાર શર્મા:

ભગવતીકુમાર શર્માકૃત ટૂંકીવાર્તા 'તરબોળ' નું વિવેચન વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક 'કથાપ્રત્યક્ષ' માં "ભગવતીકુમાર શર્મા કૃત ટૂંકીવાર્તા 'તરબોળ' એક આસ્વાદ" શીર્ષક હેઠળ કર્યું છે.

પ્રસ્તુત લેખમાં વિજય શાસ્ત્રીએ 'તરબોળ' વાર્તા અંગે મુદ્દાસર નિરીક્ષણ આપ્યું છે. વાર્તાનાયક ભૂપતભાઇના પાત્રને કેમ્યુના વિ-નાયક સાથેનું સંધાન ધરાવતો દર્શાવી ભૂપતભાઇના ૪૭ વર્ષના કુંઠિત જીવનક્રમ એ જીવનક્રમ માંથી છૂટવાનું ઉદ્દીપન અને એમાંથી છૂટયા પછીની 'તરબોળ' થઇ જવાની સ્થિતિ દર્શાવી આપતા જણાવે છે કે,

***"તરબોળ થવાની એ ઘટનાનું સૂક્ષ્મ સંધાન પાત્રના વૈચારિક, સાંવેદનિક અને વાર્તનિક માળખા સાથે થયેલું છે. પાત્ર અને પરિસ્થિતિનો સંઘાત અને તેમાંથી નીપજતો અસામાન્ય ઘટનાસ્ફોટ કૃતિને આસ્વાદ્યતા અર્પે છે."[૪૪]***

**૧૦. વિદુલા - સુરેશ જોષીઃ**

સુરેશ જોષીકૃત ટૂંકીવાર્તા 'વિદુલા' નું વિવેચન વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક 'કૃતિગત' માં 'વિદુલાઃ તત્કાલીન નવ્ય ઉપક્રમ'શીર્ષક હેઠળ કર્યું છે.

લેખના શીર્ષક મુજબ 'વિદુલા' તત્કાલીન નવ્ય ઉપક્રમ શાથી? એવું દર્શાવવાનો વિજય શાસ્ત્રીએ અત્રે પ્રયાસ કર્યો છે. પોતાના હૃદયના ગુહયતમખંડોમાં ફરી વળેલી વિદુલાને છીછરા-સપાટ લોકો સાથે જીવવું પડે છે. તેના મનોસંચાલનોને સુરેશ જોષીએ પ્રસ્તુત વાર્તામાં સૂર્યકાન્ત પરીખ નામના લેખકના માધ્યમ દ્વારા અભિવ્યક્ત કર્યા હોવાથી આ પાત્રને વિજય શાસ્ત્રી સુરેશ જોશીના માઉથ પીસ જેવું ગણાવીને કૃતિના બંધારણ અંગે પોતાનું મંતવ્ય આ પ્રમાણે વ્યક્ત કરે છેઃ

***"પ્રસંગોના ચોસલાંથી Local habitation રચવાનો થયેલો પ્રયત્ન પુરતો કારગત નીવડતો નથી, ગઠ્ઠારૂપે રહી જતી ઘટનાઓ ફક્ત નૈમિતિક જ બની રહે છે. ઘટનાઓને જેવી છે તેવી પાત્રની સાંવેદનિક ગતિવિધિ સંદર્ભે જે ઘનતા-Density પ્રાપ્ત થવી જોઇએ તે થઇ શકતી નથી એટલે ઘટનાના વધુ પડતા***

***ભારથી દોદળી બની જવાના ભયસ્થાનોમાંથી તે ઊગરી જતી લાગે છે. તો***
***તરફ માનવ સંદર્ભોની પ્રતીતિકર યોજનાનું પોત પાતળું પડતું જણાય છે.”***[૪૫]

**૧૧. પન્નાભાભી – જોસેફ મેકવાનઃ**

જોસેફ મેકવાનકૃત ટૂંકીવાર્તા ‘પન્નાભાભી’ નું વિવેચન વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક ‘કૃતિગત’ માં કર્યું છે. પાત્રપ્રધાન આ વાર્તા વિશે વિજય શાસ્ત્રી જણાવે છે કે,

> ***“‘પન્નાભાભી’માં માત્ર પન્નાભાભીનું વિલક્ષણ ચરિત્ર નહી, તેમના જીવનમાં બનતી કેટલીક ઘટનાઓ પણ વિલક્ષણ હોઇ ચરિત્ર વતા ઘટના એમ બે ઘટકો કૃતિને વાર્તાક્ષમ બનાવે છે.”***[૪૬]

કથકની ‘ભાભી’ પ્રત્યેની સંવેદના, વાત્સલ્ય, ભાભીના જીવનના વળાંકો, કરુણતા તેમજ વાર્તાના અંત કથક અને ભાભી વચ્ચેના સંવાદો અને કૃતિમાં પ્રવેશતી વાર્તાત્મકતા કે નાટયાત્મકતા વિશે વિજય શાસ્ત્રીએ અત્રે સંક્ષિપ્ત ચર્ચા કરી છે.

**૧૨. વિકલ્પ – ગુણવંત વ્યાસઃ**

ગુણવંત વ્યાસકૃત ટૂંકીવાર્તા ‘વિકલ્પ’ નું વિવેચન વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક ‘કૃતિગત’ માં કર્યું છે.

નોકરીમાં નવા જોડનાર બાધરનું શાળાના આચાર્ય ભૂદેવના ઓરડા સુધી આવીને સભાન બની જવું ારા એનો છોછ દુર કરીને બહાદુરસિંહ નામ આપવું. વળી, પોતાના ‘સ્વ’ અને ‘નામ’ વિશે આંતરસંઘર્ષ ઉદ્ભવવો એવી કથાવસ્તુ તેમજ માનસિક સંચલનો વિશે વાત કરતાં આ કૃતિની વાર્તાક્ષમતા અંગે વિજય શાસ્ત્રી જણાવે છે કે,

***"પાત્રોના વ્યક્તિત્વોની ગતિવિધિને પુષ્ટ કરી આપનારા વર્ણનો અને યથોચિત સંદર્ભોની ગુંથણી 'વિકલ્પ' ને વાર્તાક્ષમ બનાવે છે."[૪૭]***

**૧૩. દોરડું લઇને કૂવામાં - સુમન શાહ:**

સુમન શાહકૃત ટૂંકીવાર્તા 'દોરડુ લઇને કૂવામાં' નું વિવેચન વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક 'કૃતિગત' માં કર્યું છે.

પ્રસ્તુત વાર્તામાં આલેખાયેલા ત્રણ યુગ્મો જેન્તિ-હંસા, પ્રકાશ-લીના, બાધક-કલી નું લેખકે કરેલું પાત્રનિરૂપણ સંવેદનજગત, જગતની ઘટનાઓ પરના ભિન્ન-ભિન્ન પ્રત્યાઘાતો, પ્રેમ-સંબંધ-ઉષ્મા-શુષ્કતાના, આરોહ-અવરોહો, સંબંધજન્ય ગૂંચવણો વગેરે વિશે વાત કરતાં વિજય શાસ્ત્રી આ રચના  અંગ પોતાનો અભિપ્રાય નોંધતા જણાવે છે કે,

***"સ્ત્રી-પુરૂષ સંબંધો, બીજા શબ્દોમાં કહીએ તો માનવસંબંધોની માણસે-માણસે પ્રગટતી પરસ્પર વિરોધી તરાહો, તેમાં રહેલી વક્રતાઓનું નિરૂપણ સુમન શાહે તાકયું છે. પાત્રરેખાઓ જાણીબૂઝીને માંસલ, સઘન થવા દીધી નથી આછા લસકાઓથી ધૂંધ -છબિઓ ઉપસાવાઈ છે. કથારસને કયાંય Melodrama માં સરી પડવા દીધો નથી. એક સતર્ક અને સભાન નિરૂપણકારના હાથે આ પ્રકારની જ રચના સાંપડે છે."[૪૮]***

**૧૪. માહીમની ખાડી - મધુ મંગેશ કર્ણિક - અનુ. દીપક મહેતા:**

મધુ મંગેશ કર્ણિકકૃત અને દીપક મહેતા દ્વારા અનુવાદિત મરાઠી નવલકથા 'માહીમની ખાડી' નું વિવેચન વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક 'સામંજસ્ય'માં કર્યું છે.

ઝુંપડપટ્ટી ને કેન્દ્રમાં રાખીને રખાયેલી આ કૃતિનો પરિચયાત્મક અહેવાલ આપીને એમા કેન્દ્રવર્તી તત્વ અંગે વાત કરવા વિજય શાસ્ત્રી જણાવે છે કે,

***"ઝુંપડપટ્ટીની આ આખીય વસ્તી અને તેના કરતૂતો સભ્ય અને સુસંસ્કૃત સમાજની દષ્ટિએ ક્યારેય માન્ય ન થાય એવા છે. પણ એ આખાય સમાજનું એક આગવું Ethics છે."***[૧૪૫]

આ Ethics વાચકના માનમાં આ દુરાચારી સમાજ પ્રત્યે વાચકના મનમાં કારુણ્ય તથા સમભાવ ઉપજાવવામાં કેવી રીતે સફળ થાય છે. એની ચર્ચા અત્રે વિજય શાસ્ત્રીએ કરી છે.

વિજય શાસ્ત્રીએ પીએચ.ડી.ની પદવી માટે પ્રસ્તુત કરેલ શોધનિબંધ ચાર વાર્તાકારો-એક અભ્યાસ-(જયંત ખત્રી, સુંદરમ્, ઉમાશંકર જોષી, જયંતિ દલાલ) ની વાર્તાઓનું રચનાદષ્ટિએ કર્યું છે.

આ શોધનિબંધની પ્રસ્તાવનામાં ટૂંકીવાર્તાના વિવેચન અંગે ટૂંકીવાર્તાના સ્વરૂપના ઉપલક્ષમાં વિવેચકીય કામગીરીની બ્લ્યુપ્રિન્ટ કેવી હોઇ શકે, વાર્તાના વિવેચનમાં અર્થઘટન, વર્ણન અને મૂલ્યાંકન વિશે તેમજ ટૂંકીવાર્તાની જીવનદર્શન, મનોવિશ્લેષણ અને કલાકીય હેતુઓ વિષયક ચર્ચા કરી છે. અત્રે એમણે ઉપરોક્ત ચાર વાર્તાકારોની વાર્તા ઓને રચનાતંત્રની દષ્ટિએ તપાસવાનો ઉપક્રમ રાખ્યો છે. તો વાર્તાના મૂલ્યાંકન-વિવેચનના એમના આ દષ્ટિકોણને ધ્યાનમાં રાખીને એ વિશે અભ્યાસ કરવાનો અત્રે ઉપક્રમ રાખ્યો છે.

**જયંત ખત્રીની વાર્તાઓ : રચના દૃષ્ટિએ**

**૧. અમે બુદ્ધિમાનો :**

'અમે બુદ્ધિમાનો' વાર્તાનાં શીર્ષકમાં રહેલાં વ્યંગ્યના કાકૂને ચરિતાર્થ કરવા માટે લેખકે કરેલા ભિન્ન-ભિન્ન વિભાવોની યોજના તેમ કૃતિના આરંભમાં અંત સુધી 'બુદ્ધિમાનો' ની 'વિડંબના', 'કરુણતા', 'કૃતકતા'ને ન્યાય ઠેરવવામાં પ્રયાસની નોંધ લેતાં વિજય શાસ્ત્રી એના રહેલી શિથિલતા તરફ પણ અંગૂલિનિર્દેશ કરે છે. એમના જ શબ્દોમાં જોઇએ તો,

***"કૃતિ અને કર્તા વચ્ચે જે Distance હોવું જોઇએ તે નથી રહેતું અને પોતાના અભિપ્રે[redacted] દ્ધ કરવા વાર્તાપ્રપંચનો એક સાધન લેખે ઉપયોગ કરી છૂટનાર ખત્રીએ અહીં સંયત રહીને પાત્રોની Otherness વિકસવા દીધી હોત તો કૃતિ વાર્તાભાસી Debate બનતાં બચી ગઇ હોત. વાર્તામાં, કલામાં બધુ ઉપજાવેલું જ હોય પણ એ ઉજાવેલું લાગવું ન જોઇએ. "[૪૯]***

**૨. લોહીનું ટીપું:**

લુહારનો વ્યવસાય કરતાં ભારાડી બેચરના જેલવાસ, પત્નીવિયોગ, પુત્રઉછેર અને એ પુત્રનું બાપીકા ધંધામાંથી મન ઊઠી જવાથી પોતાના લોહીથી દીકરાનું લોહી જુદી દિશામાં વહેવા લાગ્યું એનો ઊંડો રંજ એના દુરિતને ઓગાળી દે છે અને એના પાત્રની આ જ વિશેષતા વાર્તાને આસ્વાદ્ય બનાવે છે. એ અંગે ચર્ચા કરીને વિજય શાસ્ત્રી નોંધે છે કે,

***"સમગ્ર કૃતિ તેમાં અનુસ્યૂત વેધક વક્ર પરિસ્થિતિ (Irony)ને કારણે આસ્વાદ્ય બની છે. લેખકની કલમ અહીં જે ઘટનાઓનું જાળું રચે છે તે ઘટનાઓ પોતે જ એક વિલક્ષણ Irony અને તજજન્ય કરુણનો અનુભવ કરાવ્યો છે."[૫૦]***

**૩. દામો અરજણ:**

પાગલ દામા અરજણ નામના પાત્રની આસપાસ રચાયેલી આ કૃતિને વિજય શાસ્ત્રી પાગલ વ્યક્તિની Case history બનતા ઊગરી ગયેલી કૃતિ તરીકે ઓળખાવીને ખું

રચના દ્રષ્ટિએ મહત્ત્વના પાત્ર દામાના આલેખનને કલાકૃતિ બનાવવાની ક્ષમતાની નોંધ લેતા જણાવે છે કે,

> ***“જીવંત માનવીઓ પ્રત્યે અપાકર્ષણનો શિકાર બનેલા દામાનું પાત્ર આપણાં વાર્તાસાહિત્યમાં તેની ઝટ ન પરખાય એવી સંકુલતાને કારણે, વાસ્તવમાં, કરુણતાને પાત્ર બનતું હોવાં છતાં બહારથી કદાચ ઘૃણા યા તિરસ્કારને પાત્ર બની રહેવાની તેની તિરોહીત કરુણાસ્પદતાને કારણે ચિરસ્મરણીય પાત્રોમાનું એક બની રહે તેવું છે.”***[૫૧]

**૪. કાળો માલમ :**

અનિષ્ટને પણ પોતાના એક આગવું વ્યાકરણ હોય છે. એ કેન્દ્રવર્તી વિચારની આસપાસ લેખકે આલેખેલી સૃષ્ટિનો પરિચય વિજય શાસ્ત્રીએ અત્રે કરાવ્યો છે.

દરિયામાં વહાણોના સુકાન બાંધનાર કાળા માલમના જીવનનું સુકાન અજાણતા થયેલા નૈતિક સ્ખલનના કારણે ખરાબે ચડી જાય છે. એનું અત્યંત સંયત, માનવીના અસંપ્રજ્ઞાત નિર્દેશતું અને અવૈદ્ય જાતીય સંબંધને રચનારીતિના ભાગ તરીકે આલેખીને લેખકની કુશળતા, કાળા માલમના ભૂતના સ્વરૂપમાં તેની પ્રતિષ્ઠા-કુળમર્યાદા ને સાચવવાની પ્રતિબદ્ધતા પ્રતીકાત્મક રીતે રજૂ કરવાની લેખકની કલા, તેમજ કાળા માલમ માટે જે અજાણતા થયેલું સ્ખલન હતું એ નાના ભાઈની પત્ની માટે પોતાની અતૃષ્ટ

ઇચ્છાપૂર્તિ માટેનો વ્યભિચાર હતો એનો પરિસ્થિતિજન્ય થતો સ્ફોટ વગેરેની વિજય શાસ્ત્રીએ પ્રસંશાપૂર્વક નોંધ લીધી છે.

**૫. હીરો-ખૂંટઃ**

હીરો-ખૂંટ વાર્તાના વિવેચનના આરંભે વિજય શાસ્ત્રી પ્રશ્ન મૂકે છે કે, આ વાર્તામાં કશું જ અસામાન્ય નથી, અને હીરો ખૂંટ નામે મારકીટમા બાદશાહ તરીકે વગોવાયેલા બળદનું જ વૃતાંત છે. સીધા-સાદા, અસામાન્યતા વગરના આ કથાનકમાં એવું કયું જકડી રાખનારું તત્વ છે કે, જે ભાવકને કરુણતાનો અનુભવ કરાવે એની વાર્તાસ્વરૂપની લાક્ષણિકતાના સંદર્ભમાં ચર્ચા કરીને લેખકે પ્રસંગાલેખન અને પરિસ્થિતિ નિર્માણથી સર્જેલી Total Effect ની નોંધ લે[redacted]

***"પશુવ્યવહાર અને માનવવ્યવહાર યા પશુ પ્રત્યે જીવદયાનો બોધ આપ્યા વગર, માત્ર પશુવ્યવહાર અને તેનું અર્થઘટન કરતા માનવવ્યવહારની કેટલીક ઘાતક કરુણોત્પાદક અને વ્યંગાત્મક વિગતોને લઇને આ વાર્તા શક્તિશાળી બની છે."***[૫૨]

**૬. આનંદનું મોતઃ**

દર્દી વાલજીનું[redacted] છે. હોસ્પિટલમાંથી મુક્તિ પામીને ઘરે આવતો ક્ષયગ્રસ્ત વાલજી ઘર પહોંચતા સુધીમાં અત્યાર સુધી પ્રત્યક્ષ સંપર્ક કપાઇ ગયો છે એવી બાહ્ય દુનિયા પ્રત્યે જે આંતરિક મનોસંચલનો અનુભવે છે. તેનું તાદેશ ચિત્ર જયંત ખત્રીએ આપ્યું છે. તેની નોંધ લતા વિજય શાસ્ત્રી સમગ્ર કૃતિના રચનાતંત્ર અંગે પોતાનો અભિપ્રાય નોંધતા જણાવે છે કે,

***"ખાસ કશી બાહ્ય યા સ્થૂળ કે સનસનાટીપૂર્ણ ઘટનાઓની મદદ લીધા વગર વાલજીના મનોભાવોનો ક્રમિક આલેખ દોરતાં જઇ તેની કલાપૂર્ણ અને કરુણતાપૂર્ણ પરાકાષ્ઠા લેખકે યોજી બતાવી છે."***[૫૩]

### ૭. બંધ બારણા પાછળ:

મુગ્ધ કન્યા મંગળાના વેશ્યા તરીકે થતા પતન માટે જવાબદાર પરિસ્થિતિનું આલેખન અને આકલન કરવાની લેખકની કુશળતાની નોંધ અત્રે વિજય શાસ્ત્રીએ લીધી છે.

મંગળાને 'પત્ની' તરીકે અસ્વીકાર કરનાર અને પરોક્ષ રીતે એના પતન માટે જવાબદાર બનેવી ચંપક 'વેશ્યા' તરીકે એને અપનાવે છે. એવી સ્થૂળ લાગતી બાબતને લેખકે મંગળાના સૂક્ષ્મ મનોભાવોને આલેખી એના કરુણને સચોટ બનાવ્યો છે. અંતે વિજય શાસ્ત્રી લેખક તરીકે કલાકાર નો આવિર્ભાવ થતો બતાવે છે.

### ૮. અવાજ-અજવાળા:

ચોક્કસ ભાવપરિસ્થિતિ અને રહસ્યાત્મક ભાવપરિવર્તન ની લાક્ષણિકતા ધરાવતી આ કૃતિમાં ઘરની ત્રાસદાયક સૃષ્ટિમાંથી છૂટકારો મેળવવાં મથતો નાયક બહાર એ શોધે છે. પરંતુ બહાર પણ મુક્તિનો અનુભવ ન થતાં ઘર પ્રત્યેના મમત્વથી ખેંચાઇને ઘરે પાછો આવે છે. અને ઘરે પણ એની આ છૂટકારાની રાહતભાવના ઝુંટવાઇ જાય છે. એવા સામાન્ય વિષયવસ્તુને લેખકે વાર્તાનાયકની ઘરથી બહાર અને બહારથી ઘર સુધીની અંતરિક મનોયાત્રાનો આલેખ આપીને કૃતિને સૂક્ષ્મતા અર્પી છે. તેની વિજય શાસ્ત્રીએ અત્રો પ્રસંશાપૂર્વક નોંધ લીધી છે.

### ૯. શેર માટીની ભૂખ:

સંતાન સુખથી વંચિત, અને પરિણામે સામાજિક તિરસ્કૃતિનો ભોગ બનતી નાયિકા પદ્માના જીવનમાં પતિના મિત્રનું આગમન થાય છે અને એના અવૈદ્ય જાતીય સંબંધથી સંતાનપ્રાપ્તિ પણ થાય છે. પરંતુ પદ્માનો અંતરાત્મા એને સતત ડંખ્યા કરે છે.

એનું અંતઃકરણ જ એનું શત્રુ બની રહે છે. અને જે સંતાનસુખ એના માટે ઇષ્ટ હોય છે. તે અનિષ્ટનું કારણ બની રહે છે. લેખકે આલેખેલ પદ્માના વ્યક્તિત્વ તેમજ પરિસ્થિતિજન્ય કરુણની વિજય શાસ્ત્રીએ નોંધ લીધી છે. પરંતુ વાર્તાના અંતમાં પતિના મૃત્યુ અને મિત્રના ચાલી જવાની ઘટનાને વિજય શાસ્ત્રીએ સ્થૂળ અને કરુણને ઉપજાવવાની કરામત ગણાવી વાર્તાની કલાત્મકતા માટે જોખમકારી ગણાવી છે. અહીં વિજય શાસ્ત્રીના વિવેચનવિષય તાટસ્થ્યના દર્શન થાય છે.

### ૧૦. ખીચડીઃ

ગરીબીમાં સબડતી લખડીના જીવનમાં રહેલી યાંત્રિકતા, એકધારાપણું, શુષ્કતા અને જીવનને પરાણે વેંઢારવું પડે એવી કરુણ પરિસ્થિતિની વચ્ચે એના અસંપ્રજ્ઞાત મનમાં ધરાયેલી જીવનરસને માણવાની તીવ્રતમ ઇચ્છાનું તેમજ એ ઇચ્છાનો પરિતોષ થાય અને ખીચડી માટે ફાંફા મારતી કુટુંબને ફરજપરસ્તી તરીકે નભાવી શકાય એવી ઊભી થતી પરિસ્થિતિ એને શંકર શેઠની શય્યા સંગિની બનાવવા તરફ દોરી જાય છે. એ વખતે થતાં માનસિક ચઢાવ-ઉતાર અને એ જૂની મુગ્ધ લખડીનું નફ્ટાઇભરી લખડીમાં થતું પરિવર્તનનો લેખકે બોલકા બન્યા વગર આલેખ આપીને વાર્તાને કલાત્મક ઓપ આપ્યો છે. એને વિજય શાસ્ત્રીએ કૃતિના રચનાતંત્રની વિશિષ્ટતા ગણાવી છે.

### ૧૧. મહમદઃ

'મહમદ' વાર્તામાં મહમદના વ્યક્તિત્વની લાક્ષણિકતા જ કેન્દ્રમાં છે. પણ એનો ઉપસાવવા માટે લેખકે આલેખેલ ઘટનાઓનું જાળું કલાનો ઉન્મેષ પ્રગટાવતું નથી એવો મત અત્રે વિજય શાસ્ત્રી આપે છે.

**૧૨. કિરપાણઃ**

પંજાબના અમાનૂષી અત્યાચારનાં પરિણામે વિકૃતિ મનોદશાનો શિકાર બનેલી પન્નાના પાત્રની વૈચારિક અને વર્તનની વિચિત્રાતાને નિરૂપતી આ કૃતિની રચનારીતિ વિષયક તેમજ પન્નાના વર્તન પાછળની પરિસ્થિતિના વર્ણનમાં રહેલી રહસ્યત્મકતાના આલેખન વિષયક ચર્ચા અત્રે વિજય શાસ્ત્રીએ કરી છે.

**૧૩. પ્રતાપ ઓ, પ્રતાપઃ**

જયંત ખત્રીની ઉપરોક્ત વાર્તામાં પ્રતાપને બનાવટી પ્રે

સાચા પ્રે લેખનની વાતને વિજય શાસ્ત્રી નિરૂણપરીતિની દૃષ્ટિએ શ્રેષ્ઠ વાર્તા ગણાવીને વાર્તામાં નિરૂપણરીતિ અંગે અન્ય વિદ્વાનોના અભિપ્રાયો ટાંકીને એ અંગે તાત્વિક ચર્ચા કરી છે.

**૧૪. કૃષ્ણ જન્મઃ**

ખત્રીની 'કૃષ્ણ જન્મ' વાર્તા અને એની સાથે સામ્ય ધરાવતી સુરેશ જોષીની 'જન્મોત્સવ' વાર્તા તેમજ એ અંગે

અંગે પોતાનો અભિપ્રાય આપતા નોંધે છે કે,

> ***"સમગ્ર રચનામાં દીનજનવાત્સલ્ય અને તવંગરો પ્રત્યેનો પ્રચ્છન્ન રોષ ઉઘાડો પડી જતો હોવા છતાં વિસંવાદી સ્થિતિનું નાટયાત્મક આયોજન, જન્મ વિરુદ્ધ મૃત્યુની ઘટના અને જનકની માના પાત્રને કેન્દ્રમાં રાખીને જનક વડે થતી સંક્રમણલીલા વાર્તાના આસ્વાદ્ય અંશો બન્યા છે."***[૫૪]

**૧૫. વાંસડી :**

કાવ્યાત્મક અનુભૂતિની લગોલગ પહોંચતી બંસીવાદક પીરમહમદની બાહ્ય ભૌતિકતાથી પર અને અંતરના ઊંડાણને સ્પર્શતી બંસીવાદનની કલા તેમજ એની વ્યક્તિગત એકલતા અને કલાનો સંબંધ-તેમજ આ તમામ પાસાને રજૂ કરવાની ખત્રીની વાર્તાકલા વગેરે પાસા અંગે અત્રે વિજય શાસ્ત્રી ચર્ચા કરી છે.

**૧૬. સસીનો અંતકાળઃ**

પ્રસ્તુત વાર્તામાં મુખ્ય પાત્ર સસીનું છે. સ્વાધીનતાપ્રે[illegible] દયામાયાથી પર એવી નિજી સ્વતંત્રતા પ્રત્યેના લગાવનું નિરૂપણ કર્યું છે. પતિ, માતા, પિતા અને અંતે ભાઇના મૃત્યુ પછી પણ મનોમન એક અજબ સ્વતંત્રતાની એને અનુભૂતિ થાય છે. સાથે-સાથે વ્યવહારજગતના ઘર્ષણમાં જાત સાથે ઉદ્ભવતો સંઘર્ષ અને દુકાળની ભીષણતાના કારણે અનુભવાતી લાચારી સામે પણ આંતરિક ખુમારી ટકાવીને અંતે મૃત્યુને શરણે જવામાં પણ દૈન્યતાના બદલે મુક્તિનો થતો અહેસાસ વગેરેનું અત્યંત ખૂબીપૂર્વક અને સૂક્ષ્મતાપૂર્વક વાર્તાસ્વરૂપે આલેખન કરવાની લેખકની ક્ષમતાને વિજય શાસ્ત્રી અત્રે બિરદાવે છે.

**૧૭. તેજ, ગતિ અને ધ્વનિઃ**

પ્રસ્તુત વાર્તામાં વિધુર પ્રસાદજી તેમજ માવિહોણી કસ્તુરના સંબંધોમાં વાત્સલ્ય ભાવનું જાતીય આકર્ષણમાં થતું પરિવર્તન અને બૌ[illegible] પ્રયાસોના ભાગરૂપે કસ્તુરના નરપત સાથે થતાં લગ્ન કસ્તુરની જાતીય અતૃપ્તિ, મનમાં ઘુંટાયા કરતો પ્રસાદજી પ્રત્યેનો લગાવ જેવા મનોવૈજ્ઞાનિક સંચલનોને જયંત ખત્રીએ પ્રતીકોના વિનિયોગ દ્વારા આલેખીને લેખકે ઉત્તમ કલોન્મેષ સાધી આપવામાં કેવી સફળતા મે[illegible] છે એ અંગે અત્રે વિજય શાસ્ત્રીએ ચર્ચા કરી છે.

**૧૮. ધાડઃ**

જયંત ખત્રીની પ્રસ્તુત વાર્તામાં બાહ્ય જગતમાં રુક્ષ અને શુષ્ક લાગતો રૂકદાવર પુરૂષ ઘેલો આંતરિક રીતે નપુંસકતાના લાઘવથી પીડાતો હોય છે. અને આ જ પીડા એને જગત પ્રત્યે તેમજ એની સુંદર પત્ની પ્રત્યે ક્રુર બનાવે છે. એની વિગતો આપી એનો પાત્રનું મનોવૈજ્ઞાનિક વિશ્લેષણ આપીને વિજય શાસ્ત્રીએ અંતે ‘ધાડ’ પાડતી વખતે જુવાન સુંદર યુવતી સામે આંતરિક મનોયુદ્ધના પરિણામે પક્ષઘાતના હુમલાનો ભોગ બનતો ઘેલો Tragic પાત્ર નથી પણ Pathetic પાત્ર કઇ રીતે બને છે. તેની તેમજ આ સંદર્ભે અન્ય વિવેચકોએ [redacted]

**૧૯. માટીનો ઘડોઃ**

વિધુ [redacted]

રચનારીતિ અંગે પોતાનો અભિપ્રાય નોંધતા વિજય શાસ્ત્રી જણાવે છે કે,

***“‘માટીનો ઘડો’ રચના તેની ઘણી બધી શિથિલતાઓ સાથે પણ લેખકની વિશિષ્ટ ભાવનિરૂપણ રીતિને કારણે છેક નીરસ બનતી અટકી જાય છે.”*** [૫૫]

આ ભાવ નિરૂપણને માટે ઉપસાવેલી ઘટનાઓ પરિવેશ અને પ્રતીકોની ચર્ચા તેમજ રાણલની સાહેબની મૃતક પત્ની રાણીમાં રૂપાંતરિત થવાની આંતરિક ઇચ્છા અને સહવાસ બાદ સાહેબનું રાણલ પ્રત્યેનું શુષ્ક વર્તન તેમજ સમગ્ર ઘટનાક્રમમાં ‘માટીના ઘડા’નો થતો પ્રતીકાત્મક વિનિયોગ વગેરેની ચર્ચા અત્રે વિજય શાસ્ત્રીએ કરી છે.

**૨૦. ખરા બપોરઃ**

‘ખરા બપોર’ વાર્તામાં સ્ત્રી પુરૂષ સંકુલ સંબંધોની ગતિવિધિ, સ્ત્રીના મનોજગતનું નાટયાત્મક અને રહસ્યાત્મક નિરૂપણ, વિશાળ શુષ્ક રણના પ્રકૃતિ સંદર્ભો સાથે

એનો તાલમેલ, પુરૂષની ખોરાક શોધની નિષ્ફળતા, પરસ્પર પ્રગટતો તિરસ્કાર છતાં સમાગમ પ્રસંગ વગેરેનું આલેખન કરીને એમાં રહેલી વક્રતા તેમજ ફકીરગમનનો પ્રસંગ વગેરેની સૂક્ષ્મ નોંધ લઈને વિજય શાસ્ત્રી અત્રે વાર્તાના શીર્ષકની ઉચિતતાની પણ યોગ્ય સંદર્ભો સાથે નોંધ લે છે.

**૨૧. ગોપોઃ**

'ગોપો' વાર્તામાં લેખકે ગોપા નામના પાત્રનું પશુ જેવું જીવનનું આલેખન કરતાં રહીને વચ્ચે એનામાં ક્યાંક 'માણસપણું' ધબકે છે એનો નિર્દેશ પ્રસંગો પ્રતીકો અને રૂપકો દ્વારા કેવી રીતે કર્યો છે. એ અંગે વિજય શાસ્ત્રીએ પોતાનો વિશ્લેષણાત્મક મત પ્રગટ કર્યો છે.

**૨૨. ઈશ્વર છે?:**

'ઈશ્વર છે?' વાર્તાની શરૂઆતમાં નારણ દ્વારા 'ઈશ્વર' ની શોધ એ કોઈ ઈશ્વર નામની વ્યક્તિની ખોજ છે કે, પછી 'ઈશ્વર'ની શોધ છે તેવા રહસ્યપૂર્ણ વાતાવરણથી વાર્તાનો આરંભ કરીને લેખક બાપ નારણ અને દીકરા ઈશ્વરનાં પારસ્પરિક સંબંધો, દીકરાની સોનીકામની કળાસૂઝથી થતો અહોભાવ, બંને વચ્ચે રચાતો સેતુ અને 'કદર' ની બાબતે બંને વચ્ચે થતાં મતભેદની પરાકાષ્ઠા તેમજ ઈશ્વરનું લાપતા થવું અને ઉત્તમ કદર થયા બાદ ઊભો થતો અવસાદ વગેરેને લેખકે વાર્તાના માધ્યમથી નિરૂપીને જીવનની સફળતાપૂર્વક વિડંબનાના કરુણને કલાકીય અભિગમથી મૂકી આપ્યો છે. તેની સવિગત ચર્ચા વિજય શાસ્ત્રીએ અત્રે કરી છે.

## સુંદરમની વાર્તાઓ - રચનાદૃષ્ટિએઃ

### ૧. ગોપીઃ

ગામડાગામમમાં પરંપરાગત લગ્નપ્રસંગમાં યોજાયેલા એક કોમના ગીતનૃત્યનાં કાર્યક્રમમાં 'ગોપી' પૂર્ણ ભાવાત્મયતાથી ગોપીભાવ અનુભવતો નૃત્યમય બનીને અંતે ઢળી પડે છે. એ કલાની પરાકાષ્ઠાની ક્ષણે અ[redacted]

ખંખેરવા એની મનોમન ગણતરી કરે છે. જ્યારે યજમાનપક્ષ કેવી રીતે પૈસા આપવાનું ટાળવું એની ફિરાકમાં છે એવી કૃપણતાની પરાકાષ્ઠાનું લેખકે કેવી કુશળતા પૂર્વક આલેખન કર્યું છે. એની સ-વિગત ચર્ચા કરીને વિજય શાસ્ત્રીએ અત્રે નોંધ લીધી છે કે,

> ***"'ગોપી' વાર્તાને એકાદ સૂત્રરૂપે મૂકવી હોય તો 'દુન્યવી વ્યવહારોની ક્ષુદ્રતા વચ્ચે રહીને તેની ઉપર ઊઠતી ભાવોદ્રેકતા' એમ મૂકી શકાય. અહીં લેખકે શીર્ષકને પણ રચનાના ધ્વનિના સૂચન તરીકે પ્રયોજ્યું છે."[૫૬]***

### ૨. ગટ્ટીઃ

'ગટ્ટી' એ દામ્પત્ય જીવનના એક પાસાને ધ્યાનમાં રાખીને લખાયેલી કૃતિ છે. જેમાં સામાન્ય કરતા વધારે ઊંચાઇ ધરાવતો પતિ અને સામાન્ય કરતા ઓછી ઊંચાઇ ધરાવતી પત્નીએ, બંને દ્વારા ઊંચાઇના તફાવતના પરિણામે અનુભવાતો ક્ષોભ તેમજ સામાજિક પરિવેશ, વીરજી આઠ વર્ષ ઘરે આવ્યો પરંતુ એણે જોવા મળેલું અણધાર્યું વાતાવરણ વગેરેનો ચિતાર આપીને છેલ્લે એક માળા પર ઊંઘતા ચકલા-ચકલીનું દૃશ્ય સુખ એનામાં ઉમળકો જગાડે છે. અને એ બધી વ્યથા ખંખેરીને ગટ્ટી ને અપનાવે છે. પરંતુ આ સમગ્ર કૃતિમાં કલાતત્વનો ભોગ લેવાયો હોય એવો મત દર્શાવતા નોંધે છે કે,

***"આ બધુ કશીક સભાન ગોઠવણી જેવું લાગે છે. ચકલા-ચકલીના દશ્યમાં, સ્વાભાવિકતા અલબત છે. ને ત્યાં જ લેખકે વીરજીના મનોપરિવર્તનનો નિર્દેશ આપી અટકી જવાનું પસંદ કર્યું હોત તો કલાત્મકતા સૂચનાત્મકતાને લીધે જોખમાતી અટકી જાત. "[૫૭]***

**૩. ભીમજીભાઇ:**

કૃતિના મુખ્યપાત્ર ભીમજીભાઇના તકલાદી ગાંધીવાદ અને વિજયનું એમના પરત્વનું આકર્ષણ અને એ[redacted] અંગે પોતાનો અભિપ્રાય આપતા નોંધે છે કે,

***"વાર્તાકૃતિમાં બનાવો ઘણીવાર સામાન્ય જ હોય છે. તેના કાકૂ અને તે વડે ઊપસતા પાત્રના વ્યક્તિત્વને લીધે કૃતિ આસ્વાદ્ય બનતી હોય છે. એ જોતા 'ભીમજીભાઇ' જેવી કૃતિમાં 'શું[redacted] મહત્ત્વ ન રહેતાં જે કંઇ બને છે તે, તેની સાથે સંબંધિત પાત્રોના વ્યક્તિત્વોને કેવી રીતે ઊપસાવે છે. તેનું મહત્ત્વ વધે છે."[૫૮]***

ઉપરોક્ત બાબતને અનુસંધાન પાત્રોની ગતિવિધિ ઘટનાક્રમો અને પરિવેશની લેખકે કરેલી ગ[redacted] છે.

**૪. મિલનની રાત:**

પત્નીના મૃત્યુ બાદ સાળી સાથેના સ્નેહભર્યા સંબંધો અને સાળી પત્ની બની શકે એવા સમાજમાન્ય રિવાજને કારણે એની આશામાં મનમાં સુખી સુંદર સંસારના સપના જોતો આશા હોણ  એની દરિદ્રતાને કારણે સામાજિક રિવાજ મુજબ નવી પત્ની એટલે કે સાળી માટે ઘરેણા બનાવડાવી શકવા તેમજ એના પિતાને બસો રૂપિયા આપવા અસમર્થ

બનતાં સર્જાતી કરુણતાને લેખકે કુશળતાપૂર્વક આલેખી છે. આ અંગે વિજય શાસ્ત્રી નોંધે છે કે,

> ***“પહેલી વારના ઘરભંગ કરતાં પાલી સાથેના આ માનસિક ઘરભંગની ઘટના, કરુણને વધુ વેધક બનાવી શકી છે, એમાં લેખકની કલાસિદ્ધિ અનુભવી શકાય.”***[૫૯]

**૫. નાગરિકાઃ**

જીવનરસથી ભરીભરી પત્ની અને શુષ્ક પતિના રુક્ષ વર્તનથી નીપજતી કટાક્ષમય છતાં કરુણતાને સૂચિત કરતી નાગરિકતાની હૃદયપરિસ્થિતિનું આલેખન સુંદરમે અનુરૂપ વિવિધ પ્રસંગ યોજના દ્વારા કર્યું છે. તેની નોંધ લેતા વિજય શાસ્ત્રી જણાવે છે કે,

> ***“પતિની જડતાના પર્યાય સમી આદર્શ પરાયણતાના સમ્ભવિત દુષ્પરિણામ (નિઃસંતાનપણું, અતૃપ્ત માતૃત્વ) અને ભાવિની આવી અમંગળ શંકા, જે નાગરિકાના હૃદયમાં મધુરાય છે તે, વાર્તાના અંત સુધીમાં નાગરિક ભણીનો પતિનો વ્યવહાર જોતાં આપણા માનસમાંયે સબળ બનતી જાય છે.”***[૬૦]

**૬. કૂતરાંઃ**

શાનિયા નામના પાત્રની પોતાના કૂતરા મોગરા માટેની બાળસહજ પ્રીતિ અને મોગરા પ્રત્યેની ગામલોકોની અસૂયા એ શાનિયા પ્રત્યેની અસૂયાને દર્શાવતી પ્રતિક્રિયા છે. એનું કુશળતાપૂર્વકનું આલેખન તેમજ મોગરાના મૃત્યુનું અજાણતા અતિપવિત્રતાના ડોળમાં કારણ બનતી ગોરાણી સ્વેચ્છાચારની પરાકાષ્ઠાએ લાલિયાના મા[illegible]
બને છે. એવા બે બિંદુની વચ્ચે લેખકે પ્રગટાવેલી વૃતિવિકાસની તરાહની ટેક્નિક અંગે વિજય શાસ્ત્રી નોંધે છે કે,

***"માનવીમાં રહેલી શ્વાનવૃતિના નિરૂપણને પ્રસંગો અને પાત્રોની સમાંતરે આગળ ધપાવવા રહેવાની ટેક્નિક તે કાળે આધુનિક કહેવાય એવી હતી."***[૬૧]

**૭. ખોલકી:**

સુંદરની ઉત્તમ વાર્તામાં સ્થાન પામતી 'ખોલકી' વાર્તામાં બાળવિધવા-મુગ્ધા ચંદન અને સ્ત્રીને માત્ર ઉપભોગનું સાધન ગણનાર આધેડ જેવા બરછટ પતિના ઓળખાણથી સહશયન સુધીના પ્રસંગોનું આલેખન છે. લેખકે વર્ણનરીતિ, પ્રસંગો, અને વર્તનમુદ્રા દ્વારા ચંદનના પતિની બરછટતા ઉપસાવી છે. તો સામા છેડે એ અંગેનો ચંદનનો અભિપ્રાય ક્યાંય નોંધ્યો નથી એ અંગે વિજય શાસ્ત્રી નોંધે છે કે,

***"પાત્રની મનઃસ્થિતિ ખુદ પાત્રને માટે જેટલી વિક્ષોભક નથી બનતી તેટલી, બલકે તેથી વધુ ભાવક માટે બને છે. આમ પાત્રભાવસ્થિતિ અને તે પરત્વે ભાવકની મનઃસ્થિતિ, એ બે વચ્ચે ભિન્નતા સિદ્ધ કરાઇ છે. અને વાર્તાની ટેક્નિકનો એક વિશેષ કહી શકાય."***[૬૨]

**૮. પુષ્પિતા અને ઉલ્કા:**

'પુષ્પિતા' એ છ ખંડમાં રચાયેલી કૃતિ છે. જયારે 'ઊલ્કા' વાર્તા અંગે વિજય શાસ્ત્રીએ માત્ર ઉલ્લેખ જ કર્યો છે. 'પુષ્પિતા' વાર્તામાં કથાનાયક તેમજ પત્ની લીલાના સામાન્ય જીવનમાં અસામાન્ય યુવતી જેનામાં જીવનનું રાગ, સૌંદર્ય, સંગીત વગેરેની વિશિષ્ટ સમજ છે તેની કેવી અસર થતી આવે છે. એના ક્રમશઃ આલેખનની ચર્ચા કરી છે. તેમજ સુંદરમની આ કૃતિના ધારી અસર ન નીપજાવી શકાવાના કારણોની ચર્ચા કરતાં વિજય શાસ્ત્રી અત્રે નોંધ છે કે,

***"કથનકેન્દ્રની અયોગ્ય પસંદગી સમગ્ર નિરૂપણની Authenticity-પ્રમાણભૂતતા ને કેવી તો જોખમાવે છે. એનું ઉદાહરણ આ 'પુષ્પિતા' તેમજ 'ઉલ્કા' જેવી રચનાઓ પુરુ પાડે છે."[૬૩]***

**૯. પ્રસાદજીની બેચેની:**

સમાજમાં સન્માનીય સદ્‌ગૃહસ્થમાં પ્રસાદજી નો આંતરિક અનાચાર અને વેશ્યાવૃતિ જેવા વ્યવસાયમાં પડેલી સ્ત્રીની સતાને ખૂબ જ વેધકતાથી લાઘવપૂર્ણ રીતે સુંદરમે આ વાર્તામાં ઉપસાવ્યા છે. તે અંગે વિજય શાસ્ત્રીએ અત્રે ચર્ચા કરી છે.

**૧૦. જમીનદાર:**

'જમીનદાર' વાર્તામાં શાહુકારોના હાથે થતું ગ્રામજનોનું શોષણ એવું અતિપ્રચલિત વિષયવસ્તુ હોવા છતાં એની પર છવાયેલો કલાનો સંસ્કાર સામાન્ય વિષયવસ્તુને અસામાન્ય આસ્વાદ્યતામાં કેવી રીતે પલટાવે છે. એ અંગે લેખકની કલાસૂઝ, પાત્રનિરૂપણ અને માનસિક વિશ્લેષણ સામાજિક પરિવેશમાં પણ રસાયેલી વૈયક્તિકતા વગેરેની પ્રસંશાપૂર્વક નોંધ લેતા વિજય શાસ્ત્રી અત્રે જણાવે છે કે,

***"સામાજિકતાનું પરિમાણ વાર્તામાં મોટો ભાગ રોકે છે એ ખરું પણ રસનું કેન્દ્ર એમાં નથી રહેલું એ તો રહેલું છે તન્નિમિતે ચગડોળે ચઢતાં પાત્રોના ભાવસંક્રમણોમાં; અને એટલે જ 'જમીનદાર' ને દીનજનવાત્સલ્ય ધરાવતીકૃતિ કહેવામાં ભાવરહસ્યને અન્યાય થાય તેમ છે."[૬૪]***

**૧૧. આશા:**

'આશા' વાર્તાને સુંદરમની અન્ય વાર્તાઓ, 'ખોલકી', 'પુષ્પિતા', 'ઊલ્કા' ની સગોત્ર ગણાવીને આશા નામની મુગ્ધ યુવતીના જીવનનાં એક નિશ્ચિત તબક્કાને કૃતિનું

કેન્દ્રસ્થાન બનાવીને લેખકે વાર્તાનો પિંડ રચ્યો છે. જેમાં આશા નામની મુગ્ધ, સુંદર, ગભરું યુવતી મા-બાપ અને ભાભીના સ્નેહની પરિચિત વિશ્વથી કુટિલ વ્યવહારજગતની દુનિયામાં પગ માંડવાની છે. અનિશ્ચિતિ પરિસ્થિતિમાં જવાની નિશ્ચિતતા અને એ સંદર્ભે પ્રગટતા આશાના મનોભાવો આ કૃતિનું કેન્દ્રબિંદુ છે. એવું જણાવતા વિજય શાસ્ત્રી નોંધે છે કે,

> ***"આશાની મનોદશાના આરંભના એક અને અંતના અન્ય સ્વરૂપ અને તેના સંક્રમણની પ્રક્રિયાના આલેખનથી વાર્તાનો પિંડ બંધાયો છે."***[૬૫]

**૧૨. માજા વેલાનું મૃત્યુ:**

ભિખારી કુટુંબનો મોભી માજા વેલાના મૃત્યુ પ્રસંગે પહેલાના વારસાને ટકાવી રાખે એવી સંતતિ અંગેના મનોભાવો અને એ નિમિતિ ભિખારીઓની જમાત અને એના સામાજિક પરિસર તેમજ જીવનલીલાનું આલેખન લેખકે કર્યું છે. તેનું વિવરણ આપી વિજય શાસ્ત્રી નોંધે છે કે,

> ***"કૃતિ દીનજનવાત્સલ્યના સન્નિવેશ ભલે પ્રાધાન્ય આપતી હોય તથાપિ વાત તો કરે છે. માનવીની સંપતિ વડે સ્વ-ને સતત કરી જવાની બીજાઓ વડે સ્વ-ને અ-મર કરી જવાની અદમ્ય ઝંખનાની."***[૬૬]

**૧૩. માને ખોળે:**

આરંભથી અનિષ્ટના બિહામણા ઓથાર જન્માવતી આ કૃતિમાં શબૂની માતૃત્વઝંખના અને પોતાના પતિનું જ બાળક એના ગર્ભમાં હોવા છતાં સસરા જ્યારે છીનાળ કહીને મારવા તૈયાર થાય છે. છતાં પણ પતિ એકરાર કરી શકતો નથી એ શબૂના કારુણ્યનું-મૃત્યુનું માતૃત્વ ધારણ કરવાના લીધે થતાં જીવનના અંતનું કારણ બને છે. એવા

વિષયવસ્તુ સાથે સુંદરમે અત્યંત બારીકાઇથી અને ખૂબીપૂર્વક કામ પાર પાડયુ છે. તેની નોંધ લેતા જણાવે છે કે,

> ***"'માને ખોળે' એ સુંદરમની, ચુસ્ત સંવિધાન અને સુચારુ અશિથિલ ભાવ નિરૂપણને કારણે પ્રભાવક બનતી રચના છે. એની ભાષા એના વર્ણનો એના ઘટનાઓની આનુપૂર્વી એ બધા દ્વારા રચાતું જતું એક આગવું વાતાવરણ અને આ સર્વ અંશોનો એકબીજા સાથેનો સંબંધ નિરૂપીને ધ્વનિને કલાના સ્તરે મૂકી આપવામાં કાર્યશીલ બને છે."***[૬૮]

**૧૪. અંબા ભવાની:**

'અંબા ભવાની' વાર્તામાં [illegible] સૂક્ષ્મતાથી અપાર્થિવ સ્તરે ઊંચકી આપીને લેખકે સૂક્ષ્મતાથી રૂઢ લોકમાનસનું આલેખન એક ચોક્કસ સામાજિક અને આગવા સ્થળ સંસ્કારના સંદર્ભમાં કર્યું છે. તેની સ-વિગત ચર્ચા અત્રે વિજય શાસ્ત્રીએ કરી છે.

**૧૫. મીનપિયાસી:**

જીવનમાં ભજન ભક્તિનો પ્રકાર માનતા અધ્યાત્મિક ડોસાને ભજનને વેપાર બનાવવો પડે છે એની કરુણતા સાથે-સાથે ઘરમાં થતાં મૃત્યુનું દુઃખ, નાની પૌત્રીઓને પણ ભજનના વેપારમાં જોતરવી અને જરાયે ન ગોઠતું યંત્રવાદી શહેરી વાતાવરણની વચ્ચે પીસાતા ડોસાનું પાણી માંયે તરસી રહેતી માછલી જેવી પરિસ્થિતિનો સામનો કરતું અને અંતે એવી જ ભાવવસ્થામાં મૃત્યુને ભેટતું પાત્ર-આ વિષયવસ્તુ દ્વારા પ્રગટતી લેખકની શક્તિ અને મર્યાદા અંગેનું વિજય શાસ્ત્રીએ આપેલું નિરીક્ષણ એમનાં જ શબ્દોમાં જોઇએ તો,

*“સુંદરમની વાર્તાકાર તરીકેની સઘળી શક્તિ અને મર્યાદા આ કૃતિમાં પ્રગટ થાય છે. તે કાળે લેખકોને આકર્ષી ગયેલા પ્રગતિવાદ અને પ્રતીકવાદી દીનજનવાત્સલ્ય અને શહેરીકરણનાં દૂષણો સામેનો રોષ, કૃતક સભ્યતા પ્રત્યેનો રોષ અને ગ્રામસંસ્કૃતિ પ્રત્યેનો અનુરાગ એ બધું જ અહીં છે. અધ્યાત્મિક અને ભક્તિમાં મસ્ત એવા જીવોને કઠતી આ જગતની વ્યવહારની આંટીઘુંટીઓ અને તેમાંથી મૃત્યુ દ્વારા જ સાંપડતો મોક્ષ અ[redacted] આસ્વાદ્ય બનાવે છે. છતાં જે ઘુંટાઈને કહેવાવું જોઈએ તેને ફોડ પાડીને સમજાવીને કહેવા જવાના ઉપક્રમને લીધે તેની પ્રભાવકતામાં પણ ઓટ આવે છે. અને એક પુંસક કથાબીજ વણસી ગયું હોવાની છાપ પડે છે.”*[૬૮]

**૧૬. હલાવીને પીવીઃ**

આઠ વર્ષના કિશોર રમણીકની માંદગી અને એ નિમિતે થતાં વિવિધ વ્યવહારોનું લેખકે બારીકાઈથી નિરૂપણ કર્યું છે. દવાની શીશીઓ ‘હલાવીને પીવી’ એવી સૂચનાનો સંદર્ભ શીર્ષક તરીકે પ્રયોજીને લેખકે નિરૂપેલા કેન્દ્રસ્થ વિષયની સ્પષ્ટતા આપતા વિજય શાસ્ત્રી નોંધે છે કે,

*“માનવસમાજને ઉપચારોમાં, વ્યવહારોમાં રહેલાં વિધિવિધાનોમાં, ‘હલાવીને પીવી’ જેવા બાહ્ય લેબલોમાં જ રસ છે. મૂળ તથ્ય કે મૂળ દ્રવ્ય વિશે તે સાવ બે[redacted] ્યતા અને આંતરિક દ્રવ્ય પારખવાની વૃતિશક્તિના અભાવને પરિણામે સરજાતી કરુણ પરિસ્થિતિ આ વાર્તાનાં કેન્દ્રસ્થ વિષય છે.”*[૬૯]

### ૧૭. ગોદડીની ઊંઘ:

ગોદાવરી નામની બાર વરસની મુગ્ધ કન્યા જેનો સાવકો પિતા શેઠિયાલોકને ત્યાં પગી તરીકે કામ કરે છે. એવા લોકોની તમામ સુખ-સુવિધા અને માંદગીમાં પણ રહેલી સુખાનુભૂતિને માંણવાના મનોમન સ્વપ્ન જોવે છે. અહીં લેખક આર્થિક અસમાનતા અને તેના જ ભાગરૂપે[redacted]

આલેખન કરવામાં સફળ રહ્યા છે. તેની નોંધ લેતા વિજય શાસ્ત્રી જણાવે છે કે,

> ***"આ રીતે ત્રીસીના ગાળાની સામાજિક-આર્થિક એવી લાક્ષણિક સમસ્યાને કેન્દ્રમાં રાખી, તેમાંથી મનુષ્યસ્વભાવના કોઈ સ્થાયી વલણની-તદંગર્ત વક્રતા-વાર્તા લેખકે સરજી છે."[૭૦]***

### ૧૮. ઈવનિંગ ઈન પેરિસ:

પ્રસ્તુત વાર્તામાં બાર વર્ષ બાદ વિખૂટા પડેલાં પતિ-પત્ની કોઈના 'લગ્ન' નિમિતે મળે છે. તે સ્ફોટ અને નાટયાત્મક પરિસ્થિતિનું આલેખન છે. પરંતુ સર્વજ્ઞના કથનકેન્દ્રથી કહેવાયેલી આ વાર્તાના અમુક મુદ્દાઓ ગળે ઊતરે એવા નથી એની નોંધ લેતા વિજય શાસ્ત્રી જણાવે છે કે,

> ***"લાગણીઓનું પ્રવર્તન અને લાગણીઓની પ્રવર્તન લીલાનો હેવાલ; એ બેની વચ્ચે અનુક્રમે પ્રત્યક્ષવત્ અને પરોક્ષતાનો જે ભેદ છે તે અહીં આસ્વાદને માટે બાધક બને છે."[૭૧]***

## ઉમાશંકર જોષીની વાર્તાઓ :

### ૧. પગલીનો પાડનારઃ

ડોસા શાંતરામને ત્યાં પૌ[redacted] જન્મેલા પુત્ર કિશનને ત્યાં વારાફરતી દીકરીઓનો જન્મ થાય છે. અને ડોશાની વંશવેલો ટકાવવાની પૌત્રઝંખના અત્યંત તીવ્રતા ધારણ કરે છે. એવું વિષયવસ્તુ પ્રસ્તુત વાર્તાનું કેન્દ્રસ્થ છે. અહીં લેખકે સામાજિક અને મનોવૈજ્ઞાનિક બંને પાસાને સમુચિત રીતે ઉપસાવ્યા છે. પૌત્રઝંખનામાં મરણશય્યાએ પડેલાં ડોસાને જીવનની અંત ઘડીએ એ ઝંખના તૃપ્ત થવાના સમાચાર મળવાં છતાં અત્યંત નિરાશ ડોસા એ માની શકતાં નથી. એ કરુણને લેખકે અત્યંત વેધકતાની નિરૂપ્યો છે. એની નોંધ લેતા વિજય શાસ્ત્રી જણાવે છે કે,

> ***"ઉમાશંકરે નાટયાત્મક રીતિએ એક ખૂબ જ સ્વાભાવિક વિષયવસ્તુને ઉપાડી નિરાશાનું વ્યાકરણ વાર્તામાં રચી આપ્યું છે. તળપદો પરિવેશ, પાત્રોની તળપદી વાણી, વર્તણૂક અને તળપદી રૂઢિ ડોસાની આ મનોજીવનકથાના હાડમાંસ છે."***[૭૨]

### ૨. હિલ્લીઃ

'હિલ્લી' નામની વાર્તામાં એક અનાથ છોકરી કે જેનો ઉછેર ગામના બાવાજી વાત્સલ્યપૂર્ણ રીતે કરે છે. તેમજ ગ્રામજનોના વાત્સલ્યનો પણ તેને લહાવો મળવા છતાં માતૃપ્રે[redacted]

આસપાસ રચાયેલી છે. જુદા-જુદા પ્રસંગો, ઘટનાઓ અને સંવાદો દ્વારા 'હિલ્લી'ની આ અતૃપ્ત માતૃત્વ ઝંખનાનું લેખકે નિર્દેશન કર્યું છે. અને અંતી 'હિલ્લી' જ્યારે પોતે માતા બને છે ત્યારે એના સંતાન પર ઓળઘોળ થઇને પેલી ઝંખનાને તૃપ્ત કરે છે. એવા કેન્દ્ર બિંદુ પર આ વાર્તા સમાપન પામે છે. એનો ઉચિત જણાવતા વિજય શાસ્ત્રી આ સંદર્ભે નોંધે છે કે,

***"આમ, પોતાને જે માતૃપૂ***

***સૂ***

***એક વ્યક્તિમાં (પોતાનામાં જ) માતા અને પુત્રી ઉભયનું અનુસંધાન કરે છે. એ વિલક્ષણ મનોઘટનામાં રહેલી છે."***[૭૩]

**૩. લોહી તરસ્યોઃ**

ગ્રામ સમાજની લાક્ષણિક ઘટનાઓ અને પાત્રોને આલેખતી આ કૃતિમાં ખુશાલ અને માધવ એ બંને ભાઇઓ વચ્ચે ખટપટ કરીને સાવકી બહેન ચતુર પોતાનો સ્વાર્થ સાધે છે. એ બાબતને અનેકાનેક વિગતોથી સાદૃશ્ય કરી આપી છે. તેમજ 'લોહી' ને વાર્તાનું કેન્દ્રવર્તી કલ્પન બનાવવા અસામાન્ય ઘટનાપ્રપંચ ઊપસાવ્યો છે. જેમાં માધવના દીકરા દીપુને લોહીની જરૂર પડે છે. તે લોહી ખુશાલનો દીકરો છગન વેરભાવથી ગણતરીપૂર્વક આપવા તૈયાર થાય છે. પરંતુ એનું માનસ દીપુના સાહચર્યથી અનુકંપા અને સહાનુભૂતિથી લાગણીથી માનસ પરિવર્તન થાય છે. અને લેખકને અભિપ્રે

છે તેની સ-વિગત છણાવટ કરતા વિજય શાસ્ત્રી અત્રે નોંધે છે કે,

***"વાર્તાની ચમત્કૃતિ એક ભાગ્યે જ બને એવી ઘટનામાં રહેલી છે. ભાગ્યે જ બને એવી હોવા છતાં એ ઘટનામાં અપ્રતીતિકર કે અસ્વાભાવિક ન લાગતાં કૃતિના સમગ્ર પ્રપંચના સંદર્ભે જોતાં, બની શકે એવી Probable લાગે છે. એમાં વાર્તા કૌશલ રહેલું છે."***[૭૪]

**૪. છેલ્લું છાણુંઃ**

'છેલ્લુ છાણું' વાર્તાના કેન્દ્રસ્થ વિષય તરીકે ઉમાશંકર જોષીએ કૌટુંબિક વેર - ઝેર છતાં અંતે તો એમનું સધાતું ઐકય એવો વિષય નિરૂપ્યો છે. પણ આ સાધ્યને સિદ્ધ

કરવા માટે લેખકે ઘણો અભ્યાસ કરેલો છે. એની કૃત્રિમતા ભાવકને કઠે તેવા સ્થાનોનો વિજય શાસ્ત્રીએ ઔચિત્યપૂર્ણ નિર્દેશ કર્યો છે.

**૫.મારી ચંપાનો વરઃ**

મનોવૈજ્ઞાનિક રહસ્યથી સભર અને રહસ્યગર્ભ ધરાવતી વાર્તા 'મારી ચંપાનો વર' રચનાનું બે સ્તર પર આલેખન થયું છે. જેમાં સામાજિક નીતિનિયમોનું સ્તર અને ચંપાની વિધવા માતા લક્ષ્મીના અસંપ્રજ્ઞાત માનસનું સ્તર પારસ્પરિક રીતે ગૂં
નિર્દોષ અને ભોળી લક્ષ્મી વિધવા થયા બાદ ચાર મહિનાની ચંપાને ઉછેરીને એનામાં એકાકાર થઈને જીવન પસાર કરે છે. ઉમરલાયક ચંપા માટે વર પસંદગીમાં અસંપ્રજ્ઞાત રીતે તે પોતાની પસંદગીના પુરૂષની જ શોધ ચલાવે છે. અને એવા જ પાત્રની ચંપા માટે પસંદગી કરે છે. પરંતુ આ બાબત અંગે તે બિલકુલ અભાન છે. એની સ-વિગત ચર્ચા અત્રે વિજય શાસ્ત્રીએ કરી છે. ઉપરાંત લક્ષ્મીના વૈધવ્યની ઘટનાનું ચંપાની બાબતમાં થતું પુનરાવર્તન અને એ દ્વારા લેખકે ઉપજાવેલો કરુણ -વિશે પણ ચર્ચા કરી નોંધે છે કે,

> ***"'મારી ચંપાનો વર'નું માનસશાસ્ત્રીય ભૂમિકાએ રચાયેલી કૃતિ તરીકે, આગવું મહત્ત્વ છે."***[૭૫]

**૬. શ્રાવણી મેળોઃ**

બે જુદા-જુદા વર્ગો વચ્ચેની અસમાનતા બે પ્રે દયોને વિખૂટા પાડવામાં કેવી રીતે ભાગ ભજવે છે. એવો ધ્વનિ સ્ફુટ કરતી આ વાર્તા સામાજિક અસમાનતા, શાહુકારો દ્વારા મજૂરવર્ગનું શોષણ, ગ્રામ્યજીવનનો ઉલ્લાસ, મેળામાં એકલા બેકલા થવાની મોસમનો શૃંગારપૂર્ણ ઉન્માદ, ગ્રામસમાજની જીવનકવિતાની મધુરતા, ઉર્મિલતા અને એ બધાની સાથે કમભાગી પ્રે ૂરાં મિલન વગેરેને લેખકે રસપૂર્ણ રીતે દેવો,

અંબી, સોના અને વિરચનશેઠના પાત્રોના માધ્યમથી ગુંથણી કરીને વાર્તાકૌશલ સાધ્યું છે. એ અંગે વિજય શાસ્ત્રી નોંધે છે કે,

> ***"ઉમાશંકરની કવિ અને નાટ્યકાર તરીકે[redacted] દ્વાંતોનો લાભ પામેલી 'શ્રાવણી મેળો' રચના ગુજરાતી વાર્તાક્ષેત્રે પ્રશિષ્ટ કૃતિ Classic બની રહે તેવી છે. સંગ્રહનું નામાભિધાન પણ આ રચના પરથી જ થયું છે તેય યોગ્ય છે."***[૭૬]

**૭. બે બહેનોઃ**

માનવમનનાં અસંપ્રજ્ઞાત માનસની ગતિવિધિઓને આલેખતી આ રચનામાં લલિતા નામનું પાત્ર પોતાની મોટી બહેનના પતિ ગોપીકાન્ત પ્રત્યે પ્રચ્છન્ન આકર્ષણ અનુભવે છે. અને સ્વપ્નજગતમાં મનોમન એનું સાહચર્ય અનુભવે છે. એવા વર્ણનો બાદ સ્વપ્નભંગ બાદ તે વાસ્તાવિક જગતમાં સહજતાથી જ અનપેક્ષિત વર્તન કરે છે. જે ભાવકને આંચકો આવે એવું નીવડે છે. અને એ જ ઘટના લેખકની કલાસૂઝની દ્યોતક છે. એની સ-વિગત ચર્ચા અત્રે વિજય શાસ્ત્રીએ કરી છે.

**૮. તરંગઃ**

મૃત મિત્ર મોહનની વાગ્દતા સંયુક્તા સાથે સંબંધ ધરાવતા અજિતના મનમાં રહેલો અપરાધભાવ મૃત મિત્ર પ્[redacted]
સંયુક્તાને છોડવાનો નિર્ણય કરે છે. પણ એ નિર્ણયનો અમલ નથી કરી શકતો અને મિત્ર મોહનનું પ્[redacted] વી અવઢવમાં ડુબી જાય છે. એ તમામ બાબતોમાં રહેલાં કૃતિના મનોવૈજ્ઞાનિક અભિગમની અત્રે વિજય શાસ્ત્રીએ નોંધ લીધી છે.

## ૯. ચક્કીનું ભૂતઃ

લોકમાનસનું મહત્ત્વનું પરિબળ ધરાવતી આ કૃતિમાં અમથા નામના પાત્રની અનાયાસે ચક્કી ચાલુ થઇ જવાથી લોકો એનામાં દિવ્યતાનું અરોપણ કરી દે છે, થોડાક ખચકાટ બાદ અમથો પણ દિવ્યતાને ટકાવવાના કેફમાં રચવા લાગે છે. અંધશ્રદ્ધાનું એક આખું વિષચક્ર રચાય છે. અને એમાં ખુદના પૌત્રને બચાવી શકતો નથી, એ એના ઇલમ પર આત્મવિશ્વાસ ખોઇ બેસે છે. અર્નું[redacted] આલેખન કરવામાં રહેલી લેખકની સફળતા અને વાર્તાકૌશલની અત્રે વિજય  શાસ્ત્રીએ નોંધ લીધી છે.

## ૧૦. દિનીઃ

દિની નામની બાળકી સાવકી માતાની રૂક્ષ વ્યવહારથી પ્રૂં[redacted] છે. એવા સમયે માતાની બહેનપણી જે બાળક વિરોધી માનસ ધરાવે છે એના પ્રત્યે આકર્ષણ અને વાત્સલ્ય અનુભવે છે. સામે દિનીના પ્રે[redacted] હે[redacted] અંદરથી જ બદલાવ મહેસૂસ કરે છે. જે સાવકી માતા સહન કરી શકતી નથી. એવા વિષય વસ્તુને કેન્દ્રમાં રાખીને રચાયેલી વાર્તામાં રહેલી નાટયાત્મકતા તેમજ મનોવૈજ્ઞાનિક પરિબળો વગેરે વિશે વિજય શાસ્ત્રીએ પોતાના મંતવ્યો આપ્યા છે.

## ૧૧. પ્રતિમાદેવીઃ

વર્ષો પહેલાં નિયતિના કારણે જુદા પડેલાં બે પાત્રો મંગલ અને રેવા જુદાં જ સ્થળકાળ અને વ્યક્તિત્વ બનીને ડો. મંગળદાસ અને અભિનેત્રી પ્રતિમાદેવી સ્વરૂપ મળે છે. એવું કથાવસ્તુ ધરાવતી વાર્તામાં લેખકે કરેલી વિગતોના ખડકલા અને ઘટનાઓની પ્રયાસપૂર્વક કરેલી ગોઠવણી વગેરે મુદ્દાઓ વિશે વિજય શાસ્ત્રીએ અત્રે ચર્ચા કરી છે.

**૧૨. લીલી વાડીઃ**

કરણ અને લીબા પટેલ વચ્ચે વાડીની ભાગીદારી અને એ નિમિતે કરણ અને લીબા પટેલની પત્ની ગુલાબડી વચ્ચે સર્જાતા અવૈદ્ય સંબંધો અને એની ગુલાબડીનાં પુત્ર સુખલાલને જાણ થવાથી એના મનમાં સર્જાતુ ઘમસાણ વગેરે મુદ્દાઓની આસપાસ ગૂં[illegible] ઘટનાનું જાળું વાર્તા વિષય બને છે. જ્યારે બહુ આછી રેખા દ્રારા ઉપસાવેલું ગુલાબડીના પુત્ર સુખલાલનું પાત્ર ઇડિપસ ગ્રં[illegible] Pathetic બને છે. એવું નિરીક્ષણ અત્રે વિજય શાસ્ત્રીએ આ વાર્તા સંદર્ભે આપ્યું છે.

**૧૩. ત્રણ અર્ધું બેઃ**

મધુકર નામના યુવાન સાથે એની બે પ્રે[illegible] બહેનપણીઓ છે અને અત્યંત ભાવાત્મક રીતે જોડાયેલી છે. એ પ્રણય ત્રિકોણ નિમિતે સર્જાતી લાગણીકીય તંગાવસ્થા અને કરુણતાનું લેખકે તટસ્થતાપૂર્વક આલેખન કર્યુ છે. એની નોંધ લેતા વિજય શાસ્ત્રી આ કૃતિ અંગે એમનો અભિપ્રાય નોંધતા જણાવે છે કે,

> ***"'ત્રણ અર્ધું બે' માં નિરૂપણની ઘણી બધી શિથિલતાઓ હોવા છતાં એક સનાતન, વેદનામય અને વિચિત્ર માનવપરિસ્થિતિ ને કેન્દ્રમાં રખાઇ હોવાથી એ બધી શિથિલતાઓ કેન્દ્રગત સમસ્યાના બળે નિર્વાણ બની શકે છે."*** [૭૭]

**૧૪. અલક મલકની કન્યાઃ**

લોકકથાનો મિજાજ ધરાવતી અને બારોટ શૈલીએ મમળાવીને કહેવામાં આવેલી આ કથામાં શિવરાજને રાજસિંહ-રાજવી બનાવી દેવામાં આવે છે. પણ રાજકુમારી સાથેનો લગ્નપ્રસંગ અને નૈતિક મૂંઝવણ અને અંતે રાજકુમારીની એકનિષ્ઠા પતિ પરાયણતાની અડગતા જેવા વિષયવસ્તુના આલેખનમાં રહેલી મધ્યકાલીન પદ્યવાર્તાની

લાક્ષણિકતાનો નિર્દેશ આપી આ કૃતિ અંગે પોતાનો અભિપ્રાય આપતા વિજય શાસ્ત્રી નોંધે છે કે,

> ***“શામળી વાર્તાસૃષ્ટિની આબોહવામાં મૂકી આપતી આ રચના ઉમાશંકરની નોંધપાત્ર નહિ તોય, વિલક્ષણ ઉન્મેષ દાખવતી કૃતિ છે.”[૨૦૬]***

**જયંતિ દલાલની વાર્તાઓ રચના દષ્ટિએઃ**

**૧. ‘લીલાં લીલાં દસ આપ્યાં, દસ આપ્યાં’**

લીલા દાતણ વેચવાનો ધંધો કરતાં સોમો જો ‘ત્રણ વીસું’ હથિયાનો મેળ થાય તો જ શામળી જોડે ઘર માંડી શકે એવી વ્યક્તિગત ભૂમિકાથી શરૂ થયેલી આ વાર્તામાં સ્વાતંત્ર્ય સંગ્રામમાં ગાંધીજીની અંગ્રે હાકલમાં સામેલ થઇ જાય છે. ત્યારે તરુણોની ઢળતી લાશને ‘લીલાં લીલાં આપ્યાં’ એવો સંદર્ભ આપીને લેખકે સોમાનું કરુણ મૃત્યુ દર્શાવ્યું છે. આ રચના અંગે વિજય શાસ્ત્રી જણાવે છે કે,

> ***“રચનાનો આરંભ સોમાની વૈયક્તિક તંગ મનોદશાથી થઇ અંતે સામાજિક તંગ દશા અને તેનો ભોગ બનીને મોતને વરતા સોમાને લીધે કૃતિ કરુણમાં પરિણમે છે. કૃતિની ઘટનાઓ વચ્ચેનું સંયોજન સ્વાભાવિક લાગતું નથી. વાર્તા કરતાં, વાર્તાની રૂપરેખા કે મુસદ્દા સમી આ રચના બની રહે છે. સોમાના પાત્ર પરત્વે હમદર્દી અલબત જન્મે પણ છતાં સરવાળે કૃતિ અંગ્રે Vignette (રેખાચિત્ર) કહે છે તેવી બનવા પામી છે. સંપૂર્ણ રંગીન ચિત્ર નથી બની”[૨૧૧]***

**૨. શોધઃ**

સર્વજ્ઞના કથનકેન્દ્રથી રચાયેલી કૃતિ ‘શોધ’ માં વિશ્વાસરાવ દ્વારા ઉંમરલાયક બેન માટે યોગ્ય મુરતિયાની શોધની ચિંતા, સામાજિક પરિબળો ફાલ્ગુનરેવ નામના મુરતિયા

માટે શાસ્ત્રીફુઆ નામના પાત્રને મધ્યસ્થી બનાવવા જતાં સર્જાયેલી વક્રતા અને એ પરિણામે કૃતિમાં સર્જાયેલા વ્યંગ્ય અને કરુણ વગેરેની નોંધ લેતા વિજય શાસ્ત્રી આ કૃતિના રચનાતંત્ર અંગે પોતાનો અભિપ્રાય નોંધતા જણાવે છે કે,

> ***"સરેરાશ માનવીની સરેરાશ દુઃખવીતીના ઊંડાણો અને કારુણ્યો સમર્થપણે પ્રગટાવી શકાયા છે. નાટયાત્મક (ગેરસમજ જન્ય) બનાવો, પ્રહસનાત્મક સંવાદો અને તેમાં થયેલો કરુણનો વણાટ 'શોધ' ના આસ્વાદ્ય અંશો છે."*** [૭૮]

**૩. આઠમું પગલું :**

નિયત આવકના સુખી સંસારમાં સંતાનનું આગમન સુખનાશક બની શકે એવી અફર માન્યતામાં રાચતો પતિ અને સંતાનસુખમાં જ જીવનનું સુખ ખોજતી અપત્ય ઝંખનાથી પીડાતી પત્નીનાં માનસિક ઘર્ષણને નિરૂપતી આ કૃતિમાં અંતે પતિની જાણ બહાર જ સુમન સગર્ભા બને ારા જ લેખક કૃતિનું સમાપન કરે છે. એ અંગે વિજય શાસ્ત્રી નોં

> ***"આરંભની દલીલાત્મક માહિતીઓની નબળાઇને લીધે કૃતિ સાવ બિનકલાત્મક બનતાં ઊગરી ગઈ છે. એક આખા સ્થાપત્ય કે શિલ્પના વિધાનમાં આંશિક ખામીઓ હોય અને અમુક રેખાઓ રમ્ય, કળાત્મક હોય એવું આ રચનામાં પણ થયું છે."*** [૭૯]

**૪. ઊભી શેરીએઃ**

ભિખારી જીવનની વિગતોને ધ્યાનમાં રાખીને રચાયેલી આ કૃતિમાં ભિખારી કાનાના વિસ્તારમાં નવી આવતી અને પોતાની આવકમાં ભાગ પડાવતી ભિખારણ ઝમકુ

પ્રત્યેનો સ્પર્ધાભાવ આકર્ષણ અને પ્રૌ[illegible]
રચાયેલી આ કૃતિની રચનારીતિ અને કલાપરસ્તી અંગે વિજય શાસ્ત્રી જણાવે છે કે,

> ***“સમાજના દલિત વર્ગના પાત્રો, તેમની સ્થૂળ ગરીબાઇ, તેમના મનોભાવોની વાસ્તાવિકતા, સ્વાભાવિકતા અને ઉત્કટતા નાટ્યસહજ રીતિએ આગળ વધતી ઘટનાગતિ આ રચનાના વિશેષો છે.”***[૪૦]

**૫. ચુંદડિયોઃ**

ધમલા-માણકી નામના પતિ-પત્નીના ભૂરિયા કૂતરાં પ્રત્યેના સમજદારીપૂર્વકના પ્રે[illegible] તરાનું પણ માનવવ્યવહાર-સ્વભાવનું જ્ઞાન હોય તેવું વર્તન કરતા લેખકે દર્શાવ્યો છે. પતિ-પત્નીના ઝઘડાનું કારણ ‘ચુંદડી’ ને ભૂરિયો દૂર કરે છે એવા સમજપૂર્વકના વર્તનને લેખકે ઊચિત સંદર્ભો વડે પ્રતીતિકર બનાવીને રચનાને પ્રયોગાત્મક બનાવી છે. તેવો મત અત્રે વિજય શાસ્ત્રીએ પ્રગટ કર્યોછ

**૬. હિજરાયેલો :**

સુથારના પાત્રને કેન્દ્રબિંદુમાં રાખીને રચાયેલી આ કૃતિમાં સુથાર ને થયા કરે છે કે આ જગતમાં એના અસ્તિત્વથી કોઇને ફેર પડે, એના જીવ્યામૂવાની નોંધ લેવાય એવા મનોસંચલનો અને જરૂર પડે લોકો સુથારને નહિ પણ સુથારના કામને પોતાના સ્વાર્થ ખાતર જ યાદ કરે તેવી વાસ્તવિક પરિસ્થિતિનું સંયોજન ધરાવતી આ કૃતિ અંગે વિજય શાસ્ત્રી નોંધે છે કે,

> ***“ખુદ દંભ આચરનારાઓને પણ ખબર ન પડે કે પોતે આચરે છે તે દંભ છે. એવા અસંપ્રજ્ઞાતપણે આચરાતા દંભ પરત્વેની સંપ્રજ્ઞતાએ સર્જાતી આ કૃતિ વહાણ, દરિયો ઇત્યાદિના વિનિયોગથી તે એક રૂપકકથા પણ બને છે.”***[૪૧]

**૭. કાયદાનું રાજ:**

સરકારી પ્રાણીસંગ્રહાલયમાં વાઘ છૂટી ગયો હોય એવી સ્થિતિમાં પણ સહજસૂઝના બદલે 'કાયદેસર' જ બધી કાર્યવાહી થવી જોઇએ એવો હઠાગ્રહ અને જડવાદને પરિણામે કેવી ગંભીર પરિસ્થિતિ ઊભી થાય છે. છતાંયે 'કાયદેસર' ને જ માન્ય ગણતા જડસુ અધિકારીની અવ્યવહારુ નિર્ણયાત્મકતા જ માન્ય રાખવી પડે એવા હઠાગ્રહનું ઠઠ્ઠાચિત્ર ધરાવતી રચનાનાં લાઘવને વિજય શાસ્ત્રીએ અત્રે બિરદાવ્યું છે.

**૮. મજૂરીના પૈસા:**

મજૂરીના પૈસા લેવા ગયેલો ગરીબ માણસ કોમવાદી હિંસાનો ભોગ બનતા પોલીસ એનું પંચનામું કરે ત્યારે પ્રગટતી ગરીબી વિષયક વિગતોની અને સંવેદન શૂન્યતાની આ કથાની રચનારીતિ અંગે વિજય શાસ્ત્રી જણાવે છે કે,

> ***"લેખકે પસંદ કરેલી, ટૂંક [illegible]***
> ***વચ્ચેનો સૂચક અવકાશ વાસ્તવની ઘટનાની સ્વયં પુંસકતા વગેરે આ રચનાને પ્રભાવક બનાવે છે."*** [૯૨]

**૯. ખરું ના બોલતા, દીકરા:**

વનેચંદ શેઠનું મૃત્યુ નજીક ભાસતુ હોવા છતાં એને પાછું ઠેલવાના મરણિયા પ્રયાસોમાં રહેલો વ્યંગ્ય તેમજ દીકરાઓની બાપાની સંપતિ માટેની અકળામણ તેમજ કૃતક નમ્રતામાં રહેલો વ્યંગ્ય તેમજ બાપા દ્વારા છેલ્લે 'ખરું ન બોલતા' એવી શીખામણ એક ટુચકા દ્વારા અપાય છે તેમાં રહેલો વ્યંગ્ય-એમ નર્માળામર્માળા વ્યંગ્ય ધરાવતી આ કૃતિની એક વિશિષ્ટ કટાક્ષકથા તરીકે વિજય શાસ્ત્રીએ અત્રે નોંધ લીધી છે.

## ૧૦. કાળો નિતારઃ

રામ શેઠને ત્યાં કામ કરવામાં ગૌરવની લાગણી અનુભવતા પતિ-પત્ની ધની અને રામો ભદ્ર ગણાતા શેઠના કાળા કરતૂતોથી આઘાત પામે છે. પરંતુ અસત્ ને ગૌરવાન્વિત કરીને એ કોઇ 'પુણ્યાઇ' નું પરિણામ હશે એવું આ નિષ્કપટ દંપતીના ગળે ઉતારી દેવામાં આવે છે. એવો કેન્દ્રવર્તી વિચાર ધરાવતી આકૃતિ અંગે નોંધે છે કે,

> ***"આમ દુષ્ટતાથી આઘાત પામેલા દંપતિ વડે જ દુષ્ટતાના (જો કે હવે એ દુષ્ટતા દુષ્ટતા તેમને માટે નથી રહી) થતાં અહોભાવમૂલક સ્વીકાર સુધીની આ યાત્રા કડવાશપૂર્ણ છે."[૮૩]***

## ૧૧. મૂકમ્ કરોતિઃ

'મૂકમ્ કરોતિ' વાર્તા એ પૌરાણિક કથા તરીકે ગરુડ મુખે કહેવાયેલી છે. તેનું કથાબીજ પણ નવું નથી. પરંતુ તેના Motif માં રહેલાં નવોન્મેષો અને એમાં જ માનવજીવન, માનવસ્વભાવ અસરને માનવ વર્તનના પાસાઓનું કરાવેલાં દર્શનની પ્રસંશાપૂર્વક નોંધ અત્રે વિજય શાસ્ત્રીએ લીધી છે.

## ૧૨. લીલા લીમડાની એક ડાળ મીઠી :

'લીલા લીમડાની એક ડાળ મીઠી' એવું નાનપણમાં સાંભળેલું ભજન કરસન પટેલના માનસમાં શ્રદ્ધારૂપે બેસી જાય છે. જેથી તે એક ડાળને દિવ્ય અને મીઠી માને છે. અને બીજાને[redacted] યાસ કરે છે. પણ આ પ્રયાસ વાસ્તવ જગતમાં હાંસીપાત્ર બને છે. પરંતુ આને પણ કરસન પટેલ પોતાની 'પુણ્યાઇ' જ માને છે. એવું કથાવસ્તુ ધરાવતી આ કૃતિ વિશે વિજય શાસ્ત્રી નોંધે છે કે,

***“આમ શ્રદ્ધા, તજજન્ય વ્યક્તિગત સત્ય, તેને કરવો પડતો વાસ્તવનો સામનો, તેમાં થતી પીછેહઠ અને પરિણામે સ્વ-પૂરતું જ સીમિત બની રહેતું એ શ્રદ્ધાસત્ય એ તાત્વિક ભૂમિકાઓની ઘટનાને કરસન પટેલ; પટલાણી અને ગામલોકોના પાત્રોની વ્યવહારભૂમિકાની મદદથી આખી સ્પર્શક્ષમ સ્વરૂપે નિરૂપવાનો ઉપક્રમ સહૃદય અને પ્રશંસ્ય બન્યો છે.”[૪]***

**૧૩. આ ઘેર પેલે ઘેરઃ**

સવિતાનો પતિ પુલીન અન્ય સ્ત્રી સાથેના સંબંધ ધરાવતો હોવાથી સવિતા અને પુત્ર વિક્રમ માટે ઘર દાગીના પૈસા આપીને બીજા ‘પેલે ઘેર’ જતો રહે છે. પુત્ર વિક્રમ પણ ‘પેલે ઘેર’ રહેવાનું પસંદ કરે છે. ત્યારે સવિતાના એકાકી જીવનમાં પુલીન સાથેના ઉત્કટ પ્રેમ-સ્વમાન-એકાકીપણું-માતૃત્વ ને લઇને આંતરસંઘર્ષ નું ઘમસાણ થાય છે. તેનું અત્યંત તીક્ષ્ણ આલેખન લેખકે કર્યું છે. એની નોંધ લઇને આ કૃતિ વિશે અભિપ્રાય આપતા વિજય શાસ્ત્રી જણાવે છે કે,

***“‘આ ઘેર, પેલે ઘેર’ જયન્તિ દલાલની ભાષાશક્તિ, નાટયાત્મકતા, આંતરસંઘર્ષ, દ્વન્દ્વાત્મક વ્યક્તિચેતના અને ક્રમિક પરાકાષ્ઠા નિરૂપણ ઇત્યાદી અંગોને કારણે ખૂબ બળવાન કૃતિ નીવડી છે.”[૨૫૩]***

**૧૪. આભલાનો ટુકડોઃ**

ગામડા ગામમાં પ્રકૃતિ સંગે ઉછરેલાં અને પ્રકૃતિને જીવનનું અવિભાજ્ય અંગ માનતાં દંપતિ દક્ષા અને રમણ શહેરમાં અસ્તિત્વ ટકાવવા યાંત્રીકરણમાં યંત્રવત્ જોડાવા છતાંયે અંતરથી પ્રકૃતિથી જોડાયેલા રહે છે. અને એ માટે બે માળના દાદરા ચડવા પડે તોય

ખુલ્લા આકાશને જોવા માટે ત્રીજા માળની ઓરડી પસંદ કરે છે. એ અને બીજા દ્વારા પ્રકૃતિનું અનુસંધાન સૂચવતી આ રચના અંગે વિજય શાસ્ત્રી નોંધે છે કે,

> ***"શહેરીકરણ, યાંત્રીકરણ અને તજજન્ય પ્રકૃતિદવંસ, તે પરત્વેથી વ્યથા અને આક્રોશની લાગણી એક ચિત્રાત્મક પરિચ્છેદ દ્વારા જયન્તિ દલાલે વ્યક્ત કરી છે. સ્વની ડબલ/Meddeling રહિત, માત્ર ચિત્રને જ અડખે પડખે ગોઠવીને આ રીતે પોતાનું વક્તૃત્વ રજૂ કરવાની ટેક્નિક દલાલ નો સર્જક સ્પર્શ પામેલી છે."*** [૨૫૮]

### ૧૫ઃ જગમોહને શું જોવું?ઃ

જગમોહનને અંધાપાની થયેલી શંકા અંધાપાનું નિદાન અને એનો સ્વીકાર આ ત્રણેય તબક્કામાં સર્જાયેલી મનઃસ્થિતિ, પોતાની પત્નીનો અંધત્વ અંગે શું પ્રતિભાવ હશે એની કલ્પનાઓ અને ઘેર ગયા પછી પત્નીના ચહેરા પર એણે વગર આંખે અનુભવેલી ભાવપરાયણતા કે જેનો અહેસાસ એણે અંધત્વ નિમિતે જ થયો એવા વિષયવસ્તુને કેન્દ્રમાં રાખીને લેખકે સાધેલા વાર્તાકૌશલની વિજય શાસ્ત્રીએ અત્રે સ -વિગત ચર્ચા કરી છે.

### ૧૬. ઝાડ, ડાળ અને માળોઃ

પિતા નૃસિંહપ્રસાદની ઇચ્છા વિરુદ્ધ શહેરમાં જનાર પુત્ર પરંતપ અને પુત્રવધૂ વિલાસનું પુનઃ આગમન અને પરિણામે સાવકી મા શાંતિદા, નાનો ભાઇ અમિત તથા નૃસિંહપ્રસાદના વર્તનને પરંતપ અને વિલાસ પોત-પોતાની મનઃસ્થિતિ પ્રમાણે અણગમા તરીકે જ અનુભવે છે. આ અનુભૂતિનું જુદી-જુદી ઘટનાઓ અને વાતચીતમાંથી પ્રગટવું અને અંતે કટુંબનું ઐકય અકબંધ રહેવું એવા વિષયવસ્તુ પર આધારિત આ કૃતિ વિશે વિજય શાસ્ત્રી યોગ્ય જ નોંધે છે કે,

***“ઝાડ, ડાળ અને માળો એવું શીર્ષક વાર્તામાં પ્રતીક તરીકે યોજવાનું લેખકે ધાર્યું છે. જયંતિ દલાલની આ એક લાંબી ટૂંકી વાર્તા છે. ઘટનાલોપ જેવી સંજ્ઞા જ્યારે બહુપ્રચારમાં નહોતી અથવા કદાચ જન્મી જ નહોતી તે વખતે ઘટનાઓને બદલે પાત્રોના મનોભાવો ભારપૂર્વક ઉપસાવતી આ રચના નવી વાર્તાની સમકક્ષ બની રહે એ પ્રકારની છે.”***[૮૫]

**૧૭. અડખેપડખે:**

મજૂર રામાવતાર એની વારંવાર સિનેમાં જોવાની જિદ કરતી પત્નીને ચોરીના પૈસાથી સત્યવાદી હરિશ્ચંદ્ર નામનું ફિલ્મ જોવા લઇ જાય છે. આ સમગ્ર પ્રવૃતિમાં તે પોતાના મેનેજર સાથે માનસિક તાદાત્મ્ય સાધે છે કે જાણે પોતે જ સાહેબ હોય. એવી પ્રસંગ યોજના અને કટાક્ષ મિશ્રિત કાકુ ધરાવતી કૃતિની નિરૂપણ શૈલી અંગે વિજય શાસ્ત્રી નોંધે છે કે,

***“કેમેરા શી તટસ્થતા, નિર્લપતા શૈલીમાં અનુભવાય. Involvement ખરું પણ તે કેમેરાનો એંગલ ગોઠવવા પૂરતું જ આમ તાટસ્થ્યના અભિગમથી આલેખાયેલા ચિત્રો પોતે જ વ્યંજનાસભર બની રહે એવી નિરૂપણ પદ્ધતિ અપનાવાઇ છે. એ જોતા સંવિધાનનો એક નવો પ્રયોગ અહીં જોવા મળે છે. અલબત, તેની પ્રભાવકતા જુદા સ્વરૂપની રહેવાની. એમ તો પ્રત્યેક વાર્તાનો પ્રભાવ પણ નોખો હોય છે ને ?”***[૮૬]

**૧૮. ટપુભાઇ રાતડિયા:**

વિવિધ સભાઓમાં હાજરીના શોખીન ટપુભાઇ માં સાચા-ખોટાં ની પરખની ‘જાગૃતિ’ નો ઉદય થાય છે. અને જયાં ‘ખોટું’ થાય તરત જ એમનો કાન રાતો થઇ એવી

પરિસ્થિતિ સર્જાય છે. જેથી, એનું નામ 'રાતડિયા ટપુભાઇ' પડી જાય છે. અને દંભી જનસમાજ એમને પોતાના જૂઠાણાને ખુલ્લા ન પડી જાય એ માટે બહિષ્કૃત કરી દે છે. સત્યનું જ્ઞાન માનવીને એકલો પાડી દે છે. તેવો સૂર ધરાવતી આ રચનામાં પ્રયોજાયેલી ટ્રેજિ-કોમિક નિરૂપણ રીતિ અંગે અત્રે વિજય શાસ્ત્રીએ ચર્ચા કરી છે.

### ૧૯. યુધિષ્ઠિર?:

'યુધિષ્ઠિર' રચનાએ આધુનિક માનવીય 'No Exit' ની પરિસ્થિતિના સંકુલ આલેખનથી કથા છે. જેમાં કોઇને ખૂન, કરતા જોઇ ગયેલા શરદને એ ખૂની 'ટ્રાન્ઝિસ્ટર' મોં બંધ રાખવા આપે છે એ એના 'અપરાધભાવનું' કારણ બને છે; જ્યારે ઘટનાથી અજાણ પત્ની રમીલાના 'પ્રસન્નતાનું' કારણ બને છે. એવી નાટયોચિત પરિસ્થિતિ વિશે વિજય શાસ્ત્રીએ અત્રે સ-વિગત ચર્ચા કરી છે.

### ૨૦. તું, સ્પીડ અને સાહસ:

ઉપરોક્ત કૃતિમાં આરણ્યક સૃષ્ટિની પ્રાકૃતિકતા સ્વભાવિકતા ભાથીજીના પાત્ર દ્વારા અને શહેરી સંસ્કૃતિના પાત્રોથી  કૃતકતા, તરંગ અને લહર ના પાત્રો દ્વારા ઉચિત પ્રસંગોયોજના દ્વારા વિરોધાવીને કૃતિને લેખકે નાટયોચિત બનાવી છે. એવું જણાવતા રચનારીતિમાં પ્રયોજાયેલી સંવાદકલા અંગે નોંધે છે કે,

> ***"સંવાદો દ્વારા જ પાત્રોની ચરિત્રગત લાક્ષણિકતાઓ પ્રગટ થતી આવે અને વાચિક અભિનય જેવું નાટયાંગ ટૂંકી વાર્તામાં પ્રયોજાય ત્યારે કેવું અને કેટલું કામ આપી શકે એ અહીં જોવા મળે છે."[૯૭]***

## ૨૧. હું એ? એ હું?:

ઉપરોક્ત વાર્તામાં પિતાના મૃત્યુ બાદ નમાયો[redacted] પ્રત્યેની લાગણીનું ક્રુરતાથી પૃથ્થકરણ કરીને કશાયે છોછ વગર પ્રે[redacted] પોતાના જેવા નમાયા બાળકને વહાલ કરીને પિતા ખરેખર પોતાને જ પંપાળતા હતા. વળી, પિતાના મૃત્યુ બાદ એમના નૈતિક-મનોવૈજ્ઞાનિક અભિગમો પરત્વે પુત્રનું વલણ અને એમ[redacted] ગટાવવામાં લેખકે કેવી સક્ષમતા દાખવી છે તેની ચર્ચા કરીને પ્રશ્નાત્મકતા દ્વારા લેખકે કૃતિને આપેલ અંત વિશે ચર્ચા કરતાં અત્રે નોંધે છે કે,

> ***“પ્રશ્નાત્મકતાથી જ વાત અટકાવી લેખક કોઈ નિશ્ચિત ઉત્તર પર નથી આવતા એ જ વાત આ જટિલ સમસ્યાનો ઉત્તર પણ જટિલ અને સંદિગ્ધ-મિશ્ર જ હોવાનો તેનું સૂચન કરે છે. આમ એક દ્વન્દ્વાત્મક અનુભૂતિને તેવી જ અનુનેય ભાષા વડે નિરૂપવાનો અહીં સમર્થ યત્ન થયો છે. આ સંદિગ્ધતા જ માનવસંબંધોનું સત્ય છે એ મુદ્દો અહીં ઊપસે છે.”***[૮૮]

## ૭.૧૧ વિદેશી ટૂંકીવાર્તા નું વિવેચન

### ૧. અ પેન ફૂલ કેસ : જેમ્સ જોય્યસઃ

આયરીશ લેખક જેમ્સ જોય્યસ કૃત ટૂંકીવાર્તા ‘અ પેન ફૂલ કેસ’ નું વિવેચન વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક ‘કથાપ્રત્યક્ષ’ માં “‘એ પેન ફુલ કેસ’: એક પરિચય” શીર્ષક હેઠળ કર્યુ છે.

શીર્ષક મુજબ વિજય શાસ્ત્રીએ અહીં કૃતિ વિશે પરિચયાત્મક અભિગમથી વાત કરી છે. પો[redacted] જીવનમાં આંતરિક એકલતા અનુભવતી સૈનિક પત્ની મિસિસ સિનિકોનું આગમન, એમના

વિકસતા સંબંધો અને જાત સાથે જડ રીતે જડાયેલા ડફીનું સિનિકોને પૂર્ણપણે ન હિ સ્વીકારી શકવાનું વલણ, મિસિસ સિનિકોનો આપઘાત, ડફીના જીવનમાં અનુભવાતો અપરાધભાવ અને અંતહીન એકલતા વિશે ચર્ચા કરીને વિજય શાસ્ત્રી કૃતિના હાર્દ વિશે તારણ આપતા જણાવે છે કે,

***"જીવનભર જે સ્વસ્થ રહેવા મથ્યો તેની સઘળી મથામણ અણીના સમયે વ્યર્થ ગઇ અને બીજું એ એકલતા પ્રત્યે સભાનતા આવી ત્યારે તે દૂર કરનારી સિનિકો મૃત્યુ પામી છે. તે[illegible]          -Epipphany ખૂબ મોડો છે."***[૮૯]

આ લેખમાં વિજય શાસ્ત્રીએ આ કૃતિ અંગેના અન્ય પાશ્ચાત્ય વિવેચકોના મંતવ્યો પણ જરૂરી સંદર્ભમાં મૂકી આપીને લેખને અભ્યાસમૂલક બનાવ્યો છે. જેની નોંધ લેવી ઘટે.

**૨. Sings and Symbols: લાદીમીર નોબોકોવ**

લાદીમીર નોબોકોવકૃત ટૂંકીવાર્તા 'Sings and Symbols' નું વિવેચન વિજય શાસ્ત્રીએ એમના વિવેચન પુસ્તક 'કથાપ્રત્યક્ષ' માં 'એક પરિચયઃ- Sings and Symbols' શીર્ષક હેઠળ કર્યું છે.

વિવેચનલેખના શીર્ષક મુજબ જ વિજય શાસ્ત્રીએ અત્રે કૃતિનું પરિચયાત્મક અભિગમથી જ મૂલ્યાંકન કર્યું છે. પોતાના મનોરોગી યુવાન પુત્રને શું ભેટ આપવી એ વિશેની મથામણને અંતે માતા-પિતા એને વિવિધ મુરબ્બાની બરણીઓ આકર્ષક લેબલ સાથે ભેટ આપવાનું નકકી કરે છે. આ સમગ્ર પ્રક્રિયામાં માતા-પિતા ની મનોરોગી પુત્ર પ્રત્યેની માનસિકતા એમને જ મનોરોગી પુરવાર કરે એવો વ્યંગ્ય લેખકે ઉપસાવ્યો છે. એંુવ જણાવતા રચનાના પોત વિશે વિજય શાસ્ત્રી નોંધે છે કે,

*“રચનાની પ્રત્યેક વિગત વ્યંજનાસભર છે. ઘટનાતત્વ અહીં મોજુદ છે. પણ તેના વિનિયોગમાં વર્તાતી અભિપ્રાય તેને કળાત્મકતા અર્પે છે.”*[૯૦]

### ૩) A father to – BC: સોલ બેલો

અમેરિકન લેખક સોલ બેલોકૃત ટૂંકીવાર્તા 'A father to – BC' નું વિવેચન વિજય શાસ્ત્રીએ એમના વિવેચન પુસ્તક ‘કથાપ્રત્યક્ષ’ માં કર્યું છે.

આધુનિક સામ્પ્રતકાલીન માનવીના વિચ્છિન્ન વ્યક્તિત્વ અને નિર્માનવીકરણની છબિને લેખકે આ વાર્તામાં ઉપસાવવાનો પ્રયાસ કર્યો છે. પ્રિયતમા જોનને બસમાં બેસીને મળવા જતાં રોજિનના મનો સંચલનોની આસપાસ વાર્તા વિકાસ પામે છે. પોતાની સાથેના સહપ્રવાસીના અણગમતા ચહેરાની રેખાઓનો સંદર્ભ પ્રિયતમા જોન અને થનારા બાળકો સુધી મનોમન લંબાવીને ખિન્ન થાય છે. પરંતુ જોનના પ્રે[illegible]

મનની તમામ ખિન્નતા-ઘૃણા ધોવાઇ જાય છે. એવા કથાતંતુને કોઇ ઉપદેશાત્મક આલેખન વગર નિરૂપવા વિશે સ્પષ્ટતા કરતાં વિજય શાસ્ત્રી જણાવે છે કે,

*“પ્રે[illegible]*

*ઘૃણા/વિષાદને ધોઇ નાખવાની શક્તિ છે.”*[૯૧]

### ૪. કેવો ફાંકડો છોકરો :

આફ્રિકન વાર્તાકાર વિલિયન પ્લોમરકૃત ટૂંકીવાર્તા “એવર સચ એ નાઇસ બોય” નું વિવેચન એમના વિવેચનપુસ્તક ‘કથાપ્રત્યક્ષ’માં ‘રચનાદષ્ટિએ કેવો ફાંકડો છોકરો!’ શીર્ષક હેઠળ કર્યું છે.

વિવેચનલેખના શીર્ષક મુજબ જ વિજય શાસ્ત્રીએ ઉપરોક્ત કૃતિને ‘રચનાદષ્ટિએ’ તપાસવાનાં ઉપક્રમ રાખ્યો છે. શ્રીમતી ડીકીના જીવનમાં એના નપુસંક પતિ

મેજરના કારણે રહેલી એકલતા અને આ એકલતાને એડિથ નામની પાલકપુત્રી દ્વારા ભરવા મથતું આ દંપતિ; એવા પાત્રોની આસપાસ આ વાર્તાનું પોત ઘટાયું છે. એડિથના લગ્ન વખતે શ્રીમતી ડીકીના વિવિધ મનોસંચલનોને સહજતાથી આલેખવાનો પ્રયાસ કર્યો છે. એની નોંધ લઇને ડીકીના વ્યક્તિત્વ વિશે વાત કરતા વિજય શાસ્ત્રી જણાવે છે કે,

> ***"કશાપણ અસ્વાભાવિક કરામતિયા વિભાવોની મદદ લીધા વગર ડીકીની પત્ની અને સ્ત્રી તરીકે શીર્ણ વિશીર્ણ છબી ઉપસાવવામાં પ્લોમર ક્યાંય પણ લાગણીઓમાં સરી પડતાં નથી. જાતીય અતૃપ્તિનું હવે તો ચવાઈ ગયેલું ગણાય એવું શબ્દો, વાક્યો અને પાત્રના વર્તનની ખાસિયતો દ્વારા કેટલું કલાત્મક નીવડી શકે છે તે અહીં પ્રતીત થાય છે."***[૯૨]

**૫. બોલ ઓફ ફેટ – મોપાસાં:**

રશિયન સાહિત્યકાર મોપાસાંની ટૂંકીવાર્તા 'બોલ ઓફ ફેટ' નું વિવેચન વિજય શાસ્ત્રીએ [illegible] ત્યક્ષ'માં 'કુલીન કહેવાતાં માણસોની બદનામીની વાર્તા' શીર્ષક હેઠળ કર્યું છે.

સમાજમાં ભદ્ર ગણાતો વર્ગ વાસ્તવમાં કેવો બીભત્સ અને ઘૃણાસ્પદ હોય છે. અને સામાપક્ષે વેશ્યાનો વ્યવસાય કરતી સ્ત્રી સારાપણાનો દેખાડો પ્રગટ કર્યા વગર એની સારપ પ્રગટ કરે છે. એવો કેન્દ્રવર્તી વિચાર મોપાસાંની આ ટૂંકીવાર્તાની સંક્ષિપ્તમાં ચર્ચા કરી વિજય શાસ્ત્રીએ તારવી આપ્યો છે.

# ૭.૧૨ વિવેચન પુસ્તકો/વિવેચન લેખોનું વિવેચન

## ૧. સાહિત્યક તથ્યોની માવજત – જયંત કોઠારીઃ

જયંત કોઠારીકૃત ‘સાહિત્યક તથ્યોની  માવજત’ નામના વિવેચનપુસ્તક નું વિવેચન વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક ‘બાવનનો સઘળો વિસ્તાર’માં કર્યું છે.

પ્રસ્તુત પુસ્તકમાં જયંત કોઠારી એ સાહિત્યક્ષેત્રમાં વિદ્વાનો દ્વારા ફેલાવવામાં આવેલી માન્યતાઓને તર્કની એરણે ચઢાવીને ચકાસી છે. આ પુસ્તકના ‘સાહિત્ય સંશોધનઃ પદ્ધતિઓ અને સમસ્યાઓ’ નામના લેખમાં સંશોધન એટલે શું? અને વિવેચનથી એ કઇ રીતે અલગ પડે છે?- એની વિશદ્ ચર્ચા કરી છે. મધ્યકાલીન કૃતિઓના અર્થઘટનમાં કરવામાં આવતા છબરડા અને અતિશયોક્તિ તરફ એમણે ધ્યાન દોર્યું છે.-આ પ્રકારના અનેક મુદ્દાઓની વિજય શાસ્ત્રીએ  આ વિવેચનલેખમાં ઉદાહરણ સહિત નોંધ આપીને જયંત કોઠારીના આ પુસ્તકને સોપો પાડી દેનારો અભ્યાસગ્રંથ ગણાવ્યો છે.

## ૨. તુલનાત્મક સાહિત્યની દિશામાં – ડૉ. અશ્વિન દેસાઇઃ

ડૉ અશ્વિન દેસાઇકૃત વિવેચનપુસ્તક ‘તુલનાત્મક સાહિત્યની દિશામાં’ નું વિવેચન વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક ‘બાવનનો સઘળો વિસ્તાર’ પુસ્તક માં કર્યું છે.

પ્રસ્તુત પુસ્તકમાં તુલનાત્મક અભિગમ અંગે લેખકે કરેલી સિદ્ધાંતચર્ચા અને પ્રત્યક્ષ વિવેચનો તેમજ સાહિત્યના ક્ષેત્રમાં[illegible] દ્ધાંત સ્થાપનામાં રહેલી મુશ્કેલી અંગે કરેલી ચર્ચા વગેરેની વિજય શાસ્ત્રીએ નોંધ લીધી છે. બીજા પ્રકરણને વિજય શાસ્ત્રી લેખકની મૌલિક વિચારણાનો પરિપાક ગણાવે છે. તેમજ પુસ્તકના છેવાડે આપેલી સંદર્ભસૂચિને પણ અગત્યની ગણાવીને એક અભ્યાસી માટે હેન્ડબુકની ગરજ સારનાર જણાવે છે. છતાં લેખકે તાત્વિક ચર્ચા માંગી લેતાં મુદ્દાઓમાં વાદ-પ્રતિવાદ કે

મંતવ્યોની અપેક્ષા સંતોષી નથી એ પરત્વે પણ ધ્યાન દોર્યું છે. આ ચર્ચા એકંદરે વિજય શાસ્ત્રીના સંતુલિત દૃષ્ટિકોણનો ખ્યાલ આપનારી બની રહે છે.

### ૩. નાટયલોક - જશવંત શેખડીવાળાઃ

જશવંત શેખડીવાળાકૃત નાટય વિવેચનનાપુસ્તક ‘નાટયલોક’ નું વિવેચન વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક ‘બાવનનો સઘળો વિસ્તાર’ પુસ્તક માં કર્યું છે.

અહીં જશવંત શેખડીવાળાએ નાટક અંગેના પૂર્વસૂરિઓની વિભાવના મૂકી આપીને એ વિભાવનાને નાટય કૃતિના વિવેચનમાં પ્રયોજી છે[redacted] ારા એમને નાટયસ્વરૂપ પાસેથી કેવી અપેક્ષાઓ અભિપ્રે[redacted]

ઉપરાંત એમણે ‘નાટક’ અને ‘નાટયતત્ત્વ’ કેવી રીતે જુદાં પડે છે. એ અંગેની જસવંત શેખડાવાળાની વિચારણાને સ્પષ્ટ કરી આપી છે. સંસ્કૃત પ્રહસનો, ગુજરાતી નાટિકાઓ, પારસી નાટકો વગેરેના ઉલ્લેખો દ્વારા નાટય વિવેચન અંગેની એક તંદુરસ્ત ચર્ચાની સમતોલ વિવેચના વિજય શાસ્ત્રીએ અત્રે કરેલ છે.

### ૪. નવી ટૂંકી વાર્તાની કળા મીમાંસા - કિશોર જાદવઃ

કિશોર જાદવકૃત વિવેચનપુસ્તક ‘નવી ટૂંકીવાર્તાની કળામીમાંસા’ નું વિવેચન વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક ‘બાવનનો સઘળો વિસ્તાર’ પુસ્તક માં કર્યું છે.

કિશોર જાદવે પ્રસ્તુત પુસ્તકમાં ટૂંકી વાર્તાના અંતઃતત્વ વિષયક કરેલી ચર્ચા અંગે તેમજ નવી ટૂંકી વાર્તામાં જે વસ્તુ સંકલના વિહીન, સ્થૈતિક ખંડિત અને આકૃતિવિહીન પુરવાર થઇ છે. તેની પાછળ કામ કરતાં વ્યાકરણ વિશે આપેલી સમજૂતી અંગે તેમજ નવી વાર્તામાં ઘટનાલોપની સાથે ઘટકલોપના તત્વ અંગે કરેલી ચર્ચા વગેરે બાબતોની વિજય શાસ્ત્રીએ કોઇ અભિપ્રાય રજૂ કર્યા વગર અવલોકનાત્મક સ્તરે નોંધ લીધી છે.

### ૫. કાવ્ય વિવેચનની સમસ્યાઓ – શિરીષ પંચાલઃ

શિરીષ પંચાલકૃત વિવેચનસંગ્રહ પીએચ.ડી.ની પદવી નિમિતે લખાયેલ સંશોધનગ્રંથ  કાવ્ય વિવેચનની સમસ્યાઓ' નું વિવેચન વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક 'બાવનનો સઘળો વિસ્તાર' પુસ્તક માં કર્યું છે.

શિરીષ પંચાલે એમના શોધ નિબંધમાં ગુજરાતી વિવેચનાએ કાવ્યસાહિત્યને કયા ઓજારોથી મૂલવ્યું છે. તેનો અભ્યાસ કર્યો છે. આ અભ્યાસમાં એમણે આવરી લીધેલા વિવિધ પાસાઓ જેવા કે, કાવ્યનું શાસ્ત્ર અને સરજાતી કવિતા, કાવ્યમાં માનવમૂલ્યનું ત ત્ત્વ અને એનું કળામાં રૂપાંતર તેમજ આ સંદર્ભમાં નર્મદથી ઉમાશંકર સુધીની કવિતાઓની કાવ્યસમીક્ષા વગેરે વિશે વિજય શાસ્ત્રીએ અવલોકનાત્મક સ્તરે નોંધ લીધી છે.

### ૬. અર્વાચીન કવિતા – સુન્દરમ્ઃ

સુંદરમ્કૃત વિવેચનગ્રં[illegible]

એમના વિવેચનપુસ્તક 'કૃતિગત' માં "કાવ્ય ઇતિહાસ વત્તા કાવ્યસમીક્ષાનો ગ્રંથ : સુંદરમ્ કૃત 'અર્વાચીન કવિતા'" શીર્ષક હેઠળ કર્યું છે.

વિવેચનલેખના શીર્ષકમાં બે શબ્દો નોંધપાત્ર છે. 'કાવ્ય ઇતિહાસ' અને 'કાવ્યસમીક્ષા' સુંદરમે્ ચાર પેટા ખંડોમાં ૩૦૦ જેટલાં કવિઓની નામાવલિ આપી ૧૫૦૦ જેટલાં કાવ્યપુસ્તકોની નોંધ લીધી છે. કાવ્ય ઇતિહાસની ગતિનું માત્ર ઉર્ધ્વગામી દૃષ્ટિએ મૂલ્યાંકન કરવાને બદલે સમગ્ર પ્રવાહમાં આવતાં સ્થિત્યંતરો અને કવિતાની કથળેલી સ્થિતિની પણ નોંધ લીધી છે. તેમજ ૬૦૮ પૃષ્ઠોમાં વિસ્તરેલા આ ગ્રં[illegible]

ન્યાય નથી આપી શકાયો એ અંગેની સુંદરમ્ની સભાનતાની નોંધ લેતા આ સમગ્ર ગ્રં[illegible]

વિજય શાસ્ત્રી પોતાનો અભિપ્રાય પ્રગટ કરતાં જણાવે છે કે,

***"કવિઓ કવિતાસંગ્રહો અને અન્ય સામગ્રીનો આટલો મોટો વ્યાપ સુંદરમ્ને અભ્યાસ માટે પસંદ કર્યો એ ઘટના અ-પૂર્વ તો છે. જ પણ અદ્વિતીય પણ છે. કેમ કે, 'અર્વાચીન કવિતા' પછી પણ એ પ્રકારનો આયોજનવાળો કાવ્ય ઇતિહાસ વતા કાવ્યસમીક્ષા બંનેને સમાંતરે રાખી લખાયેલો-કોઇ ગ્રં "[૯૩]***

**૭. પરિપશ્યના - રમેશ શુક્લઃ**

રમેશ શુક્લ લિખિત વિવેચનપુસ્તક 'પરિપશ્યના' નું વિવેચન વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક 'કૃતિગત' માં કર્યું છે.

'પરિપશ્યના' માં સંગૃહીત અગિયાર લેખોમાં વિવેચકની વિવેચન નિસબત અને ગુજરાતી ઉપરાંત સંસ્કૃત અને અંગ્રે

પ્રતીતિ થાય છે. એવું જણાવીને એમના લેખોમાં રહેલાં ઊંડાણ અને

સંક્ષિપ્તમાં ચર્ચા કરી છે. તેમજ રમેશ શુક્લ એ જુદા-જુદા વિવેચન મતો અને વિવેચકો દ્વારા કરવામાં આવેલાં તર્કદોષોની સાધક-બાધક ચર્ચા કરી છે. તેની નોંધ પણ અત્રે વિજય શાસ્ત્રીએ કરી છે.

**૮. અર્વાચીન ગુજરાતી સાહિત્ય વિમર્શ - બળવંત જાનીઃ**

બળવંત જાનીકૃત વિવેચ ્થ 'અર્વાચીન ગુજરાતી સાહિત્યવિમર્શ'નું વિવેચન વિજય શાસ્ત્રીએ એમના વિવેચન પુસ્તક 'કૃતિગત' માં 'બળવંત ઉપક્રમઃ અર્વાચીન ગુજરાતી સાહિત્યવિમર્શ' શીર્ષક હેઠળ કર્યું છે. મૂળભૂત આ લેખ એ ઉપરોક્ત પુસ્તકની પ્રસ્તાવનારૂપે વિજય શાસ્ત્રીએ લખેલ છે.

સમગ્ર પુસ્તકમાં અર્વાચીન ગુજરાતી સાહિત્યની વિકાસરેખા વળી એમાંયે જુદા-જુદાં સાહિત્યપ્રકારોનો વિકાસ-પરિવર્તનોનો આલેખ, નિબંધ, હાસ્ય, પ્રવાસગ્રં વિવેચન અનુવાદ, સંપાદન વગેરેમાં થયેલા ખેડાણ એમાં પ્રવર્તતા ગુણ-દોષો, સાહિત્યની

સામાજિક-સાંસ્કૃતિક આકારલક્ષી સામગ્રીલક્ષી સમીક્ષાના મુદ્દાઓ વગેરે ને કેવી કુશળતા પૂર્વક ચર્ચ્યા છે. તેની નોંધ અત્રે વિજય શાસ્ત્રીએ લીધી છે.

### ૯. ચન્દ્રકાન્ત ટોપીવાળાનો સાહિત્યતત્વવિચાર - ઉર્વી તેવારઃ

ઉર્વી તેવારકૃત વિવેચનગ્રં[redacted] 'ચન્દ્રકાન્ત ટોપીવાળા નો સાહિત્ય તત્ત્વ વિચાર' નું વિવેચન વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક 'કૃતિગત' માં 'પ્રે[redacted] રહે તેવો સ્વાધ્યાય' શીર્ષક હેઠળ કર્યું છે.

ઉર્વી તેવારે આ શોધકાર્યમાં ચન્દ્રકાન્ત ટોપીવાળાના તમામ સ્વાધ્યાય લેખોને સિદ્ધાંત, પ્રત્યક્ષ, સર્જકલક્ષી વાદલક્ષી અને સંશોધન-સંપાદન પ્રકીર્ણ એવા વિભાગમાં વહેંચીને મૂળ 'તત્વ' સુધી પહોંચવાનો પ્રયાસ કર્યો છે. તેમજ કશાયથી પ્રભાવિક થયા વિના કાર્યલક્ષી મૂલ્યાંકન કર્યું છે. અને મર્યાદાઓને પણ શિષ્ટતાપૂર્વક દર્શાવી આપી છે. એ બાબતને વિજય શાસ્ત્રી કષ્ટ સાધ્ય ગણાવી પ્રસંશનીય ગણાવી છે.

### ૧૦. ભારતીય નવલકથામાં આત્મખોજ - ચૈતન્ય દેસાઇઃ

ચૈતન્ય દેસાઇકૃત વિવેચનપુસ્તક 'ભારતીય નવલકથામાં આત્મખોજ' નું વિવે[redacted] "'કથા' વતા 'તત્વ'નો અભ્યાસ" શીર્ષક હેઠળ કર્યું છે.

આ પુસ્તક એમણે પીએચ.ડી. ની પદવી માટે શોધનિબંધ તરીકે લખેલ જેમાં એમણે પાંચ નવલકથા લીધેલ પરંતુ પ્રસ્તુત પુસ્તકમાં એમણે ગુજરાતી 'વેણું વાત્સલ્ય', હિન્દી 'ચિત્રલેખા' અને 'કન્નડ', 'સંસ્કાર' નો જ સમાવેશ કર્યો છે. પ્રસ્તુત પુસ્તકમાં 'આત્મતત્ત્વની ખોજ' વિષયની તાત્વિક ચર્ચા કરીને ઉપરોક્ત ત્રણ કૃતિના પાત્રોના સંદર્ભમાં 'આત્મખોજ' અંગે મૌલિક વિશ્લેષણ રજૂ કર્યું છે. તેની વિજય શાસ્ત્રીએ અત્રે અવલોકનાત્મક નોંધ લીધી છે.

**૧૧. જ્યોતીન્દ્ર દવે વાઙ્મય ચિંતન – સં. શ્રીકૃષ્ણવીર દીક્ષિતઃ**

શ્રી કૃષ્ણવીર દીક્ષિત દ્વારા સંપાદિત ગ્રં

વિવેચન વિજય શાસ્ત્રીએ એમનાં વિવેચનપુસ્તક “ત્રેપનમો જાણ્યે પાર” માં ‘જ્યોતીન્દ્ર દવેની વિદ્વતાનો સુભગ પરિચય કરાવતો ગ્રંથ’ શીર્ષક હેઠળ કર્યું છે.

ગુજરાતી ભાષાના પ્રથમ કોટિના સિદ્ધહસ્ત ગણાતા હાસ્યકાર જ્યોતીન્દ્ર દવેનું એક સમર્થ વિવેચક અને સંસ્કૃત કાવ્યશસ્ત્રના ઊંડા અભ્યાસી તરીકેનું એક અજાણ પાસું સંપાદકે પ્રસ્તુત પુસ્તકમાં ઉજાગર કરી આપ્યું છે. પ્રસ્તુત સંપાદન ગ્રંથમાં સંપાદકે પુસ્તકને રસવિચાર, નાટયવિચાર, કાવ્યવિચાર અને સાહિત્યવિચાર એવા ચાર ખંડમાં વિભાજિત કરીને પ્રત્યેક વિભાગમાં જ્યોતિન્દ્ર દવેની મૌલિક વિચારણા, ઊંડી અભ્યાસનિષ્ઠા તથા આગવા દૃષ્ટિકોણ અંગે સંક્ષિપ્ત પરંતુ મર્મસ્પર્શી ચર્ચા કરી છે. એની નોંધ લેતાં વિજય શાસ્ત્રી જણાવે છે કે,

***“સમગ્ર નિરૂપણમાં સાદ્યન્ત જ્યોતિન્દ્રની બહુશ્રૂતતા અને સહૃદયતાનો તન્તુ ગ્રંથાતો આવે છે. વિદ્વતાની બરડતા નહી ઉન્નતમ્ ભૂમિકા નહી પણ મુલાયમ રસિકતાનો વાચકને થતો અનુભવ આ ગ્રંથનું મહામૂલું કીમતી અંગ છે, કેમ કે, તે દ્વારા જ્યોતીન્દ્રની માણસ તરીકેની ઊંચાઈના પણ દર્શન થાય છે.”***[૯૪]

**૧૨. શોધખોળની પગદંડી પર – હરિવલ્લભ ભાયાણીઃ**

હરિવલ્લભ ભાયાણીકૃત સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રં

લોકસાહિત્ય વિષયક શોધ લેખ સંગ્રહ ‘શોધખોળની પગદંડી પર’ નું વિવેચન વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક ‘ત્રેપન મો “વૈજ્ઞાનિક છતાં રસાર્દ્ર” શીર્ષક હેઠળ કર્યું છે.

શીર્ષકમાં દર્શાવ્યા મુજબ પ્રસ્તુત પુસ્તકના શોધલેખો કેવી રીતે વૈજ્ઞાનિક છતાં રસાનુભૂતિ કરાવવા સક્ષમ બન્યા છે. એના કારણોની વિજય શાસ્ત્રીએ અત્રે ચર્ચા કરી છે. જેમાં તેઓ હરિવલ્લભ ભાયાણીએ નરસિંહ-મીરાં જેવાં કવિઓની લોકપ્રિયતાના આઠ કારણોની કરેલી ચર્ચા, દુહાસાહિત્યમાં અન્યોક્તિઓનો અનુવાદ અને આસ્વાદ તેમજ વિવિધ લોકકથાના મૂળમાં રહેલ સમાન કથાઘટકો વગેરેની પ્રસંશાપૂર્વક ચર્ચા કરતાં વિજય શાસ્ત્રી આ ગ્રંથ અંગે જણાવે છે કે,

> ***"'શોધખોળની પગદંડી પર' ગ્રં[redacted]ન્ય સંશોધક ડૉ. હરિવલ્લભ ભાયાણીની ચુસ્ત વૈજ્ઞાનિક અને તર્કાશ્રિત સંશોધન રીતિ અને તદંર્ગત રસાર્દ્રતા ઉભયનો વધુ વાર વિદગ્ધ ભાવકોને અનુભવ થાય તેમ છે."[૯૫]***

**૧૩. કાવ્યકૌતુક – હરિવલ્લભ ભાયાણીઃ**

હરિવલ્લભ ભાયણીકૃત વિવેચનપુસ્તક 'કાવ્યકૌતુક'નું વિવેચન વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક 'ત્રેપનમો જાણ્યે પા ર' માં "સાહિત્ય સંલગ્ન કેટલાંક મુદ્દાઓની છાણવટ : 'કાવ્યકૌતુક'" શીર્ષક હેઠળ કર્યું છે.

ઉપરોક્ત ગ્રં[redacted]ામાં તેમજ ભારતીય મીમાંસામાં ઉભયપણે રહેલાં છે. એની વિસ્તૃત છણાવટ હરિવલ્લભ ભાયાણીએ કરી છે. એ માટે એમણે પુસ્તકને સાત વિભાગમાં વહેંચી નાખ્યું છે. જેમાં શૈલીવિચાર, ભોજનો રસવિસ્તાર, શૈલીવિજ્ઞાન અને વિમાર્ગી ભાષાપ્રયોગો, વક્રોક્તિજીવિત, અલંકાર ચર્ચા અનુભવ વગેરેનો સમાવેશ થાય છે.

આમ, ઉપરોક્ત પુસ્તકમાં સાહિત્યસંલગ્ન અનેકવિધ પ્રશ્નો અને મુદ્દાઓ પ્રત્યે થયેલી તાર્કિક વિચારણા પ્રત્યેક મુદ્દા પરત્વેનું એમનું સ્પષ્ટ અને વૈજ્ઞાનિક નિરીક્ષણ પારિભાષિક સંજ્ઞાઓનો વિનિયોગ છતાં કિલષ્ટતાનો અભાવ તેમજ તુલનાત્મક અભિગમથી

કરેલ વાતમાં રહેલું તાટસ્થ્ય વગેરે વિશે વિજય શાસ્ત્રીએ પ્રસ્તુત લેખમાં ઉદાહરણ સહિત સંક્ષિપ્ત ચર્ચા કરી છે.

## ૧૪. વ્યાસંગ – જયંત કોઠારીઃ

જયંત કોઠારીકૃત વિવેચનપુસ્તક ‘વ્યાસંગ’ નું વિવેચન વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક “ત્રેપનમો જાણ્યે પાર ” માં કર્યું છે.

ઉપરોક્ત વિવેચનપુસ્તકમાં જયંત કોઠારીએ અધ્યાપન નિમિતે જેમનું અધ્યયન કરવું પડયું હોય એવી કૃતિઓનું વિવેચન કર્યું છે.

સાહિત્યપ્રકારો નિબંધ, ટૂંકીવાર્તા અને એકાંકી, લઘુનાટક વિશે એમણે તાત્વિક ચર્ચા સરળતાપૂર્વક કરી છે. નિબંધના અંતરંગને ઓળખવાનો ામાણિક પ્રયત્ન ‘વાર્તા’ના આસ્વાદ મૂલ્યાંકનની સમસ્યાઓ, વાર્તાનું કલેવર, શૈલી, આધુનિકતા વિશે તેમજ એકાંકી લઘુનાટકમાં રહેલાં ભેદ તેમજ ટેક્નિક અંગે વિવેચકીય સજજતાથી છણાવટ કરી છે. ઉપરાંત, ‘ઇન્દુ : વર્ણનોશૈલી’, ‘રાઇનો પર્વત : સાહિત્યનાટક તરીકે’ વગેરે સમીક્ષાલેખોમાં કૃતિના ગુણ દોષોની રસપૂર્ણ ચર્ચાની અત્રે વિજય શાસ્ત્રીએ નોંધ લીધી છે.

## ૧૫. ગુજરાતી સાહિત્ય વિવેચન – જયંત કોઠારીઃ

જયંત કોઠારીકૃત વિવેચનપુસ્તક ‘ગુજરાતી સાહિત્ય વિવેચન’ નું વિવેચન વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક ‘ત્રેપનમો જાણ્યે પા ર’માં ‘માર્મિક અને વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ : ગુજરાતી સાહિત્યવિવેચન’ શીર્ષક હેઠળ કર્યું છે.

શીર્ષક પરથી જ વિજય શાસ્ત્રીએ પ્રસ્તુત વિવેચનપુસ્તક પરત્વેનો અભિપ્રાય જાણી શકાય છે કે આ પુસ્તક એમને માર્મિક અને વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ ધરાવતું લાગ્યું છે.

પ્રસ્તુત પુસ્તકમાં વિવેચકે નર્મદ, નવલરામ, રમણભાઇ નીલકંઠ અને આનંદ શંકર ધ્રુ

રામનારાયણ પાઠકના વિવેચન પરિભાષા અંગેના મહત્ત્વના અંશોનું કરેલું વિવરણ તેમજ ઉમાશંકર જોશી અને સુરેશ જોષીની કૃતિનિષ્ઠ વિવેચન અંગેની વિચારધારામાં પ્રવર્તતી સામ્યતા અને આંતરવિરોધો વિશે વિગતે કરેલી ચર્ચા તેમજ કાકાસાહેબ કાલેલકરની વિવેચનામાં શાસ્ત્રીયતા નહી પણ રસાળતાની નોંધ લઇ આ પુસ્તક અંગે પોતાનો અભિપ્રાય નોંધતા જણાવે છે કે,

***"અહીં સમગ્ર પુસ્તકમાં જયંત કોઠારીની ગતિ તથ્યોથી શરૂ થઇ મૂલ્યમાં થઇ રસ સરિતા સુધી પહોંચે છે. એની સુખદ પ્રતીતિ કોઇને પણ થઇ શકશે."***[૧૯૬]

**૧૬. કપોળકલ્પિત : ડૉ. શિરીષ પંચાલ**

ડૉ. શિરીષ પંચાલકૃત વિવેચનપુસ્તક 'કપોળકલ્પિત' નું વિવેચન વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક 'ત્રેપનમો જાણ્યે પા ર' માં "'કપોળકલ્પિત' વિશે નક્કર અભ્યાસ" શીર્ષક હેઠળ કર્યું છે.

સર્જકના માનસિક તરંગો કે કલ્પનાશક્તિ તેમજ અસંપ્રજ્ઞાત માનસમાં વેરવિખેર પડેલાં સંસ્કારો સર્જનની પ્રક્રિયામાં ભાગ ભજવે તેને 'કપોળકલ્પિત' સંજ્ઞા તરીકે ઓળખવામાં આવે છે. એવી છણાવટ કરીને આ સંજ્ઞા વિશેનું શિરીષ પંચાલનું ઊંડાણપૂર્વકનું નિરીક્ષણ અને માનસશાસ્ત્રીય અભિગમ સાથેની ઊંડી નિસબતની નોંધ વિજય શાસ્ત્રીએ લીધી છે. ઉપરાંત આ સંજ્ઞાની વિશિષ્ટ છણવટ કરવા શિરીષ પંચાલે જુદા-જુદા લેખકોની કૃતિમાં આ સંજ્ઞા રચનાગત યુક્તિ તરીકે કેવું વિશિષ્ટ સર્જન નિર્માણ કરે છે. એના ઉદાહરણ તરીકે પશ્ચિમી સાહિત્યના 'એલિસ ઇન વન્ડરલેન્ડ', 'જે

હાઇડ', 'મોટામોર્ફોસિસ' તેમજ ગુજરાતી સાહિત્યની મધુરાયની 'સરલ અને શમ્પા'

ઘનશ્યામ દેસાઇની વાર્તા ‘કાગડો’, સુરેશ જોષીની વાર્તા ‘અગતિગમન’ વગેરેને મૂકી આપીને એક સુશ્લિષ્ટ વિવેચનનો નમૂનો પૂરો પાડયો[illegible] ⸝સંશાપૂર્વક નોંધ અત્રે વિજય શાસ્ત્રીએ કરેલ છે.

**૧૭. ભટનું[illegible] - સ્ત્રોત અને સંદર્ભ - લે. મનોજ દરૂઃ**

મનોજ દરૂકૃત ‘ભટનું ભોપાળુંઃ સ્ત્રોત અને સંદર્ભ’ નું વિવેચન વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક ‘ત્રેપનમો જાણ્યે પા ર’માં ‘તુલનાત્મક અધ્યયનની દિશામાં’ શીર્ષક હેઠળ કર્યું છે.

મોટા ભાગે ગુજરાતી સાહિત્યમાં નાટય પ્રકારના ઇતિહાસમાં એમ જ માનવા મનાવવામાં આવ્યું છે કે નવલરામકૃત નાટક ‘ભટનું ભોપાળું[illegible]
ડોકટર’નું રૂપાંતર છે. પરંતુ મનોજ દરૂ એક નવો જ રહસ્યસ્ફોટ તાર્કિક અભ્યાસના આધારે કરે છે. કે, મોલિયેરના નાટકનું નામ ‘ધ ફિઝિશિયન ઇનસ્પાઇટ ઓફ હિમશેલ્ફ !’ છે; અને ‘મોક ડોક્ટર’ નામ એ ફીલ્ડીંગ નામના લેખકે એ નાટકના કરેલાં રૂપાંતરનું નામ છે; જેનું રૂપાંતર નવલરામે ગુજરાતીમાં ‘ભટનું ભોપાળું’ શીર્ષક હેઠળ કર્યું છે.

સમગ્ર અભ્યાસમાં પોત પોતાના દેશોમાં અને સદીના પ્રતિભાશાળી સર્જકો દ્વારા એક જ વિષયવસ્તુને કેન્દ્રમાં રાખીને થયેલાં સર્જન-રૂપાંતરને પાત્રાલેખન, નાટયાત્મકતા, હેતુલક્ષિતા અને કૃતિની પ્રભાવાત્મકતા ધ્યાનમાં રાખીને મનોજ દરૂએ સંશોધનાત્મક અભ્યાસ કર્યો છે એને બિરદાવી વર્ષોથી ‘મોલિયેર’ પરથી ‘ભટનું ભોપાળું’ એવું ચલાવ્યાં રાખતી ગુજરાતી વિવેચના-વિવેચકોના ભોપાળાની વિજય શાસ્ત્રીએ કડક આલોચના કરી છે.

## ૧૮. સંપશ્યના – રમેશ મ. શુક્લઃ

રમેશ મ. શુક્લ કૃત વિવેચનપુસ્તક ‘સંપશ્યના’ નું વિવેચન વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક ‘ત્રેપનમો જાણ્યે પાર’ માં “ ‘તથ્યલક્ષી સંશોધન, રસમૂલક વિવેચનઃ ‘સંપશ્યના’” શીર્ષક હેઠળ કર્યું છે.

વિવિધ નિમિતે લખાયેલાં સંશોધનાત્મક અભિગમ ધરાવતા લેખોના સંચય પ્રસ્તુત પુસ્તકમાં થયો છે. જેમાં સંસ્કૃત કાવ્યશાસ્ત્ર, પંડિતયુગીન દ્વિવેટિયાની સાહિત્યિક પ્રવૃતિ વિશેથી માંડીને ધૂમકેતુની વાર્તાકલા ‘અગ્નિકુંડમાં ઊગેલું ગુલાબ’ની સમીક્ષા સુરેશ જોષીકૃત ‘અષ્ટમોધ્યાય’ ની સમીક્ષા સુધીનું ફલક ધરાવતા લેખોમાં ઉપસતી વિવેચકીય સજ્જતાની વિજય શાસ્ત્રીએ અત્રે નોંધ લીધી છે.

## ૧૯. અમારે તો શબ્દો જ કંકુ અને ચોખા – ભગવતીકુમાર શર્મા

ભગવતીકુમાર શર્માકૃત વિવેચનગ્રં[illegible]

વિવેચન વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક ‘ત્રેપનમો જાણ્યે પાર’ વિવેચનપુસ્તકમાં ‘સહૃદયતાથી વ્યાપ્ત વિવેચનો’ શીર્ષક હેઠળ કર્યું છે.

આ ઉપરોક્ત પુસ્તક દ્વારા ભાગવતીકુમાર શર્માની સાહિત્યવિવેચક તરીકેની આગવી છબિ બહાર આવી છે. એવું જણાવીને વિજય શાસ્ત્રી એમાં રહેલ કૃતિનિષ્ઠ વિવેચનલેખોમાં કલાકૃતિ તરીકે કૃતિને પામવાની ખેવના અને ગઝલોના વિવેચનમાં ગઝલની કૃતકતા-નૈસર્ગિકતા-સ્થિત્યંતરો વિશે કરેલ ચર્ચા ની નોંધ લેતાં સમગ્રપણે પોતાનો અભિપ્રાય આપતાં જણાવે છે કે,

***“આ બધાના મૂળમાં સહૃદયતાથી રસાયેલી એમની અધ્યયનશીલતા એમના અભ્યાસપાત્ર કૃતિની પૂર્વપરંપરાને પૂરેપૂરી ઓળખી લેવાં તેમ [illegible] દયતા સાથે જ તેમની વિવેચકીય સજ્જતાનો બીજો ઉન્મેષ છે. તટસ્થતાપૂર્વકના મૂલ્યાંકનો, તેમની***

***સહૃદયતા તેમને પક્ષિલ બનવા દેતી નથી, કૃતિગત નબળાઈઓ અને મર્યાદાઓ તેઓ જે તે સ્થળે ચીંધ્યા વિના રહેતાં નથી. તેઓ ક્યાંક ઉન્મત બન્યા નથી.- બનતા નથી. તેઓ સહૃદયતાનું જ આવકાર્ય પરિણામ છે."***[૯૭]

## ૨૦. કાવ્યચર્ચા - સુરેશ જોષી:

સુરેશ જોષીકૃત વિવેચનપુસ્તક 'કાવ્યચર્ચા' નું વિવેચન વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક 'સામંજસ્ય' માં "સુરેશ જોષીનો કવિતા વિચાર" શીર્ષક હેઠળ કર્યું છે.

પ્રસ્તુત લેખના પ્રારંભમાં જ વિજય શાસ્ત્રી જણાવે છે કે, સુરેશ જોષીની વિવેચનપ્રવૃતિ વિસ્તારી બનવા કરતાં ઊંડાણવાણી વધુ બની છે, ત્યાર બાદ 'કાવ્યચર્ચા' માં સમાવિષ્ટ કાવ્યવિચારણાને તાત્વિક બનાવતા મુદ્દાઓ વિશે સુરેશ જોષીનાં વિચારોની નોંધ લે છે. ઉપરાંત સુરેશ જોષીએ આધુનિકતા, યુગચેતના, અસ્તિત્વવાદ અને કાવ્યપ્રવૃતિ, કાવ્યસર્જનમાં થતું અનુસર્જન અને શૈલીક્રીડા, 'આકાર'ની મીમાંસા, વિવેચકોની ઉપરછલ્લી વિવેચના વગેરે વિશે વિજય શાસ્ત્રીએ અત્રે ચર્ચા કરી છે. સાથે એમણે એ પણ નોંધ્યુ છે કે સુરેશ જોષીએ ક્યાંય અવિવેક પ્રગટ કર્યા વિના જ અન્ય વિવેચકોની 'કાવ્ય' વિશે ગેરસમજોને ચીંધી બતાવી છે.

## ૨૧. કળા, સાહિત્ય અને વિવેચન - પ્રમોદકુમાર પટેલ

પ્રમોદકુમાર પટેલકૃત વિવેચનગ્રં[redacted]
શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક 'સામંજસ્ય' માં "સ્વસ્થ સમતોલ વિવેચનઃ સ્વ પ્રમોદકુમાર પટેલ કૃત 'કળા, સાહિત્ય અને વિવેચન'" શીર્ષક હેઠળ કર્યું છે.

ઉપરોક્ત પુસ્તકમાં પ્રમોદકુમારે કરેલ સિદ્ધાંત ચર્ચા, સ્વરૂપવિચાર, સંજ્ઞાવિચાર, ઇતિહાસ વિભાવના વિચાર અંગેની ચર્ચા-વિચારણાની નોંધ વિજય શાસ્ત્રીએ

લીધેલ છે. ઉપરાંત આધુનિકતાવાદ, વાસ્તાવવાદ અને શુદ્ધકળા, સાહિત્ય અને સંસ્કૃતિ, નવ્યવિવેચન, સંરચનાવાદી વિવેચન, સાહિત્યસ્વરૂપોની નવી વિભાવના, તુલનાત્મક સાહિત્ય અને રાષ્ટ્રીય સાહિત્ય, સાહિત્યના ઉપલબ્ધ ઇતિહાસની સમીક્ષા, તેમજ ‘સાહિત્ય’, ‘સંસ્કૃતિ’, ‘કલ્પના’, ‘પુરાકલ્પન’, ‘વિવેચન’ જેવી ‘સંજ્ઞાઓનો’ કરેલો વિમર્શ વગેરેની સમગ્રપણે નોંધ લેતાં વિજય શાસ્ત્રી પ્રમોદકુમાર પટેલની લખાવટ શૈલી અને અભ્યાસનિષ્ઠા વિશે જણાવે છે કે,

***“માંડીને વાત કરવી, લાંબી લેખણે લખવું, ધીરજપૂર્વક વિગતોમાં ઊતરવું, પશ્ચિમી સાહિત્ય અને વિવેચનના વિવેકપૂર્વકના ઉદાહરણોની સહાય લેવી, ચર્ચ્ય મુદ્દાના પૂર્વ અને ઉત્તર બંને પક્ષોને સમતોલન પણે મૂકી, આપવા કોઇ અંતિમ નિર્ણય પર આવતા પહેલાં બધી બાજુઓની દલીલો લક્ષમાં લેવી અને છેવટે સંભવિતતા દર્શાવવી આ બધાનો અનુભવ પ્રમોદકુમારના વિવેચનોમાંથી પસાર થનારને અવશ્ય થશે.”***[૯૮]

**૨૨. ગુજરાતીમાં કાવ્યતત્ત્વ વિચારણા ભાગ-૨ - પ્રમોદકુમાર પટેલઃ**

પ્રમોદકુમાર પટેલ દ્વારા પીએચ.ડી.ની પદવી માટે લખાયેલ મહાશોધ નિબંધ ‘ગુજરાતીમાં કાવ્યતત્વવિચારણા’ શીર્ષક હેઠળ પ્રકાશિત થયેલ છે. જેનું વિવેચન વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક ‘સામંજસ્ય’ માં “પંડિતયુગના કાવ્યવિચારનો સમીક્ષાત્મક ઇતિહાસ” શીર્ષક હેઠળ કર્યું છે.

ઉપરોક્ત મહાશોધ નિબંધ લખાયાના ત્રીસ વર્ષના આ ગાળામાં સાહિત્ય અને વિવેચન ક્ષેત્રે આવેલા નવાં વલણો, વાદ અને સંપ્રત્યયોની સાથે અનુબંધની સમસ્યા નડે એવો અભિપ્રાય આપીને વિજય શાસ્ત્રી પ્રમોદકુમાર પટેલે રમણભાઇના કાવ્યવિચારની તારવી આપેલી વિસંગતિઓ તર્કસહિત સભ્યતાથી દર્શાવી આપી છે. એની નોંધ લે છે.

ઉપરાંત નરસિંહ રાવના કાવ્યવિચારમાં રહેલી "હૃદયની શ્રદ્ધા" વિશે તેમજ સૌંદર્ય અને કલાકૃતિ વિશેના આ સંબંધિત વિચારો વિશે પ્રમોદકુમારે કરેલી ચર્ચા સંબંધી વિગતો આપવા ઉપરાંત વિજય શાસ્ત્રીએ પ્રમોદકુમારે મણિલાલ નભુભાઈએ કાવ્યભાષા અને શાસ્ત્રભાષાના કરેલાં ભેદ અને ભાષાકર્મ અંગેના ખ્યાલો અંગે કરેલ ચર્ચા વિશે તેમજ ગોવર્ધનરામના કવિતા વિચાર અંગે પણ સંક્ષિપ્ત નોં[illegible]

## ૨૩. અતીતને ઓવારે – ભૂપેન્દ્ર ત્રિવેદીઃ

ભૂપેન્દ્ર ત્રિવેદીકૃત વિવેચનસંગ્રહ 'અતીતને ઓવારે' નું વિવેચન વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક 'સામંજસ્ય' માં 'સંનિષ્ઠ અભ્યાસ લેખો' શીર્ષક હેઠળ કર્યું છે.

મધ્યકાલીન સાહિત્યકૃતિઓ અંગેના ભૂપેન્દ્ર ત્રિવેદીના વિવિધ લેખો[illegible] કે, 'નરસિંહ મહેતા અને અખો' નામના લેખમાં એમના વિશેની અલ્પપરિચિત હકીકતો તર્કપૂર્ણ રીતે પ્રતિપાદિત કરવાનો સંનિષ્ઠ પ્રયાસ, સહજાનંદ સ્વામીકૃત 'વચનામૃત' ની ભાષા અને ગદ્યનું મૂલ્યાંકન, 'નંદશંકર અને મહીપતરામ' લેખમાં જે તે જમાનાના સાહિત્યક ધોરણોને ધ્યાનમાં રાખીને કૃતિને મુલવવાનો એમનો આગ્રહ વગેરે બાબતો અંગેની વિવેચક તરીકેની સજજતાને વિજય શાસ્ત્રીએ અત્રે બિરદાવી છે.

## ૨૪. વાસ્તવ અને વાસ્તવવાદ – જયંત ગાડીતઃ

જયંત ગાડીતકૃત વિવેચનપુસ્તક 'વાસ્તવ અને વાસ્તવવાદ' નું વિવેચન વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક 'સામંજસ્ય'માં 'નવલકથા વિમર્શ' શીર્ષક હેઠળ કર્યું છે.

નવલકથાનો સાહિત્યપ્રકાર કઇ રીતે વાસ્તવ સાથે અનુબંધ ધરાવે છે. તેની તેમજ વાસ્તવ અને વાસ્તવવાદ સંજ્ઞાની ફિલસૂફી, વાસ્તવના પ્રકારો વિશેના તેમજ આ

વાસ્તવવાદ જુદી-જુદી ગુજરાતી નવલકથાઓમાં કેવી રીતે પ્રગટ થાય છે. અથવા જુદા-જુદા લેખકોએ આ સંજ્ઞાને નવલકથા સ્વરૂપમાં કેવી રીતે ઘૂંટી છે એ વિષયક ચર્ચા તેમજ વાસ્તવથી ઉફરી જતી નવલકથા પ્રત્યે વ્યક્ત થયેલ અણગમા વિશે તટસ્થતાપૂર્વક રસપ્રદ ચર્ચા કરી છે.

**૨૫. આલેખ – રાધેશ્યામ શર્મા:**

રાધેશ્યામ શર્માકૃત વિવેચનપુસ્તક 'આલેખ' નું વિવેચન વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક 'સામંજસ્ય' માં 'કૃતિને કેન્દ્રપદે સ્થાપતા લેખો' શીર્ષક હેઠળ કર્યું છે.

પ્રસ્તુત લેખમાં વિજય શાસ્ત્રી વિવેચનલેખના શીર્ષક 'કૃતિને કેન્દ્રપદે સ્થાપતા લેખો.' મુજબ દર્શાવી આપ્યું છે કે રાધેશ્યામ શર્મા કેવી રીતે કુશળતાપૂર્વક કૃતિને કેન્દ્રમાં રાખીને વિવેચનપ્રવૃતિ કરે છે. એમના જ શબ્દોમાં જોઇએ તો,

> ***"રાધેશ્યામ શર્મા કોઇક આગોતરા સિદ્ધાંત-વિભાવના લઇને સર્જનાત્મક કૃતિ પાસે જતાં નથી, પણ કૃતિને માણવા પ્રમાણવાની પ્રક્રિયા દરમિયાન જો કોઇ સિદ્ધાંત નીપજી આવે તો તે ગનીમત છે."***[૯૯]

ઉપરોક્ત વિધાનને સાર્થક ઠેરવતા જુદી-જુદી કૃતિઓ પરના લેખો જેમ કે જયંત પાઠકકૃત 'વનાંચલ', ભૂપત વડોદરિયા કૃત નિબંધસંગ્રહ 'ઘરે બાહિરે', વિનોદ ભટ્ટ કૃત "એવાં રે અમે એવા" લાભશંકર ઠાકર કૃત 'માણસની વાત' વગેરેનો સંક્ષિપ્તમાં ઉલ્લેખ કરી ને વિજય શાસ્ત્રી 'આલેખ' માં પ્રગટ થતી રાધેશ્યામ શર્માની વિવેચક સજજતા વિશે નોંધે છે કે,

> ***"તેઓ કૃતિને જ કેન્દ્રપદે સ્થાપે છે. કૃતિની સંરચનામાંથી પ્રાપ્ત પ્રતિભાવો તેમનાં વિવેચનની ધરી બની રહે છે."***[૧૦૦]

## ૨૬. નવલકથા નિર્દેશ – રાધેશ્યામ શર્માઃ

રાધેશ્યામ શર્માકૃત ‘નવલકથા નિર્દેશ’ પુસ્તકનું વિવેચન વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક ‘સામંજસ્ય’ માં કરેલ છે.

પ્રસ્તુત વિવેચનલેખમાં વિજય શાસ્ત્રીએ “નવલકથા નિર્દેશ” માં રાધેશ્યામ શર્મા એ કરેલ કૃતિ વિવેચન વિષયક લેખો ઉપર ઊડતી નજર નાખી છે. તેમજ સિદ્ધાંત વિવેચનના દસ લેખોનો આછો-પાતળો નિર્દેશ કર્યો છે. એકંદરે આ લેખ એ માત્ર પરિચયાત્મક સ્વરૂપનો બની રહે છે.

## ૨૭. પ્રતિમુખ – સતીષ વ્યાસઃ

સતીષ વ્યાસકૃત નાટયવિવેચન અંગેના પુસ્તક ‘પ્રતિમુખ’ નું વિવેચન વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક ‘સામંજસ્ય’ માં ‘નાટયસૂઝના દ્યાતક લેખો’ શીર્ષક હેઠળ કર્યું છે.

પ્રસ્તુત લેખમાં વિજય શાસ્ત્રીએ સતીષ વ્યાસે એમના પુસ્તકમાં કરાવેલા નાટય આસ્વાદો અને સમીક્ષા નો સંક્ષિપ્તમાં નામજોગ ઉલ્લેખ કર્યો છે. તેમજ સતીષ વ્યાસની ભાષાશૈલી અને વર્ણનોમાં રહેલ લાઘવની પ્રસંશા કરી આ ગ્રં[illegible]
વિવેચન ક્ષેત્રનું મહત્ત્વનું પ્રદાન ગણાવે છે.

## ૨૮. કૃતિરાગ – સતીષ વ્યાસઃ

સતીષ વ્યાસકૃત વિવેચનપુસ્તક ‘કૃતિરાગ’ નું વિવેચન વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક ‘સામંજસ્ય’ માં ‘પ્રત્યક્ષ વિવેચના નમૂના’ શીર્ષક હેઠળ કર્યું છે.

પ્રત્યક્ષ વિવેચનના નમૂનારૂપ કુલ વીસ વિવેચન લેખો વિષયક પરિચયાત્મક ચર્ચા કરતાં વિજય શાસ્ત્રી આ પુસ્તક વિશે નોંધે છે કે,

***"'કૃતિરાગ' માંના વીસેય લખાણો સતીષ વ્યાસની પ્રત્યક્ષ વિવેચનાના સઘન નમૂનાઓ બની રહે છે. કશીક વાર્તામાંથી રીતિએ થતો લેખનો ઉઘાડ, કૃતિના મુખ્ય અને મૂળભૂત હાર્દનું આકલન, જે તે સર્જકની કે કૃતિની નબળાઈઓનો શાલીનતાપૂર્વક થતો રહેતો નિર્દેશ, ભાટાઈવેડાથી સદંતર દૂર રહેતી છતાં સમભાવપૂર્વકની પ્રશંસા. નિરૂપણ રીતિ અને યથાસ્થાને અટકાવાનો સંયમ તેમજ અને તજજન્ય લાઘવ વાચકને તરત સ્પર્શે છે."*** [૧૦૧]

**૨૯. કાવ્યસંકેત – સુરેશ દલાલ:**

સુરેશ દલાલકૃત કાવ્યવિવેચન પુસ્તક 'કાવ્યસંકેત' નું વિવેચન વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક 'સામંજસ્ય' માં "ઉન્નતભ્રુ બન્યા વગર પણ" શીર્ષક હેઠળ કર્યું છે.

પ્રસ્તુત વિવેચનપુસ્તકમાં કુલ પીસ્તાળીસ કાવ્યોના આસ્વાદમાંથી છવ્વીસ ગુજરાતી કવિઓનાં, ઓગણીસ બિન ગુજરાતી કવિઓનાં, જ્યારે દસ ભારતીય કવિઓના લેખો છે. તેની નોંધ લઈને આ લેખો વર્તમાનપત્રોના વાચકોને ધ્યાનમાં રાખીને લખાયા હોવાથી વિવિધ સ્તરના વાચકોની રૂચિનો ખ્યાલ રખાયો હોવાનો મત વિજય શાસ્ત્રી ધરાવે છે. આમ છતાં આ આસ્વાદો છાપાળવા બનવાને બદલે સૂક્ષ્મ તેમજ રસપ્રદ બની શક્યા છે. તેની નોંધ લેતાં વિજય શાસ્ત્રી જણાવે છે કે,

***"આખો, કાવ્યસંકેતગ્રંથ  મુગ્ધ, રસિક જનોને અનુલક્ષીને લખાયો હોવા છતાં પૂર્વ ગ્રહમુક્ત વિદગ્ધોને માટે પણ આસ્વાદ ક્ષમ બને તેવો છે. ઉન્નતભૂ બન્યા વગર પણ સૂક્ષ્મતા સુધી પહોંચી શકાય છે. એ વાતની સુખદ પ્રતીતિ આ લેખો કરાવે છે."*** [૧૦૨]

## ૩૦. કથાપ્રસંગ – દીપક મહેતાઃ

દીપક મહેતાકૃત વિવેચનપુસ્તક ‘કથાપ્રસંગ’ નું વિવેચન વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક ‘સામંજસ્ય’ માં ‘સૈદ્ધાંતિક અને કૃતિલક્ષી ચર્ચા’ શીર્ષક હેઠળ કર્યું છે.

નવલકથા વિષયક આ વિવેચનપુસ્તકમાં નવલકથાની કૃતિનિષ્ઠ વિવેચના, ઐતિહાસિક દૃષ્ટિથી થતું નિરૂપણ તેમજ સમાંતરે સિદ્ધાંત ચર્ચા એમ ત્રિવિધ અભિગમથી લેખકે કરેલ કામની નોંધ લેતા વિજય શાસ્ત્રી જણાવે છે કે,

> ***“‘કથાપ્રસંગ’ આમ દીપક મહેતાના વિવિધ ભાષાઓના નવલકથા સાહિત્યના અભ્યાસનો નિષ્કર્ષ છે. તેમનો અભિગમ ઝાઝી શાસ્ત્રીયતામાં પડયા વગર કૃતિના વિષયવસ્તુ અને ભાવ નિરૂપણને કેન્દ્રમાં રાખવાનો મોટા ભાગે રહ્યો છે.”***[१०३]

## ૩૧. નાટયાલોક – કપિલા પટેલઃ

કપિલા પટેલકૃત નાટયવિષયક લેખસંગ્રહ ‘નાટયાલોક’ નું વિવેચન વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક ‘સામંજસ્ય’ માં “સત્ય ન ચૂકતાં લેખો” શીર્ષક હેઠળ કર્યું છે.

પ્રસ્તુત પુસ્તકમાં વિભાગ ‘ખ’ માં લેખિકાએ સંસ્કૃત, હિન્દી અને બંગાળી ભાષાના નાટકોનો ‘ગ’ માં વિદેશી નાટકોનો કથાપરિચય આપ્યો છે. તો પુસ્તકના બીજા વિભાગમાં ગુજરાતી નાટયકૃતિઓની વિસ્તૃત સમીક્ષા આપી છે. એ અંગે સંક્ષિપ્ત ચર્ચા કરીને વિજય શાસ્ત્રી સમભાવપૂર્વક અને સ્વસ્થતાપૂર્વકના નાટયવિવેચન પુસ્તક બદલ લેખિકાને ધન્યવાદ પાઠવે છે.

### વિવેચનલેખ

### ૧. અર્વાચીન ગુજરાતી ગદ્ય અને પર્યાવરણ-ચાર કૃતિઓનો વિશેષ સંદર્ભે : વિજય શાસ્ત્રી

'અર્વાચીન ગુજરાતી ગદ્ય અને પર્યાવરણ-ચાર કૃતિઓના વિશેષ સંદર્ભે.' નામક વિવેચનલેખ વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક ગ્રં[redacted]

પ્રસ્તુત લેખના આરંભમાં વિજય શાસ્ત્રીએ ઇ.સ.૧૯૭૮ના અરસામાં પશ્ચિમમાં શરૂ થયેલી Ecocriticism, Ecopoeticd, Green Studies ની પ્રવૃતિ અને તેના પાયામાં રહેલી Human Feroition Of Wilderness ની પ્રક્રિયા વિશે ઊંડાણપૂર્વક ચર્ચા કરી એ સંદર્ભમાં ચાર ગુજરાતી કૃતિઓ ધુમકેતુ કૃત, 'રજપુતાણી', જયંત ખત્રી કૃત 'માટીનો ઘડો' ચુનીલાલ મડિયાકૃત વાની મારી કોયલ અને લાભશંકર ઠાકર કૃત એકાંકી 'વૃક્ષ' નું વિવેચન કર્યું છે.

ઉપરોક્ત કૃતિઓમાં પ્રાકૃતિક સંદર્ભો કથાના એક પાત્રની જેમ જ કે કથારસના અનિવાર્ય અંગે તરી[redacted]
હટાવી દેવામાં આવે તો કૃતિપૃષ્ઠ બની જાય એ વિશે વિજય શાસ્ત્રીએ અત્રે રસપ્રદ ચર્ચા કરીને વિવેચનમાં Ecocriticism ખ્યાલ પ્રત્યે ધ્યાન દોર્યું છે. જે નોંધનીય છે.

### ૭.૧૩ અન્ય સાહિત્ય સ્વરૂપનું વિવેચન

### એકાંકી

### ૧. બારી - સતીષ વ્યાસઃ

સતીષ વ્યાસકૃત 'બારી' એકાંકી નું વિવેચન વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક 'બાવનનો સઘળો વિસ્તાર' માં 'બારી વિશે' શીર્ષક હેઠળ કર્યું છે.

પ્રાપ્ય પરિસ્થિતિની વિરુદ્ધમાં અપ્રાપ્યને જોડાજોડ મૂકી આપતી આ કૃતિને વિવેચક સેમ્યુઅલ બેકેટના 'ધ એન્ડોમો' ના પ્લોટ અને કેન્દ્રવર્તી વિચારના સંદર્ભમાં તપાસતા જણાવે છે કે,

***"સતીશે આમ બેકેટની દશ્યયોજનાનું ફક્ત માળખું જ ઉપાડયું છે. વિષય સમસ્યાઓને સ્થાને બે પાત્રોના Cross purposrsની નાટયપ્રયુક્તિને પ્રયોજીને રેખાયિત (લિનિયર) કાર્યવિકાસ ધરાવતી કૃતિ ઉપસાવી છે."[૧૦૪]***

**એકાંકીસંગ્રહ**

**૧. તીડ – સતીષ વ્યાસઃ**

સતીષ વ્યાસકૃત એકાંકીસંગ્રહ 'તીડ' નું વિવેચન વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક 'સામંજસ્ય' માં 'સ્વચ્છ નરવા એકાંકીઓ' શીર્ષક હેઠળ કર્યું છે.

પ્રસ્તુત સંગ્રહમાં સ્થાન પામેલ એકાંકી 'અમલ' ના આલેખન પામેલ પ્રાચીન મધ્યકાલીન વાતાવરણમાં થતો અનોખો નાટયા[redacted]

અપરાધીકરણ ના કથાવસ્તુનો વિકાસ, 'કામરું' એકાંકીમાં જૂના પરિવેશમાં આલેખાયેલું આધુનિક સંવેદન, 'કેબિનની અંદરનો માણસ' માં નિરૂપાયેલી આધુનિક માનવીની ચહેરા વિહોણા બની જવાની કરુણતા તેમજ 'તીડ' એકાંકીમાં રહેતી નાટય પ્રવિધિ અને ચોક્કસ નાટયરીતિની વિજય શાસ્ત્રીએ અત્રે પ્રસંશાપૂર્વક નોંધ લીધી છે.

**૨. ત્રિભેટે – દક્ષા ઠક્કરઃ**

દક્ષા ઠક્કરકૃત એકાંકી સંગ્રહ 'ત્રિભેટે' નું વિવેચન વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક 'સામંજસ્ય' માં 'હળવા અને માર્મિક' શીર્ષક હેઠળ કર્યું છે.

આ સંગ્રહમાં ગ્રે[redacted] ની કટાક્ષપૂર્ણ હળવી શૈલીની નોંધ લઇને વિજય શાસ્ત્રી પોતાનો અભિપ્રાય નોંધે છે કે,

*"ટૂંકમાં લેખિકાએ સૂઝ-બૂઝપૂર્વકનો ભાષાપ્રયોગ, પાત્રના ચરિત્રના વિવિધ પરિમાણો, નાટયક્ષમ આયોજન, મંચન ક્ષમતા અને પ્રવર્તન કર્યું છે. ક્યાંક-ક્યાંક સમજ ક્ષમતા અને સામાજિક સમસ્યાઓ વિશેની સમજ વગેરેમાં પ્રવર્તન કર્યું છે. ક્યાં-કયાંક બોલકાપણું કૃતિને ણઅતાવઇ બનાવવા તરફ લઇ જતું અનુભવાય ત્યાં જ પાછો કશો સર્જકતણખો આવીને વણસી જતી બાજીને કલાકીય રીતિએ ઉજાગર કરી દે છે."*[૧૦૫]

**નાટક**

**૧. તપસ્વી અને તરંગિણી - બુદ્ધદેવ બસુ - અનુ. ભોળાભાઇ પટેલઃ**

બુદ્ધદેવ બસુકૃત અનુ[redacted] તરંગિણી' નું વિવેચન વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક 'સામંજસ્ય' માં કર્યું છે.

ઋષ્યશૃંગ, શાંતા, તરંગિણી, ચન્દ્રકેતુ વગેરે પાત્રોને કેન્દ્રમાં રાખીને રચાયેલી આ કૃતિમાં નાટયોચિત વસ્તુ વિકાસ બોધ કે દરેકે પોતાનો માર્ગ સ્વયં શોધવો પડે છે. એ વિષયક ચર્ચા વિજય શાસ્ત્રીએ ઉપલક રીતે કરીને કૃતિનું પરિચયાત્મક વિવેચન કર્યું છે.

**નિબંધ**

- **લેખસંગ્રહ**
- **ચરિત્ર નિબંધ**
- **રેખાચિત્ર**
- **હાસ્યનિબંધ**

## નિબંધ સંગ્રહ

### ૧. તરુરાગ – જયન્ત પાઠકઃ

જયંત પાઠકકૃત લઘુનિબંધ સંગ્રહ 'તરુરાગ' નું વિવેચન વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક 'ત્રેપનમો જાણ્યે પાર' માં કર્યું છે. પ્રસ્તુત લેખ એમણે પત્રશૈલીએ લખ્યો છે.

જયંત પાઠકની વતનપ્રીતિ, પ્રકૃતિ પ્રત્યેનો તીવ્ર અનુરાગ તેમજ એમણે વૃક્ષોના વિવિધ રૂપકો અને અલંકારો થી કરેલાં અત્યંત લાગણીસભર વર્ણનોની ઉદાહરણ સહિત નોંધ લેતા વિજય શાસ્ત્રી લેખકને ઉદ્દેશીને યોગ્ય જ જણાવે છે કે,

> ***"તમને હું ત્રણ કારણે નસીબદાર ગણું છું કે શૈશવ પ્રકૃતિને ખોળે વીતાવવાનો યોગ સાંપડયો. બીજું, પ્રકૃતિ પ્રત્યે પ્રે[redacted] ઉપસાવવા વર્ણવવાની શક્તિ પણ સાંપડી આમ, 'તરુરાગ' માંના નિબંધો ત્રિવિધ શક્તિઓનો પરિપાક છે એમ કહું તો ખોટું નથી."***[૧૦૬]

### ૨. એક મિનિટ – લાભશંકર ઠાકરઃ

લાભશંકર ઠાકરકૃત લઘુનિબંધસંગ્રહ 'એક મિનિટ' નું વિવેચન વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક 'સામંજસ્ય' માં 'જગત સખણું નથી' શીર્ષક હેઠળ કર્યું છે.

વિવેચનલેખના શીર્ષક પરથી જ ખ્યાલ આવી જાય છે કે, આ લેખમાં કટાક્ષ કરવામાં આવ્યો હશે. ધર્મ, ભક્તિ, શિક્ષણ અને રાજકારણમાં ચાલતી દંભી પ્રવૃતિ અને વિકૃતિની લાભશંકર ઠાકરે વ્યંગ્યના કાકુમાં ઝાટકણી કાઢી છે. પરંતુ એના મૂળમાં એમની સહૃદયતા રહેલી છે. પરંતુ એના અંગે વિજય શાસ્ત્રી યોગ્ય જ નોંધે છે કે,

*"લા.ઠા.ના લખાણોની Total effct ની નૌ[redacted] ેશનો કાકૂ હોવા છતાં પીડિત અને પતિત માનવ માટેની તીવ્ર અનુકંપાનો સ્પર્શ આ બધી ઉક્તિઓ પાછળ ઊંડે રહેલો છે."[૧૦૭]*

**૩. બોલે ઝીણા મોર – ભોળાભાઇ પટેલઃ**

ભોળાભાઇ પટેલકૃત નિબંધસંગ્રહ 'બોલે ઝીણા મોર' નું વિવેચન વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક 'ત્રેપનમો જાણ્યે પાર' માં 'વૈવિધ્ય સભર નિબંધો' શીર્ષક હેઠળ કર્યું છે.

વિવેચનલેખનાં શીર્ષક દ્વારા જ વિજય શાસ્ત્રીએ નિબંધોના વિષય વૈવિધ્યને સૂચવી દીધું છે. આ વૈવિધ્ય ભોળાભાઇ પટેલે કોઇ આવેગ કે આવેશને વશ થયા વિના સ્વસ્થતાપૂર્વક સમથળ ભાષામાં વાચકો સમક્ષ મૂકી આપ્યું છે. તેની નોંધ લેતાં વિજય શાસ્ત્રી જણાવે છે કે,

***"અહીં તેમણે કોઇ કવિને છાજે એ રીતનો ઋતુ વૈભવ માણ્યો અને રીતે પર ભાષાની ફિલ્મ નાટયકૃતિઓના રસદર્શનો આપ્યા છે, કોઇ પરિવ્રજકને છાજે એ રીતે સ્થળદર્શનો કર્યા છે. અને કોઇ ચિંતકને છાજે એ રીતનો સંસ્કૃતિ વિમર્શ કર્યો છે. આ બધું છતાં ક્યાંય શૈલીનો ભાર વર્તાતો નથી."[૧૦૮]***

**૪. પ્રતિસાદ – મંજુ ઝવેરીઃ**

મંજુ ઝવેરીકૃત નિબંધસંગ્રહ 'પ્રતિસાદ' નું વિવેચન વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક 'ત્રેપનમો જાણ્યે પાર' માં "ઉત્તમ વાચનની ફલશ્રૂતિ" શીર્ષક હેઠળ કર્યું છે.

ફોર્બ્સ ગુજરાતી સભા ત્રિમાસિકના સંપાદિકા મંજુ ઝવેરીએ સંપાદકીય લેખો પ્રસ્તુત પુસ્તકમાં ગ્રંશ્ચ કર્યા છે. જેમાં એમણે આશિષ નાન્દીના 'અલ્ટરનેટિવ સાયન્સ' થી

માંડીને નીરદ ચૌધરી, સુનિતા દેશપાંડે, દર્શન કાન્તિ શાહ વગેરેની કલમે લખાયેલાં ચરિત્રસાહિત્ય અંગે પણ ચિંતન મનન કર્યું છે. માનવમૂલ્યો, માનવપરિમાણો, સંબંધોની સંકુલ તરાહો, ટેક્નોલોજીના અતિરેકથી માનવ સંબંધોને થયેલું નુકશાન વગેરે પ્રત્યેની સંવેદનશીલતા એમનાં લેખોમાં પ્રગટતી જણાય છે; એવું નોંધીને વિજય શાસ્ત્રીએ કઢંગી વાક્ય રચના તથા અંગ્રેજી પારિભાષિક શબ્દોના સીધા ઉપયોગથી થતી રસક્ષતિ પરત્વે પણ ધ્યાન દોર્યું છે.

### ૫. ભૂંસાતા ગ્રામચિત્રો - મણિલાલ હ. પટેલઃ

મણિલાલ હ. પટેલકૃત નિબંધસંગ્રહ 'ભૂંસાતા ગ્રામચિત્રો' નું વિવેચન વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક 'ત્રેપનમો જાણ્યે પાર' માં 'ભૂંસાતાં ગામડાના તેજસ્વી ચિત્રો' શીર્ષક હેઠળ કર્યું છે.

પોતાના ગામ પ્રત્યેનું મમત્વ અને વર્તમાન-ભૂતકાળનું સનિધિકરણ તથા યાંત્રિકતા પ્રત્યે અભાવ અને પ્રકૃતિ પ્રત્યેનો અનુરાગ આ નિબંધોના મૂળમાં રહેલાં છે. એની ઉદાહરણ સહિત ચર્ચા કરીને વિજય શાસ્ત્રી આ સંગ્રહ વિશે પોતાનો અભિપ્રાય આપતાં નોંધે છે કે,

> ***"મણિલાલે ભાષા, પદાર્થો, સ્થળવર્ણનો તો ખરા જ પણ ગ્રામસમાજનું મૂળભૂત આદિમ સંસ્કારચક્ર તેની સમસ્તતાની આલેખ્યું છે. કેમ કે જે સમાજના તેઓ મનેખ છે. પરિણામે કશું આગંતુક કે અહાર્ય ન બની રહેતાં સમતાની અનુભૂતિ કરાવે છે."***[૧૦૯]

### ૬. માટીવટો – મણિલાલ હ. પટેલઃ

મણિલાલ હ. પટેલકૃત નિબંધસંગ્રહ ‘માટીવટો’ નું વિવેચન વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક ‘સામંજસ્ય’માં ‘સ્વરૂપ વૈવિધ્ય દાખવતા નિબંધો’ શીર્ષક હેઠળ કર્યું છે.

પ્રસ્તુત સંગ્રહમાં ગ્રથંસ્થ નિબંધના ભિન્ન-ભિન્ન સ્વરૂપો જેમાં વ્યક્તિ ચિત્રો, શાળાજીવનના સંસ્મરણો તેમજ સાંપ્રતનું આકલન અને મૂલ્યાંકન વગેરેની નોંધ લેતાં વિજય શાસ્ત્રી પ્રસ્તુત નિબંધ અંગે જણાવે છે કે,

***“‘માટીવટો’ ની સામગ્રીની વિપુલતા અને વિવિધતા દેખાઈ આવે તેવી છે. કાવ્યાત્મકતા, સમાજચિંતન અને અતીતરાગના લક્ષણો સર્જકતાનો સ્પર્શ કરાવે છે. આપણી ચિરપરિસ્થિતિ નિબંધ સાહિત્યની સૃષ્ટિમાં આ નવું ઉમેરણ મણિલાલીય સ્પર્શો જ્યાં-જ્યાં દાખવે છે ત્યાં-ત્યાં ભાવકને રીઝવે છે.”*** [૧૧૦]

### ૭. મલકની માયા – મણિલાલ હ. પટેલઃ

મણિલાલ હ. પટેલકૃત નિબંધસંગ્રહ ‘માટીવટો’ નું વિવેચન વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક ‘સામંજસ્ય’ શીર્ષક હેઠળ કર્યું છે.

પ્રસ્તુત સંગ્રહના નિબંધોમાં મણિલાલ પટેલ ભાવ અને ભાષા વચ્ચે કેવી રીતે સામંજસ્ય સાધે છે. તેની ચર્ચા કરતાં વિજય શાસ્ત્રી આ સંગ્રહની વિશિષ્ટતા વિશે નોધે છે કે,

***“‘મલકની માયા’ ની સામગ્રી આમ કાવ્ય, કલ્પના, પ્રકૃતિ, અતીતરાગ, નષ્ટ સૌંદર્યનો વિષાદ, સમાજ, શિક્ષણ તથા રાજકારણ એમ અનેક પ્રદેશોમાં વિહરતી લેખકની ચેતનાના આવિષ્કારોથી સભર છે.”*** [૧૧૧]

**ચરિત્ર નિબંધ**

**૧. મોટીબા : યોગેશ જોષી:**

યોગેશ જોષીકૃત ચરિત્રનિબંધ સંગ્રહ 'મોટીબા' નું વિવેચન વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક 'સામંજસ્ય' માં 'વીતી જતાં જમાનાનો દસ્તાવેજ' શીર્ષક હેઠળ કર્યું છે.

યોગેશ જોષીના પ્રસ્તુત ચરિત્ર નિબંધમાં 'મોટીબા' ના સામાન્ય સરેરાશ પણું ધરાવતાં વ્યક્તિત્વના ચરિત્રઆલેખન અંગે અભિપ્રાય આપતાં વિજય શાસ્ત્રી જણાવે છે કે,

> ***"વ્યક્તિ તરીકે સામાન્યતા ધરાવતા પાત્રી આલેખનરીતિ જો અસામાન્ય એવા કશાક સર્જકીય ઉન્મેષો ધરાવતી હોય તો પણ વાચક માટે તે આવકાર્ય બને છે."***[૧૧૨]

ચરિત્રલેખનમાં પ્રગટતો સામાજિક દ્દષ્ટિકોણ, સાસુ-વહુના સંબંધો, વૃદ્ધાવસ્થાથી ઉપેક્ષિતપણાનું કારુણ્ય વગેરેને 'મોટીબા' કૃતિનું જમા પાસું ગણાવીને વિજય શાસ્ત્રી આ નિબંધ સંગ્રહને બિરદાવે છે.

**૨. નામરૂપ – અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ:**

અનિરુદ્ધ બ્રહ્મભટ્ટકૃત ચરિત્રનિબંધ સંગ્રહ 'નામરૂપ' નું વિવેચન વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક 'સામંજસ્ય' માં કર્યું છે.

પ્રસ્તુત ચરિત્રનિબંધોમાં ચરિત્રલેખોમાં પ્રગટ થતી લેખકની લાક્ષણિકતા જેવી કે, મોટાભાગના પાત્રોની નિરક્ષરતા, સામાજિક પછાતપણું ગ્રામ્યતાના આવરણમાં છુપાયેલાં સંસ્કાર રત્નોના આલેખનમાં પ્રગટ થતી લેખકની સહાનુભૂતિ, પાત્રના સૂક્ષ્મચરિતનું

સત્યચરિતના દ્રાવણમાં થતું રૂપાંતર, પાત્રોની ભાષાશૈલીમાં રહેલી હળવાશ તેમજ રમૂજીપણું વગેરેની નોંધ લઇને વિજય શાસ્ત્રી ચરિત્રાત્મક નિબંધ સંગ્રહને મહત્ત્વની સાહિત્યક ઘટના ગણાવે છે.

### ૩. પારાશર્યની સત્યકથાઓ - મુકુન્દરાય પારાશર્યઃ

મુકુન્દરાય પારાશર્ય દ્વારા લિખિત વ્યક્તિચિત્રના છ પુસ્તકોઃ

૧) સત્યકથા

૨) સત્વશીલ

૩) મારાં મોટીબા અને બીજી સત્યકથાઓ

૪) સત્યકથા ભાગ-૨

૫) સત્યકથા ભાગ - ૩

૬) મારી મા

નું વિવેચન વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક ‘સામંજસ્ય’માં ‘પારાશર્યની સત્યકથાઓ : વ્યક્તિચિત્રોના નિરૂપણમાં એક અભિનવ પ્રવાહ’ શીર્ષક હેઠળ કર્યું છે.

‘સત્યકથા’ માં વામનદેહે જીવતા અકિંચન પરંતુ અંતરસંપદા ધરાવતા મનુષ્યોના ચરિત્રો સાંપડે છે. જ્યારે ‘સત્વશીલ’ સંગ્રહમાં પ્રભાશંકર પટ્ટણીના ચરિત્રના વિવિધ પાસાઓ અને ભાણા ભટ્ટની કથાઓમાં રહેલું ‘સત્ય’ ધ્યાનાર્હ બની રહે છે. ‘મારા મોટીબા અને બીજી સત્યકથાઓ’ માં ‘મોટીબા’ અને ‘નબૂ’ના ચરિત્રોમાં રહેલી અજોડ સંવેદનાની સચ્ચાઇ અને લેખકની રસપ્રદ નિરૂપણરીતિની વિજય શાસ્ત્રીએ નોંધ લીધી છે. સત્યકથા ભાગ-૨ માં રહેલી લેખકની જીવનકથા ભાગ-૨ માં રહેલી લેખકની જીવનદષ્ટિ અને અહોભાવપૂર્વક લખાયેલી સયાજીરાવની કથાના વર્ણનની તેમજ શાસ્ત્રાર્થ, બ્રહ્માંડ,

શુક્લ-અશુક્લ, અસ્પૃશ્યતા વગેરે અંગે પ્રગટ થતી લેખકની વૈ[redacted] ત્યે વિજય શાસ્ત્રીએ અત્રે ધ્યાન દોર્યું છે. 'મારી મા' સંગ્રહ નિમિતે લેખકે પ્રગટ કરેલ માતા પ્રત્યેનો અહોભાવ તેમજ એ નિમિત મધ્યમવર્ગીય સન્નારીમાં રહેલ વનસ્પતિપ્રે[redacted]
દોહનકલા વિશે પણ વિજય શાસ્ત્રીએ ધ્યાન દોરીને લેખકની નિરૂપણ શૈલી વિશે નોંધે છે કે,

***"કશાને વિશે કયાંય વધુ કે ઘાટું ન લખાઇ જાય એની ચીવટ અને ચિંતા તેમના શબ્દમાં રહેલી છે. તમામ પાત્રોને તેઓ હોય એટલાં જ પરિમાણમાં ઉપસાવવાની પ્રતિજ્ઞા જાણે કે યથાર્થ કરી છે."***[૧૧૩]

**૪. કવિચરિત્ર - નર્મદઃ**

નર્મદકૃત 'કવિચરિત્ર' નું વિવેચન વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુ[redacted] 'કૃતિગત' માં કર્યું છે.

નરસિંહથી દયારામ સુધીની ૧૪ મુખ્ય કવિઓના ચરિત્રો નર્મદે આપ્યા છે. તેની વિગત આપતા વિજય શાસ્ત્રી નોંધે છે કે,

***" આ પ્રકારના લેખનોની કોઇ પૂર્વપરંપરા નહોતી તે સંદર્ભે નર્મદનું આ કાર્ય ઐતિહાસિક મૂલ્યવાળું ગણાય."***[૧૧૪]

***"કૃતિના નોખાં માળખા અને નોખી લાક્ષણિકતા માન્ય કરવાના બદલે નર્મદ પોતાના જ માપદંડોથી તે મૂલવે છે. એ તેની વિવેચકીય ક્ષતિનું દ્યોતક ગણાય."***[૧૧૫]

નર્મદના ગ્[redacted]
શાસ્ત્રીએ તટસ્થતાપૂર્વક નિરીક્ષણ આપ્યું છે.

## રેખાચિત્ર

### ૧. માનવતાનાં ભેરું - ભગીરથ બ્રહ્મભટ્ટઃ

ભગીરથ બ્રહ્મભટ્ટકૃત રેખાચિત્ર સંગ્રહ 'માનવતાનાં ભેરું' નું વિવેચન વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક 'બાવનનો સઘળો વિસ્તાર' પુસ્તકમાં "ચીથરે ઢાંકયા રતનનો ઝળહળાટ" શીર્ષક હેઠળ કર્યું છે.

ભગીરથ બ્રહ્મભટ્ટે જીવતા જાગતા પાત્રોમાં રસ દાખવી એમને જેવા છે તેવા સ્વરૂપે મેલોડ્રામા વિના જ નિરૂપ્યા છે. એ અંગે વિજય શાસ્ત્રી આ સમીક્ષામાં સંક્ષિપ્ત નોંધ લીધી છે. વ્યક્તિચિત્રોનો પરિચય કે અન્ય વિગતો વિશે વિશેષ માહિતી ન આપતા લેખકની સીધી સાદી પરંતુ સચોટ નિરૂપણ શૈલીને બિરદાવી છે.

## લેખસંગ્રહ

### ૧. નીરખને - મંજુ ઝવેરીઃ

મંજુ ઝવેરીકૃત 'નીરખને' લેખસંગ્રહનું વિવેચન વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક 'બાવનનો સઘળો વિસ્તાર' માં 'અસ્તિત્વબોધની તાત્વિક સમસ્યાઓને લગતા લેખો' શીર્ષક હેઠળ કર્યું છે.

પચાસેક જેટલાં લખાણોને સમાવેશ કરતાં આ ગ્રંથમાં લેખિકાએ એક નવી જ વૈચારિક આબોહવા ઊભી કરી છે. એ વિશે વિજય શાસ્ત્રીએ છણાવટ કરી છે. કાફકા, કુન્દેર, સાર્ત્ર જેવા સર્જકચિંતકોના મૂળભૂત દર્શન ચિંતનનો પરિચય, નારીવાદી વિચાર વલણોના સંદર્ભમાં 'સાત પગલાં આકાશમાં' ની ક્ષતિઓ, 'મંદારમાલા' માં દર્શકે દોસ્તોયવ્સ્કીની કૃતિ 'ક્રાઇમ એન્ડ પનિશમેન્ટ' સામે દર્શાવેલી નારાજગી વગેરે વિશે સંક્ષિપ્તમાં નોંધ લઇ વિજય શાસ્ત્રી લેખિકાની આગવી શૈલી તેમજ વૈચારિક સજ્જતાને બિરદાવે છે.

### હાસ્યલેખ/નિબંધ

### ૧. હિંડોળો ઝાકમઝોળ - બકુલ ત્રિપાઠીઃ

બકુલ ત્રિપાઠીકૃત હાસ્યનિબંધ સંગ્રહ ‘હિંડોળો ઝાકમઝોળ’ નું વિવેચન વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક ‘બાવનનો સઘળો વિસ્તાર’ માં કર્યું છે.

સામાન્ય રીતે તુચ્છ લાગતા વિષયોમાં પણ હાસ્ય નિપજાવી નક્કર પરિસ્થિતિ પરત્વે વ્યંગ કરવાની ક્ષમતાવાળા લેખો જેવા કે, ‘થેંક્યું ફેંકાફેક’ માં રહેલી ઉપરછલ્લી શિષ્ટતા, ‘ઓળખાણ’ લેખમાં અસંખ્ય ઓળખાણ ધરાવતા પણ કામની ગેરંટી નહિ આપતા સેવંતીલાલની પોકળતા બોલો, શા ખબર છે?’ તેમજ ‘આભાર નો ભાર’ માં મેનરિઝમ વગેરેની નમૂનારૂપ ચર્ચા કરતાં વિજય શાસ્ત્રી જણાવે છે કે,

> ***“આ નિબંધોનો પિંડ મોટાભાગે આપણી આસપાસના, અતિપરિચિત એવા પાત્રો અને ચરિત્રોના વ્યંગ્યચિત્રો અને ઠઠ્ઠાચિત્રોથી બંધાયો છે. એ સાચું છે, પણ માનવીય ધૂર્તતા, દંભ અને મેનરિઝમનૂં થી વ્યક્ત કરે છે.”[૧૧૬]***

### ૨. હૈયુ ખોલીને હસીએ - બકુલ ત્રિપાઠીઃ

બકુલ ત્રિપાઠીકૃત હાસ્યનિબંધ સંગ્રહ ‘હૈયુ ખોલીને હસીએ’નું વિવેચન વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક ‘બાવનનો સઘળો વિસ્તાર’માં ‘રાજકારણ સમાજકારણનો દસ્તાવેજ’ શીર્ષક હેઠળ કર્યું છે.

ઉપરોક્ત નિબંધસંગ્રહમાં બધા લેખો બકુલ ત્રિપાઠીએ અખબારમાં કોલમસ્વરૂપે સાંપ્રત રાજકીય ઘટનાઓ તિભાવરૂપે લખ્યા હોવાથી એમાં રાજકારણ-સમાજકારણનું વરવું ચિત્ર ઉપસેલું છે. અત્રે વિજય શાસ્ત્રીએ લેખસંગ્રહના હાસ્યનિબંધોમાં બ તિભાવ વિશાળ

વાચક વર્ગને ધ્યાને રાખીને આપ્યો હોવાથી સૂક્ષ્મ હાસ્ય નહિવત્ પ્રગટ છે. જ્યારે સ્થૂળ હાસ્યની ભરમાર વધારે છે. એવી તાટસ્થ્યપૂર્ણ નોંધ અત્રે વિજય શાસ્ત્રીએ લીધી છે.

### ૩. સરવાળે ભાગાકાર – નિરંજન ત્રિપાઠી:

નિરંજન ત્રિપાઠીકૃત હાસ્યલેખ સંગ્રહ ‘સરવાળે ભાગાકાર’નું વિવેચન વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક ‘સામંજસ્ય’ માં ‘સતવાળો હાસ્યકાર’ શીર્ષક હેઠળ કર્યું છે.

સામાજિક-રાજકીય દંભ, વિડંબનાઓ, વિચિત્રતાઓ વગેરેનું આલેખન અને એમાં થતી અતિશયોક્તિ તેમજ ક્યારેક હાસ્ય વિભાવ ઉપસાવવાનો આયાસ વગેરેની નોંધ લઇને એમાં માનવી પ્રત્યે રહેલાં સમભાવના તત્વ માટે વિજય શાસ્ત્રી લેખકને અભિનંદનના અધિકારી ગણાવીને ‘સતવાળો હાસ્યકાર’ ઠેરવે છે.

### ૪. હાસ્ય શરદની સાથે – શરદ જોષી – અનુ. મહેશ દવે:

શરદ જોષીકૃત અને મહેશ દવે દ્વારા અનુવાદિત હાસ્યલેખ સંગ્રહ ‘હાસ્ય શરદની સાથે ’ નું વિવેચન વિજય શાસ્ત્રીએ એમના વિવેચનપુસ્તક ‘સામંજસ્ય’માં કર્યું છે.

શરદ જોષી હિન્દી ભાષાના સમર્થ વ્યંગલેખક હતા. એમના પ્રસ્તુત

સાહિત્ય, શિક્ષણ, વહીવટીતંત્ર, રાજકારણ, જાહેર સંસ્થાઓમાં સપડાતા માનવી પ્રત્યેની સંવેદના, સૂક્ષ્મ સંવેદન અને સૂક્ષ્મ હાસ્ય સાથે કેવી રીતે પ્રગટ થાય છે. એની તેમજ આવા ઉત્તમ અનુવાદ માટે મહેશ દવેની અનુવાદ શૈલીની વિજય શાસ્ત્રીએ અત્રે પ્રસંશાપૂર્વક નોંધ લીધી છે.

# પાદટીપ

| ક્રમ | કર્તાનું નામ | કૃતિનું નામ | આવૃતિ વર્ષ | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|---|---|
| ૧ | વિજય શાસ્ત્રી | ‘બાવનનો સઘળો વિસ્તાર, | ૨૦૦૦ | ૦૮ |
| ૨ | એજન, | - | - | ૧૪ |
| ૩ | એજન, | - | - | ૨૭ |
| ૪ | વિજય શાસ્ત્રી | ‘કાવ્યરસ’ | ૧૯૯૩ | ૪૧ |
| ૫ | એજન, | - | - | ૧૧ |
| ૬ | એજન, | - | - | ૨૨ |
| ૭ | એજન, | - | - | ૨૮ |
| ૮ | વિજય શાસ્ત્રી | ‘બાવનનો સઘળો વિસ્તાર, | ૨૦૦૦ | ૪૫ |
| ૯ | એજન, | - | - | ૫૫ |
| ૧૦ | એજન, | - | - | ૬૮ |
| ૧૧ | એજન, | - | - | ૬૯ |
| ૧૨ | વિજય શાસ્ત્રી | ‘કથા પ્રત્યક્ષ’ | ૧૯૯૦ | ૧૨ |
| ૧૩ | એજન, | - | - | ૬૯ |
| ૧૪ | એજન, | - | - | ૭૧ |
| ૧૫ | વિજય શાસ્ત્રી | ‘કૃતિગત’ | ૨૦૧૪ | ૭૫ |
| ૧૬ | એજન, | - | - | ૭૮ |
| ૧૭ | એજન, | - | - | ૮૦ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૮ | એજન, | - | - | ૮૧ |
| ૧૯ | એજન, | - | - | ૮૨ |
| ૨૦ | એજન, | - | - | ૮૭ |
| ૨૧ | એજન, | - | - | ૯૨ |
| ૨૨ | વિજય શાસ્ત્રી | 'ત્રેપનમો જાણ્યો પાર' | ૨૦૦૨ | ૯૬ |
| ૨૩ | વિજય શાસ્ત્રી | 'કથા પ્રત્યક્ષ' | ૧૯૯૦ | ૫૨ |
| ૨૪ | વિજય શાસ્ત્રી | 'સામંજસ્ય' | ૨૦૦૪ | ૧૪૫ |
| ૨૫ | વિજય શાસ્ત્રી | 'કથા પ્રત્યક્ષ' | ૧૯૯૦ | ૦૬ |
| ૨૬ | એજન, | - | - | ૦૮ |
| ૨૭ | એજન, | - | - | ૨૦ |
| ૨૮ | વિજય શાસ્ત્રી | 'બાવનનો સઘળો વિસ્તાર, | ૨૦૦૦ | ૧૮૫ |
| ૨૯ | એજન, | - | - | ૨૦૧ |
| ૩૦ | એજન, | - | - | ૨૧૧ |
| ૩૧ | એજન, | - | - | ૨૧૮ |
| ૩૨ | એજન, | - | - | ૨૨૦ |
| ૩૩ | એજન, | - | - | ૨૨૩ |
| ૩૪ | એજન, | - | - | ૨૨૮ |
| ૩૫ | એજન, | - | - | ૨૩૪ |
| ૩૬ | વિજય શાસ્ત્રી | 'સામંજસ્ય' | ૨૦૦૪ | ૧૭૬ |
| ૩૭ | વિજય શાસ્ત્રી | 'બાવનનો સઘળો વિસ્તાર, | ૨૦૦૦ | ૨૦૮ |
| ૩૮ | વિજય શાસ્ત્રી | 'કથા પ્રત્યક્ષ' | ૧૯૯૦ | ૧૪૨ |

| | | | | |
|---|---|---|---|---|
| ૩૯ | એજન, | - | - | ૧૪૫ |
| ૪૦ | એજન, | - | - | ૧૫૮ |
| ૪૧ | એજન, | - | - | ૧૬૨ |
| ૪૨ | એજન, | - | - | ૧૬૫ |
| ૪૩ | એજન, | - | - | ૧૭૯ |
| ૪૪ | એજન, | - | - | ૧૮૪ |
| ૪૫ | એજન, | - | - | ૧૦૮ |
| ૪૬ | એજન, | - | - | ૧૩૧ |
| ૪૭ | એજન, | - | - | ૧૩૬ |
| ૪૮ | એજન, | - | - | ૧૩૯ |
| ૪૯ | વિજય શાસ્ત્રી | 'ચાર વાર્તાકારોઃએક અભ્યાસ' | ૨૦૦૭ | ૧૪ |
| ૫૦ | એજન, | - | - | ૧૪ |
| ૫૧ | એજન, | - | - | ૧૬ |
| ૫૨ | એજન, | - | - | ૨૯ |
| ૫૩ | એજન, | - | - | ૩૪ |
| ૫૪ | એજન, | - | - | ૫૪ |
| ૫૫ | એજન, | - | - | ૫૮ |
| ૫૬ | એજન, | - | - | ૯૧ |
| ૫૭ | એજન, | - | - | ૯૬ |
| ૫૮ | એજન, | - | - | ૯૬ |
| ૫૯ | એજન, | - | - | ૧૦૩ |

| | | | | |
|---|---|---|---|---|
| ૬૦ | એજન, | - | - | ૧૦૮ |
| ૬૧ | એજન, | - | - | ૧૧૨ |
| ૬૨ | એજન, | - | - | ૧૧૭ |
| ૬૩ | એજન, | - | - | ૧૨૫ |
| ૬૪ | એજન, | - | - | ૧૩૨ |
| ૬૫ | એજન, | - | - | ૧૩૪ |
| ૬૬ | એજન, | - | - | ૧૩૬ |
| ૬૭ | એજન, | - | - | ૧૩૭ |
| ૬૮ | એજન, | - | - | ૧૫૦ |
| ૬૯ | એજન, | - | - | ૧૫૦ |
| ૭૦ | એજન, | - | - | ૧૫૬ |
| ૭૧ | એજન, | - | - | ૧૫૭ |
| ૭૨ | એજન, | - | - | ૧૬૨ |
| ૭૩ | એજન, | - | - | ૧૬૫ |
| ૭૪ | એજન, | - | - | ૧૬૫ |
| ૭૫ | એજન, | - | - | ૧૭૬ |
| ૭૬ | એજન, | - | - | ૧૮૫ |
| ૭૭ | એજન, | - | - | ૨૦૦ |
| ૭૮ | એજન, | - | - | ૨૦૮ |
| ૭૯ | એજન, | - | - | ૨૧૮ |
| ૮૦ | એજન, | - | - | ૨૨૦ |

| | | | | |
|---|---|---|---|---|
| ૮૧ | એજન, | - | - | ૨૨૫ |
| ૮૨ | એજન, | - | - | ૨૩૨ |
| ૮૩ | એજન, | - | - | ૨૩૯ |
| ૮૪ | એજન, | - | - | ૨૫૨ |
| ૮૫ | એજન, | - | - | ૨૬૩ |
| ૮૬ | એજન, | - | - | ૨૬૯ |
| ૮૭ | એજન, | - | - | ૨૮૨ |
| ૮૮ | એજન, | - | - | ૨૮૭ |
| ૮૯ | વિજય શાસ્ત્રી | 'કથા પ્રત્યક્ષ' | ૧૯૯૦ | ૧૦૫ |
| ૯૦ | એજન, | - | - | ૧૦૯ |
| ૯૧ | એજન, | - | - | ૧૨૧ |
| ૯૨ | એજન, | - | - | ૧૨૭ |
| ૯૩ | વિજય શાસ્ત્રી | 'કૃતિગત' | ૨૦૧૪ | ૨૦ |
| ૯૪ | વિજય શાસ્ત્રી | 'ત્રેપનમો જાણ્યો પાર' | ૨૦૦૨ | ૨૮ |
| ૯૫ | એજન, | - | - | ૩૧ |
| ૯૬ | એજન, | - | - | ૪૯ |
| ૯૭ | એજન, | - | - | ૭૧ |
| ૯૮ | વિજય શાસ્ત્રી | 'સામંજસ્ય' | ૨૦૦૪ | ૪૬ |
| ૯૯ | એજન, | - | - | ૬૭ |
| ૧૦૦ | એજન, | - | - | ૬૮ |
| ૧૦૧ | એજન, | - | - | ૭૮ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૦૨ | એજન, | - | - | ૮૯ |
| ૧૦૩ | એજન, | - | - | ૯૨ |
| ૧૦૪ | વિજય શાસ્ત્રી | ‘બાવનનો સઘળો વિસ્તાર, | ૨૦૦૦ | ૯૧ |
| ૧૦૫ | વિજય શાસ્ત્રી | ‘સામંજસ્ય’ | ૨૦૦૪ | ૧૩૧ |
| ૧૦૬ | વિજય શાસ્ત્રી | ‘ત્રેપનમો જાણ્યો પાર’ | ૨૦૦૨ | ૭૨ |
| ૧૦૭ | એજન, | - | - | ૭૮ |
| ૧૦૮ | એજન, | - | - | ૧૯ |
| ૧૦૯ | એજન, | - | - | ૮૯ |
| ૧૧૦ | વિજય શાસ્ત્રી | ‘સામંજસ્ય’ | ૨૦૦૪ | ૧૩૪ |
| ૧૧૧ | એજન, | - | - | ૧૩૭ |
| ૧૧૨ | એજન, | - | - | ૧૨૦ |
| ૧૧૩ | એજન, | - | - | ૧૧૬ |
| ૧૧૪ | વિજય શાસ્ત્રી | ‘કૃતિગત’ | ૨૦૧૪ | ૪૧ |
| ૧૧૫ | એજન, | - | - | ૪૩ |
| ૧૧૬ | વિજય શાસ્ત્રી | ‘બાવનનો સઘળો વિસ્તાર, | ૨૦૦૦ | ૧૭૬ |